RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ જેઠ વદ - ૧૦ | શુક્રવાર તા.૧૦-૦૭-૨૦૨૬ | અંક : ૧૭ વર્ષ : ૨૨ | email :rajkot@aaspassindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# ઓસ્ટ્રેલિયાની બિગ બેશ લીગ હવે ભારતમાં રમાશે

## ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે રમત-ગમત ક્ષેત્રે થશે નવા અધ્યાયનો પ્રારંભ : ચેન્નઈના ચેપોક સ્ટેડિયમ ખાતે રમાશે ટુર્નામેન્ટ



મેલબોર્ન,
ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના રમતગમતના સંબંધોમાં એક નવો અને ઐતિહાસિક અધ્યાય ઉમેરાવા જઈ રહ્યો છે. ઓસ્ટ્રેલિયાની પ્રખ્યાત ટી૨૦ ટૂર્નામેન્ટ બિગ બૅશ લીગની આગામી ૨૦૨૬-૨૭ સીઝનની શરૂઆત ભારતમાં થશે. ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થની અલ્બાનિઝે શુક્રવારે તેમની ત્રણ દિવસીય ભારત મુલાકાતના અંતિમ દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મળીને આ મોટી જાહેરાત કરી છે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના જણાવ્યા અનુસાર, બિગ બૅશ લીગ ૧૬નો આ પ્રથમ ઐતિહાસિક ઓપનિંગ મુકાબલો ડિસેમ્બરમાં ચેન્નાઈના પ્રખ્યાત એમ.એ. ચિદમ્બરમ સ્ટેડિયમ (ચેપોક) ખાતે રમાશે.

આ મેચ બિગ બૅશ લીગના ઈતિહાસમાં ઓસ્ટ્રેલિયાની બહાર રમાનારી સૌપ્રથમ મેચ હશે. ૧૨ ડિસેમ્બરે રમાનારા આ ઐતિહાસિક મુકાબલામાં મેલબોર્ન રેનેગેડ્સ અને પર્થ સ્કોર્ચર્સની ટીમો સામસામે ટકરાશે, જેમાં મેલબોર્ન રેનેગેડ્સને 'હોમ ટીમ' (મેજબાન ટીમ) ગણવામાં આવશે. આ અવસરે બંને દેશોના વડાપ્રધાનોએ રમતગમતના ક્ષેત્રમાં સહયોગ વધારવા માટે એક વિશેષ 'રોડમેપ' પણ જાહેર કર્યો છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચેના રમત સંબંધોને નવી ઊંચાઈઓ પર લઈ જવાનો છે.

આ નવો સ્પોર્ટ્સ રોડમેપ રમતગમતના મોટા આયોજનોમાં ઓસ્ટ્રેલિયાની નિપુણતા અને રમત ક્ષેત્રે ભારતની વધતી આકાંક્ષાઓને એક મંચ પર લાવશે. તેનાથી બંને દેશો વચ્ચે વેપાર, પ્રવાસન (ટૂરિઝમ) અને રોકાણના નવા દ્વાર ખુલશે. આ અંતર્ગત ક્ષમતા નિર્માણ, સ્પોર્ટ્સ સાયન્સ, ટેક્નોલોજી રિસર્ચ અને ઈન્ડસ્ટ્રી ઈન્વેસ્ટમેન્ટ જેવા મુખ્ય ક્ષેત્રો પર વિશેષ ધ્યાન આપવામાં આવશે.

આ રોડમેપ આગામી સમયમાં આંતરરાષ્ટ્રીય રમત સ્પર્ધાઓના આયોજન માટે ખૂબ મહત્વનો સાબિત થશે, કારણ કે ઓસ્ટ્રેલિયા ૨૦૩૨ ઓલિમ્પિક અને પેરાલિમ્પિક ગેમ્સની યજમાનીની તૈયારી કરી રહ્યું છે, જ્યારે ભારત ૨૦૩૦માં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સના ઐતિહાસિક શતાબ્દી સંસ્કરણની યજમાની માટે સજ્જ થઈ રહ્યું છે. ઓસ્ટ્રેલિયાના પીએમ અલ્બેનિઝે જણાવ્યું હતું કે, "ભારત અને ઓસ્ટ્રેલિયા બંને રમતો પ્રત્યે ઊંડો જુસ્સો ધરાવે છે. આ નવો સ્પોર્ટ્સ રોડમેપ અમારા દ્વિપક્ષીય સંબંધોની આ મહત્વની કડીને વધુ મજબૂત બનાવશે અને વેપાર તેમજ પ્રવાસનને વેગ આપશે."



ક્રિકેટ,હોકી,ફુટબોલ સહિતની રમતો માટે ચાહકોમાં અલગ લગાવ હોય છે.દક્ષિણ લંડનમાં ઓલ ઈંગ્લેન્ડ લોન ટેનિસ ક્લબ ખાતે વિમ્બલ્ડન ચેમ્પિયનશિપના પહેલા દિવસે ટેનિસ દર્શકોની કતાર જોવા મળી હતી.

# ટીએમસીના ત્રણ બાગી નેતાઓને ભાજપે રાજ્યસભાના ઉમેદવાર બનાવ્યા

## ભાજપે રાજ્યસભા બેઠકની પેટા ચૂંટણી માટે ઉમેદવારોની યાદી જાહેર કરી

કોલકાતા,
ભાજપની કેન્દ્રીય ચૂંટણી સમિતિએ પશ્ચિમ બંગાળમાં થઈ રહેલ રાજ્યસભાની પેટાચૂંટણીમાં પોતાના ત્રણ ઉમેદવારોની નામ જાહેર કરી દીધા છે. મહત્વની વાત એ છે કે, આમાં ટીએમસીના બાગી નેતાઓને સ્થાન આપવામાં આવ્યું છે. ભાજપે પશ્ચિમ બંગાળથી ટીએમસીમાંથી બગાવત કરીને આવેલા નેતા સુષ્મિતા દેવ, સુખેંદુ શેખર રોય અને પ્રકાશ ચિક બરાઈકને પોતાના ઉમેદવાર જાહેર કર્યાં છે. પશ્ચિમ બંગાળમાં આ ત્રણ રાજ્યસભા બેઠકો પર પેટાચૂંટણી માટે મતદાન અને મતગણતરી ૨૪ જુલાઈએ થશે. પેટાચૂંટણી માટે જાહેરનામું ૭ જુલાઈએ બહાર પાડવામાં આવશે. નામાંકન દાખલ કરવાની અંતિમ તારીખ ૧૪ જુલાઈ છે, અને નામાંકન પત્રોની ચકાસણી ૧૫ જુલાઈએ થશે. ભાજપના ઉમેદવારો ત્રણેય બેઠકો જીતે તેવી શક્યતા છે. વિધાનસભાની સંખ્યાની વાત કરીએ તો, ભાજપ પાસે હાલમાં ૨૦૮ ધારાસભ્યો છે. ભાજપના ઉમેદવારને હરાવવા માટે વિપક્ષી ઉમેદવારને ઓછામાં ઓછા ૭૦ મતોની જરૂર પડશે. તાજેતરની ચૂંટણીમાં તૃણમૂલ કોંગ્રેસે ૮૦ બેઠકો જીતી હતી. જોકે, આમાંથી ૬૦ ધારાસભ્યોએ ઋતબ્રત બેનર્જીના નેતૃત્વમાં એક અલગ જૂથ બનાવ્યું છે, જેના કારણે મમતા બેનર્જી પાસે ફક્ત ૨૦ ધારાસભ્યો રહ્યા છે.આ ત્રણેય નેતા ટીએમસીમાંથી બગાવત કરીને ભાજપમાં આવ્યાં છે. ગયા મહિને ટીએમસીમાંથી રાજીનામું આપ્યાં બાદ આજે સત્તાવાર રીતે ભાજપમાં સામેલ થઈ ગયાં છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે સુખેંદુ શેખર રોયે ૮ જૂન, સુષ્મિતા દેવે ૧૦ જૂન અને પ્રકાશ ચિક બરાઈકે ૧૧ જૂની ટીએમસીમાંથી રાજીનામું આપી દીધું હતું.

# ભારતમાં પ્રતિદિન ૨૫ શાળાઓને લાગે છે અલીગઢી તાળા : નીતિ આયોગનો રિપોર્ટ

## ભારતમાં છેલ્લા ૧૦ વર્ષમાં ૯૪ હજાર શાળાઓ બંધ થઈ : ગ્રામીણ ભારતમાં શાળાકીય શિક્ષણ વ્યવસ્થા નિમ્નસ્તરે પહોંચી

નવી દિલ્હી,
નીતિ આયોગ દ્વારા ભારતીય શિક્ષણ વ્યવસ્થા અંગે તાજેતરમાં જાહેર કરવામાં આવેલો એક અહેવાલ ભારે ચોંકાવનારો છે. 'સ્કૂલ એજ્યુકેશન સિસ્ટમ ઈન ઈન્ડિયાઃ ટેમ્પોરલ એનાલિસિસ એન્ડ પોલિસી રોડમેપ ફોર ક્વોલિટી એનહાંસમેન્ટ' શીર્ષક હેઠળના આ રિપોર્ટમાં ખુલાસો થયો છે કે, છેલ્લા ૧૦ વર્ષમાં દેશભરમાંથી ૯૪,૦૦૦ જેટલી સરકારી શાળાઓ નામશેષ થઈ ગઈ છે. શિક્ષણ જગતમાં ચિંતાની લહેર જગાડતા આ આંકડા સ્પષ્ટ કરે છે કે, ગ્રામીણ ભારતમાં શાળાકીય શિક્ષણ અત્યારે એક મોટા સંકટમાંથી પસાર થઈ રહ્યું છે.રિપોર્ટના ચોંકાવનારા આંકડા



દર્શાવે છે કે છેલ્લા ૧૦ વર્ષમાં ભારતમાં દરરોજ સરેરાશ ૨૫ શાળાઓ બંધ થઈ છે, જેમાં સૌથી મોટો હિસ્સો સરકારી શાળાઓનો છે.સરકારી શાળાઓમાં ઘટાડોઃ વર્ષ ૨૦૧૪-૧૫માં દેશમાં સરકારી શાળાઓની સંખ્યા ૧૧.૦૭ લાખ હતી, જે વર્ષ ૨૦૨૪-૨૫માં ઘટીને ૧૦.૧૩ લાખ થઈ ગઈ છે.સરકારી સહાયતા મેળવતી સ્કૂલોઃ આ જ ગાળામાં સરકારી સહાયતા મેળવતી શાળાઓની સંખ્યા પણ ૮૩,૦૦૦થી ઘટીને ૭૯,૦૦૦ થઈ ગઈ છે.ખાનગી શાળાઓમાં ઉછાળોઃ આનાથી તદ્દન વિપરીત, આ ૧૦ વર્ષના ગાળામાં ખાનગી શાળાઓની સંખ્યા ૨.૮૮ લાખથી વધીને ૩.૩૯ લાખ પર પહોંચી ગઈ છે.એડમિશનમાં મોટો ઘટાડોઃ શાળાઓ બંધ થવાના કારણે વિદ્યાર્થીઓનો કુલ એડમિશન આંકડો ૨.૨૬ કરોડ જેટલો ઘટી ગયો છે.નીતિ આયોગના અહેવાલ મુજબ, વર્ષ ૨૦૧૪-૧૫માં દેશની શાળાઓમાં કુલ ૨૬.૯૫ કરોડ વિદ્યાર્થીઓ નોંધાયેલા હતા, જે વર્ષ ૨૦૨૪-૨૫માં ઘટીને ૨૪.૬૯ કરોડ થઈ ગયા કેન્દ્ર સરકાર અને નીતિ આયોગ દ્વારા ઓછી સંખ્યા ધરાવતી આસપાસની શાળાઓને એકબીજા સાથે જોડવા માટે 'સ્કૂલ કન્સોલિડેશન' એટલે કે શાળાઓના વિલીનીકરણની નીતિ અપનાવવામાં આવી છે.પ્રાથમિક શિક્ષણ બાદ વિદ્યાર્થીઓ દ્વારા ભણવાનું છોડી દેવાના ટ્રેન્ડ પર રિપોર્ટમાં ઊંડી ચિંતા વ્યક્ત કરવામાં આવી છેઃએટલું જ નહી, ધોરણ ૮માંથી ૯માં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓનો દર પણ વર્ષ ૨૦૧૪-૧૫ના ૯૧.૫૮%થી ઘટીને વર્ષ ૨૦૨૪-૨૫માં ૮૬.૬% રહી ગયો છે. પુડુચેરી અને કેરળ જેવા રાજ્યોમાં આ દર ૯૯.૬% જેટલો ઉત્તમ છે, પરંતુ બિહાર, ઉત્તર પ્રદેશ, ઝારખંડ, મધ્ય પ્રદેશ, મેઘાલય, મિઝોરમ, અરુણાચલ પ્રદેશ અને નાગાલેન્ડ જેવા રાજ્યોમાં આ સ્થિતિ ઘણી ચિંતાજનક છે.

# ઈરાન ગમે ત્યારે ટ્રમ્પની હત્યા કરાવશે

## ઈરાન અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની હત્યાનું કાવતરું ઘડી રહ્યું હોવાનો ઈઝરાયેલનો દાવો : ટ્રમ્પે પણ પોતાની હત્યા થશે તેવી ભીતિ વ્યક્ત કરી

વોશિંગ્ટન,
અમેરિકન અખબાર વોલ સ્ટ્રીટ જર્નલે શુક્રવારે એક અહેવાલમાં દાવો કર્યો હતો કે ઈઝરાયલી સરકારે અમેરિકા સાથે ગુપ્ત માહિતી શેર કરી હતી. આ માહિતીમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે ઈરાન અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની હત્યાનું કાવતરું ઘડી રહ્યું છે. જો પુષ્ટિ થાય છે, તો આ ગુપ્ત માહિતી એવા સમયે આવી છે જ્યારે અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ વધી રહ્યો છે, બંને પક્ષો એકબીજાના સ્થાનો પર હવાઈ હુમલા કરી રહ્યા છે.

ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ કુદ્સ ફોર્સના ભૂતપૂર્વ કમાન્ડર કાસિમ સુલેમાનીની હત્યાનો બદલો લેવાની પ્રતિજ્ઞા લીધી છે. ડોનાલ્ડ ટ્રમ્પના પહેલા કાર્યકાળ દરમિયાન સુલેમાનીની હત્યા કરવામાં આવી હતી. ટ્રમ્પે સુલેમાનીની હત્યા માટે ડ્રોન હુમલાનો આદેશ આપ્યો હોવાથી, ઈરાનના આઈઆરજીસીએ ટ્રમ્પને જવાબદાર ઠેરવ્યા છે. અન્ય એક અમેરિકન અખબાર, સીએનએન, એ પણ આ અહેવાલની પુષ્ટિ કરી છે, જેમાં દાવો કરવામાં આવ્યો છે કે ઈઝરાયલે આ અઠવાડિયે અમેરિકાને ગુપ્ત માહિતી પૂરી પાડી હતી. યુએસ ગુપ્તચર એજન્સીઓ પણ આવા ખતરા પ્રત્યે સતર્ક છે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે યુએસ અધિકારીઓ માને છે કે ઈઝરાયલી ગુપ્તચર એજન્સીઓ ઈરાન વિરુદ્ધ નિર્ણય લેવાની ટ્રમ્પની ક્ષમતાને પ્રભાવિત કરવા



માટે આવા મૂલ્યાંકન કરી રહી હોઈ શકે છે. યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પણ ઘણી વખત કહ્યું છે કે તેમના જીવને ઈરાનથી ખતરો છે. તુર્કીના અંકારામાં નાટો સમિટ દરમિયાન મીડિયા સાથે વાત કરતા ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, "તેઓ અમેરિકન નેતાઓને મારવા માંગે છે અને તેઓ મને પણ મારવા માંગે છે. હું તેમની હિટ લિસ્ટમાં ટોચ પર છું." ટ્રમ્પે કહ્યું, "હું અત્યાર સુધી આ બાબતમાં ભાગ્યશાળી રહ્યો છું, પરંતુ નસીબ કદાચ વધુ સમય સુધી મારા પક્ષમાં નહીં રહે."

# દિલ્હી-એનસીઆરમાં વરસાદે તબાહી મચાવી, રેડ એલર્ટ જારી

નવીદિલ્હી,
દેશના ઘણા ભાગોમાં સતત ભારે વરસાદને કારણે જનજીવન ખોરવાઈ ગયું છે. ભારતીય હવામાન વિભાગે આજે, ૯ જુલાઈએ અનેક રાજ્યોમાં ભારે વરસાદ, વાવાઝોડા અને ભારે પવન માટે 'લાલ' અને 'નારંગી' ચેતવણી જારી કરી છે. દિલ્હી-એનસીઆરથી મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશ સુધી, મુશળધાર વરસાદને કારણે પાણી ભરાઈ ગયા અને પૂર આવ્યું છે.મહારાષ્ટ્રમાં, ચોમાસાને કારણે નદીઓ છલકાઈ રહી છે, અને અનેક વિસ્તારોમાં ઈમારતો ધરાશાયી થવાના અને અચાનક પૂરના અહેવાલો છે. સરકારી માહિતી અનુસાર, ૧ જૂનથી રાજ્યમાં વરસાદ અને વાવાઝોડા સંબંધિત અકસ્માતોમાં ૬૨ લોકોએ જીવ ગુમાવ્યા છે અને લગભગ ૨૦૦ પશુઓ મૃત્યુ પામ્યા છે.રાષ્ટ્રીય રાજધાની દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં છેલ્લા ૨૪ કલાકથી તૂટક તૂટક ભારે વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગે આજે, ૯ જુલાઈના રોજ દિલ્હી-એનસીઆર માટે રેડ એલર્ટ અને કેટલાક વિસ્તારો માટે યલો એલર્ટ જારી કર્યું છે. દિલ્હીમાં આજે સવારે ૨:૩૦ થી ૫:૩૦ વાગ્યા સુધી માત્ર ત્રણ કલાકમાં ૩૪.૯ મીમી વરસાદ નોંધાયો છે.નોઈડા, ગાઝિયાબાદ, પ્રયાગરાજ, કાનપુર અને અયોધ્યા સહિત ઉત્તર પ્રદેશના અનેક જિલ્લાઓમાં ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે.બિહારના અનેક જિલ્લાઓમાં, જેમાં પટના, વૈશાલી, ભાગલપુર અને સિવાનનો સમાવેશ થાય છે, ત્યાં ૬૫ કિમી પ્રતિ કલાકની ઝડપે ભારે વરસાદ અને પવન ફૂંકાય તેવી શક્યતા છે.રાજસ્થાનમાં આગામી બે થી ત્રણ દિવસ સુધી ચોમાસુ સક્રિય રહેશે, પરંતુ ૧૧ જુલાઈથી વરસાદની ગતિવિધિમાં ઘટાડો થવાની ધારણા છે.

# મધ્યપ્રદેશના ઉમરિયામાં માર્ગ અકસ્માત એક માસૂમ બાળક સહિત ૪ લોકોના મોત

ભોપાલ
મધ્યપ્રદેશના ઉમરિયાથી એક ખૂબ જ દુઃખદ ઘટના પ્રકાશમાં આવી છે. એક ઝડપી કાર રસ્તાની બાજુમાં ઉભેલા ટ્રક સાથે અથડાઈ, જેમાં એક જ પરિવારના ચાર સભ્યોના મોત થયા, જેમાં એક ૩ વર્ષનો બાળક પણ સામેલ છે. એક મહિલા ગંભીર રીતે ઘાયલ થઈ છે.

સુત્રો અનુસાર, મધ્યપ્રદેશના ઉમરિયા જિલ્લામાં આજે સવારે એક દુઃખદ માર્ગ અકસ્માત થયો. રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૪૩ પર પાર્ક કરેલા ટ્રક સાથે એક કાર અથડાઈ. આ ભયાનક ટક્કરમાં એક જ પરિવારના ચાર સભ્યોના મોત થયા. પોલીસના જણાવ્યા અનુસાર, આ દુઃખદ અકસ્માત ૯ જુલાઈના રોજ સવારે ૩ વાગ્યાની આસપાસ કોતવાલી પોલીસ સ્ટેશનના હદમાં આવતા ભરોલા ગામના સિદ્ધ બાબા મંદિર પાસે બન્યો હતો. ટક્કરની અસર એટલી ગંભીર હતી કે કારમાં સવાર ચાર લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે એક મહિલા ગંભીર રીતે ઘાયલ થઈ હતી. અનુપપુરનો રહેવાસી પરિવાર પરિવારના કોઈ કામ માટે જઈ રહ્યો હતો. ઉમરિયા અને કટની વચ્ચે મુસાફરી કરતી વખતે, કાર રસ્તાની બાજુમાં ઉભેલા ટ્રક સાથે અથડાઈ ગઈ.અકસ્માતની માહિતી મળતાં, પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી અને કારમાં ફસાયેલા તમામ લોકોને બચાવ્યા અને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ ગયા.

ડોક્ટરોએ ચાર લોકોને મૃત જાહેર કર્યા, જ્યારે એક મહિલા સારવાર હેઠળ છે.

# ગુરુગ્રામમાં મોડી રાત્રે પોલીસ અને ગેંગસ્ટર વચ્ચે ફાયરિંગમાં દીપક નાંદલ ગેંગના ચાર સાગરીતો ઠાર

## અન્ય એક શાર્પ શુટરને ગંભીર ઈજા : અથડામણમાં ત્રણ પોલીસ કર્મચારીઓ પણ ઈજાગ્રસ્ત

ગુરુગ્રામ,
હરિયાણાના ગુરુગ્રામમાં મોડી રાત્રે પોલીસ અને ગુનેગારો વચ્ચે ભયાનક અથડામણ થઈ હતી. ક્રાઈમ બ્રાન્ચ અને કૂખ્યાત ગેંગસ્ટર દીપક નાંદલ ગેંગ વચ્ચે થયેલા સામસામે ગોળીબારમાં ૪ બદમાશો ઘટનાસ્થળે જ ઠાર થયા છે. આ ક્રોસ ફાયરિંગમાં ગેંગનો ૧ અન્ય શૂટર ગંભીર રીતે ઘાયલ થયો છે, જ્યારે ક્રાઈમ બ્રાન્ચના ૩ પોલીસ જવાનો પણ ગોળી વાગવાથી ઈજાગ્રસ્ત થયા છે. પ્રશાસન હાલ આ સમગ્ર મામલાની ઝીણવટભરી તપાસ કરી રહ્યું છે.

દિલ્હી-એનસીઆરમાં ગુનાખોરી નાબૂદ કરવાના અભિયાન હેઠળ ગુરુગ્રામ પોલીસની ક્રાઈમ બ્રાન્ચને વિસ્તારમાં દીપક નાંદલ ગેંગના હથિયારધારી શૂટરો છુપાયા હોવાની ગુપ્ત માહિતી મળી હતી. આ ઈનપુટના આધારે પોલીસે તાત્કાલિક એક ખાસ ટીમ બનાવીને બદમાશોની ઘેરાબંધી શરૂ કરી હતી. પોલીસને જોતા જ બદમાશોએ બચવા માટે અંધાધૂંધ ફાયરિંગ શરૂ કરી દીધું હતું.

બદમાશોના હુમલા બાદ પોલીસે પણ સ્વબચાવમાં જવાબી કાર્યવાહી કરી હતી. બંને તરફથી ઘણી રાઉન્ડ ગોળીઓ છૂટતા આખો વિસ્તાર ધણધણી ઊઠ્યો હતો. આ અથડામણમાં ગેંગના ૪ શાર્પશૂટર ત્યાં જ માર્યા ગયા હતા, જ્યારે ૫મા શૂટરને ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડાયો છે, જ્યાં તે ભારે સુરક્ષા વચ્ચે સારવાર હેઠળ છે.આ લોહિયાળ મુઠભેડમાં ક્રાઈમ બ્રાન્ચના ૩ જવાનો પણ બદમાશોની ગોળીઓનો ભોગ બન્યા છે. ઘાયલ જવાનોને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. પોલીસે હાલ એન્કાઉન્ટર વાળી જગ્યાને ચારેય તરફથી સીલ કરી દીધી છે અને ઘટનાસ્થળેથી પુરાવા એકઠા કરીને આગળની સઘન તપાસ શરૂ કરી છે.

# રાજ્ય સરકારે વિકસિત ગુજરાત ડેટા સેન્ટર પોલિસી જાહેર કરી

## નવી પોલિસી હેઠળ રોકાણકારોને વિશેષ પ્રોત્સાહનો, સિંગલ-વિન્ડો મંજૂરી અને ગ્રીન એનર્જીને પ્રાધાન્ય : આગામી વર્ષોમાં ૬ લાખ કરોડ રૂપિયાનું રોકાણ થવાની ધારણા

ગાંધીનગર,

ગુજરાતને દેશનું અગ્રણી ડેટા સેન્ટર હબ બનાવવા માટે રાજ્ય સરકારે મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'વિકસિત ગુજરાત ડેટા સેન્ટર પોલિસી ૨૦૨૬-૨૯' લોન્ચ કરી છે. નવી પોલિસી હેઠળ રોકાણકારોને વિશેષ પ્રોત્સાહનો, સિંગલ-વિન્ડો મંજૂરી અને ગ્રીન એનર્જીને પ્રાધાન્ય આપવામાં આવશે. રાજ્ય સરકારના અંદાજ મુજબ આ પોલિસીથી આગામી વર્ષોમાં આશરે ૬ લાખ કરોડ રૂપિયાનું રોકાણ આકર્ષાઈ શકે છે, જે ગુજરાતના ડિજિટલ અને ઔદ્યોગિક વિકાસને નવી દિશા આપશે.

ગુજરાત સરકારે રાજ્યને ભારતનું અગ્રણી ડેટા સેન્ટર હબ બનાવવા માટે 'વિકસિત ગુજરાત ડેટા સેન્ટર પોલિસી ૨૦૨૬-૨૯' જાહેર કરી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં યોજાયેલા કાર્યક્રમમાં પોલિસીનું લોન્ચિંગ કર્યું. નવી પોલિસી અંતર્ગત સામાન્ય ઔદ્યોગિક નીતિ કરતાં વધુ આકર્ષક સબસિડી અને પ્રોત્સાહનો આપવામાં આવશે.

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું કે નવી પોલિસીથી ગુજરાતમાં અંદાજે ૬ લાખ કરોડનું રોકાણ આકર્ષાઈ શકે છે. પોલિસી જાહેર થાય તે પહેલાં જ ૧૪ કંપનીઓએ કુલ ૧૦ ગીગાવોટ ક્ષમતાવાળા ડેટા સેન્ટર માટે રસ દર્શાવ્યો છે.

ગુજરાતને દેશનું અગ્રણી ડેટા સેન્ટર હબ બનાવવા માટે જાહેર કરાયેલી નવી પોલિસી હેઠળ રોકાણકારોને સામાન્ય ઔદ્યોગિક નીતિ કરતાં વધુ આકર્ષક પ્રોત્સાહનો અને સબસિડી આપવામાં આવશે. ડેટા સેન્ટર સ્થાપવા માટે જરૂરી ભારે મૂડીરોકાણ, સતત વીજ પુરવઠો અને પાણી જેવી મૂળભૂત જરૂરિયાતો માટે રાજ્ય સરકાર વિશેષ સહાય પૂરી પાડશે. પોલિસીના અસરકારક અમલીકરણ માટે વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળનું ડિરેક્ટોરેટ ઓફ આઈસીટી એન્ડ ઈ-ગવર્નન્સ નોડલ એજન્સી તરીકે કામગીરી સંભાળશે તેમજ રોકાણકારોને તમામ મંજૂરીઓ માટે સિંગલ-વિન્ડો સુવિધા ઉપલબ્ધ કરાવશે.ડેટા સેન્ટર્સ ૨૪ કલાક સતત કાર્યરત રહેતા હોવાથી તેમાં વીજળીનો વપરાશ ખૂબ જ વધારે હોય છે. પર્યાવરણ સંરક્ષણ અને ગ્રીન ડેવલપમેન્ટને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકારે નવી ડેટા સેન્ટર પોલિસીમાં મહત્વપૂર્ણ જોગવાઈ કરી છે. તેના મુજબ દરેક ડેટા સેન્ટરે પોતાની કુલ વીજ જરૂરિયાતમાંથી ઓછામાં ઓછી ૫૧ ટકા વીજળી રિન્યુએબલ એનર્જી, એટલે કે સૌર અથવા પવન ઊર્જા જેવા સ્રોતોમાંથી મેળવવી ફરજિયાત રહેશે.

રાજ્ય સરકાર ધોલેરાને વિશ્વના અગ્રણી ડેટા સેન્ટર શહેર તરીકે વિકસાવવાના લક્ષ્ય સાથે આગળ વધી રહી છે. આ માટે સ્ટેકહોલ્ડર્સ સાથે બેઠક યોજાશે, યોગ્ય જમીનની ઓળખ કરવામાં આવશે અને પ્રોજેક્ટના ઝડપી અમલીકરણ માટે નોડલ અધિકારીઓની નિમણૂક કરવામાં આવશે.

# ઉનાવા-ઊંઝામાં કેમિકલ કલરની ભેળસેળવાળો ૨૬ ટન વરિયાળીનો જથ્થો જપ્ત કરાયો

## વરિયાળીમાં ભેળસેળ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરાશેઃ આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયા

ઊંઝા,

રાજ્યના નાગરિકોના જાહેર આરોગ્યની સુખાકારી માટે ગુજરાત સરકાર સંપૂર્ણ કટિબદ્ધ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના નેતૃત્વ હેઠળ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજ્યભરમાં ભેળસેળિયા તત્વો સામે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ અપનાવવામાં આવી રહી છે. જે અંતર્ગત તંત્રએ મહેસાણા જિલ્લાના ઊંઝા પાસે આવેલા ઉનાવા ખાતેથી કેમિકલ કલરની ભેળસેળવાળો રૂ. ૧૯.૬ લાખની કિંમતનો ૨૬ ટનથી વધુ વરિયાળીનો મોટો જથ્થો ઝડપી પાડીને કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરી છે.

આ સફળ કામગીરી અંગે વધુ વિગતો આપતા આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, ખોરાક અને ઔષધ નિયમન તંત્રની ફ્લાઈંગ સ્કોડે ઉનાવા ખાતે બે જગ્યાએ અચાનક દરોડા પાડ્યા હતા. જેમાં (૧) મે. ભાર્ગવકુમાર પ્રવીણભાઈ પટેલનું ગોડાઉન અને (૨) મે. પટેલ રાકેશકુમાર તલસીભાઈની પેઢી ગેરકાયદે પ્રવૃત્તિ કરતા ઝડપાઈ ગયા હતા. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, વરિયાળીને વધુ પડતી લીલી અને આકર્ષક બતાવવા માટે તેમાં કેમિકલયુક્ત અખાદ્ય કલરની ભેળસેળ કરવામાં આવતી હતી. આ સિવાય, આ બંને આસામીઓ પાસે ખાણી-પીણીની વસ્તુઓના ઉત્પાદન માટે જરૂરી એવું ફૂડ સેફ્ટી લાઈસન્સ પણ નહોતું. મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાએ ઉમેર્યું હતું કે, તપાસ દરમિયાન ફૂડ સેફ્ટી ઓફિસરો દ્વારા અખાદ્ય કલરની પ્રબળ શંકાના આધારે વરિયાળીના ત્રણ કાયદેસરના નમૂના લઈને લેબોરેટરીમાં વિશ્લેષણ માટે મોકલી આપવામાં આવ્યા છે.

# તાપીનો ડોસવાડા ડેમ છલકાયો, ૧૭ જેટલા ગામોને કરાયા એલર્ટ



તાપી,

છેલ્લા ૭૨ કલાકમાં જિલ્લામાં વરસેલા અવિરત વરસાદના કારણે વ્યારા તાલુકાનો ઐતિહાસિક ડોસવાડા ડેમ સંપૂર્ણ ભરાઈ ગયો છે. ડેમ તેની મહત્તમ સપાટી વટાવી ચૂક્યો હોવાથી હાલમાં પાણી ઓવરફ્લો થઈને મીંઢોળા નદીમાં વહી રહ્યું છે. ડેમ ઓવરફ્લો થવાને કારણે નીચાણ ના ૧૭ જેટલા ગામોને તકેદારીના ભાગ રૂપે એલર્ટ કરાયા.

ચોમાસાની સીઝનમાં તાપી જિલ્લામાં સતત વરસાદને કારણે વ્યારા તાલુકાનો ડોસવાડા ડેમ ૧૦૦ ટકા ક્ષમતા સાથે છલોછલ ભરાઈ ગયો છે. જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્રના જણાવ્યા મુજબ આજે સવારે ૧૦ વાગ્યે ડેમની જળસપાટી ૧૨૩.૪૬ મીટર નોંધાઈ હતી, જે તેની ભયજનક સપાટી કરતાં ૦.૦૨ મીટર વધુ છે.

અત્યાર સુધી ૫૨૭ મિલીમીટર વરસાદ નોંધાતા ડેમમાં જીવંત જળસંગ્રહ ૩.૩૩ એમસીએમ સુધી પહોંચ્યો છે.

# સુરતમાં ખાડી પૂરની સમસ્યાના કાયમી ઉકેલ માટે રાજ્ય સરકારે રૂ.૫૦૦ કરોડ ફાળવ્યા

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુરત અને નવસારીની મુલાકાત લઈ વહીવટી તંત્ર સાથે સમિક્ષા બેઠક યોજી વરસાદથી થયેલ તારાજીની વિગત મેળવી જરૂરી દિશા નિર્દેશો આપ્યા

સુરત,

ભારે વરસાદના કારણે સુરત શહેર અને આસપાસના વિસ્તારોમાં સર્જાયેલી પૂરની સ્થિતિનો તાગ મેળવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સુરત પહોંચ્યા હતા. તેમણે અલથાણ સ્થિત આઈસીસીસી- ઈન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરમાં પદાધિકારી-અધિકારીઓ સાથે રિવ્યુ બેઠક યોજીને ભારે વરસાદથી પૂરની સ્થિતિ, પાણી ઓસર્યા બાદ સાફસફાઈ, રોગ નિયંત્રણ પગલા તેમજ નુકસાનગ્રસ્ત વિસ્તારોમાં આર્થિક સહાય ચૂકવવાની કામગીરીની વિસ્તૃત સમીક્ષા કરી હતી.

મુખ્યમંત્રીએ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, કેન્દ્રીય જળશક્તિમંત્રી સી.આર.પાટીલ, નાણા અને સુરત જિલ્લા પ્રભારી મંત્રી કનુભાઈ દેસાઈ અને આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરિયાની ઉપસ્થિતિમાં સુરત શહેર અને જિલ્લાના અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત, બચાવ કામગીરીની પ્રગતિ અને નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે કરવામાં આવી રહેલી કામગીરીની વિગતવાર જાણકારી મેળવી હતી અને જનજીવનની સ્થિતિ પૂર્વવત કરવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે તમામ વરસાદી અસરગ્રસ્તોને ઝડપભેર કેશ ડોલ્સ અને ઘરવખરી સહાયની ચૂકવણી કરવાના દિશાનિર્દેશો પણ તંત્રવાહકોને આપ્યા હતા.

તેમણે સુરતમાં ખાડીપૂરની સ્થિતિ વારંવાર ન સર્જાય તે માટે લાંબાગાળાના નિવારણલક્ષી આયોજનની આવશ્યકતા હોવાનું ભારપૂર્વક જણાવ્યું હતું. એટલું જ નહિં, ભારે વરસાદની વિકટ સ્થિતિ અને પૂર દરમિયાન સામે આવેલી વહીવટી ક્ષતિઓનું ભવિષ્યમાં પુનરાવર્તન ન થાય તે માટે તાત્કાલિક એક્શન પ્લાન બનાવીને અમલમાં મૂકવા તાકીદ કરી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, સુરતમાં ખાડી પૂરની સમસ્યાના કાયમી ઉકેલ માટે ખાડી ડેવલપમેન્ટ માટે રૂ.૫૦૦ કરોડની ફાળવણી રાજ્ય સરકાર કરશે.

ભારે વરસાદ, પૂર કે અન્ય કુદરતી આપત્તિની પરિસ્થિતિઓમાં જનપ્રતિનિધિઓ અને અધિકારીઓ કુદરતી આફતોનો સામનો કરવામાં સેતુરૂપ બને તે જરૂરી છે એમ જણાવીને મુખ્યમંત્રીએ તમામ વિભાગો પરસ્પર સંકલન સાધીને પોતાની કામગીરી સુનિશ્ચિત કરે અને ભવિષ્યના આયોજન માટે ખાડી પૂર અટકાવવાનું નક્કર આયોજન કરે તેવી કડક સૂચના આપી હતી.

# ડાંગ જિલ્લામાં ટેલિકોમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડિજિટલ કનેક્ટિવિટીની સમીક્ષા કરાઈ




ડાંગ,

જિલ્લામાં ટેલિકોમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડિજિટલ કનેક્ટિવિટી અંગે શ્રી એન. ડી. પરમાર, IAS, કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી, જેમાં DoT ગુજરાત LSAના અધિક મહાનિર્દેશક શ્રી આશિષ ઠાકર, ITS, ખાસ આમંત્રિત સભ્ય તરીકે હાજર રહ્યા હતા. આ બેઠકમાં DoT, જિલ્લા વહીવટીતંત્ર, BSNL, GFGNL, વન વિભાગના અધિકારીઓ અને અન્ય હિસ્સેદારોએ ભાગ લીધો હતો.

આ બેઠક દરમિયાન ભારત સરકારના '4G સેચ્યુરેશન પ્રોજેક્ટ'ની પ્રગતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી, જેના હેઠળ આયોજિત કુલ ૬૩માંથી ૫૭ ૪૨ મોબાઈલ ટાવરો (સાઈટ્સ) કાર્યરત કરવામાં આવ્યા છે. બાકીની સાઈટ્સનું કાર્ય જિલ્લા વહીવટીતંત્રના સહયોગથી ટૂંક સમયમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. આ તમામ સાઈટ્સ 'મેક ઈન ઈન્ડિયા' પહેલ હેઠળ સ્વદેશી ટેક્નોલોજી પર આધારિત છે અને તેમનું સંચાલન સોલર આધારિત ઊર્જા પ્રણાલી દ્વારા કરવામાં આવે છે. ભારતનેટ પ્રોજેક્ટ હેઠળ પ્રગતિનું પણ મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. ડાંગની તમામ ૭૧ ગ્રામ પંચાયતોને લગભગ ૫૦૦ કિમી ઓપ્ટિકલ ફાઈબર દ્વારા જોડવામાં આવી છે, જેમાં 191 FTTH કનેક્શન પૂરા પાડવામાં આવ્યા છે.

# અમદાવાદ શહેરમાં એએમટીએસ અને બીઆરટીએસના ૧૩ બસ ડ્રાઈવર સસ્પેન્ડ

## ટ્રાફિક નિયમોનો ભંગ, બસ સ્ટેન્ડ પર બસ ન રોકવી, મુસાફરો સાથે ગેરવર્તણૂક અને બેદરકારીથી બસ ચલાવવા બદલ કાર્યવાહીં

અમદાવાદ,

શહેરમાં જાહેર પરિવહનને વધુ સુરક્ષિત અને મુસાફરો માટે અનુકૂળ બનાવવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એએમટીએસ અને બીઆરટીએસ બસોના ડ્રાઈવરો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાન ટ્રાફિક નિયમોના ભંગ, બસ સ્ટેન્ડ પર બસ ન રોકવી, મુસાફરો સાથે ગેરવર્તણૂક કરવી અને બેદરકારીથી બસ ચલાવવાના કેસ સામે આવતા કુલ ૧૩ બસ ડ્રાઈવરોને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

એએમટીએસ અને બીઆરટીએસ તંત્રના અધિકારીઓએ શહેરના વિવિધ રૂટ પર દોડતી બસોનું અચાનક નિરીક્ષણ કર્યું હતું. તપાસ દરમિયાન કેટલાક ડ્રાઈવરો ટ્રાફિકના નિયમોનું પાલન કરતા ન હોવાનું, નિર્ધારિત બસ સ્ટેન્ડ પર બસ ન રોકતા હોવાનું અને મુસાફરો સાથે અયોગ્ય વર્તન કરતા હોવાનું સામે આવ્યું હતું.કેટલાક કિસ્સાઓમાં બેદરકારીભર્યા ડ્રાઈવિંગના કારણે અકસ્માત સર્જાવાની ફરિયાદો પણ નોંધાઈ હતી.

ચેકિંગ બાદ નિયમોનું ઉલ્લંઘન કરનારા એએમટીએસના ૧૦ અને બીઆરટીએસના ૩ ડ્રાઈવરોને તાત્કાલિક ફરજમુક્ત કરવામાં આવ્યા છે. તંત્રે સ્પષ્ટ કર્યું છે કે મુસાફરોની સુરક્ષા અને જાહેર પરિવહનની ગુણવત્તા જાળવવા માટે આવી કાર્યવાહી આગળ પણ ચાલુ રહેશે.

મ્યુનિસિપલ તંત્રના જણાવ્યા અનુસાર, શહેરના નાગરિકોને સલામત, સમયસર અને ગુણવત્તાસભર જાહેર પરિવહન સેવા મળે તે માટે ડ્રાઈવરોને ટ્રાફિક નિયમોનું કડક પાલન કરવું ફરજિયાત છે. કોઈપણ પ્રકારની બેદરકારી અથવા મુસાફરો સાથે અયોગ્ય વર્તન સહન કરવામાં આવશે નહીં.

# નાયબ મુખ્યમંત્રીના હસ્તે અમદાવાદની નવનિર્મિત આરટીઓ કચેરીનું લોકાર્પણ

## આધુનિક આરટીઓ સેવાઓથી નાગરિકોને પારદર્શક અને ઝડપી સુવિધાઓ મળશે

અમદાવાદ,

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે અમદાવાદમાં અત્યાધુનિક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની (RTO) કચેરીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર નાગરિકોને ટેકનોલોજી આધારિત, પારદર્શક અને ઝડપી સેવાઓ ઉપલબ્ધ કરાવવા પ્રતિબદ્ધ છે. નવી આરટીઓ કચેરીમાં ડ્રાઈવિંગ લાયસન્સ સહિતની વિવિધ સેવાઓ વધુ સરળતાથી ઉપલબ્ધ બનશે.

તેમણે જણાવ્યું કે ઓટોમેટેડ ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેકથી લાયસન્સ પ્રક્રિયામાં સંપૂર્ણ પારદર્શિતા આવશે અને માત્ર યોગ્યતા ધરાવતા અરજદારોને જ ડ્રાઈવિંગ લાયસન્સ મળશે. સરકારની તમામ સુવિધાઓનો લાભ છેવાડાના નાગરિક સુધી પહોંચે તે માટે જનપ્રતિનિધિઓ અને તંત્રે સંકલનથી કાર્ય કરવું જરૂરી છે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ નાગરિકોને નવી આરટીઓ કચેરીને સ્વચ્છ અને સુવ્યવસ્થિત રાખવા અપીલ કરતાં જણાવ્યું કે જાહેર સંપત્તિનું જતન કરવું એ દરેક નાગરિકની સામૂહિક જવાબદારી છે.

ગુજરાત સરકારના બંદરો અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા અમદાવાદના સુભાષ બ્રિજ ખાતે નિર્માણ પામેલી આ આધુનિક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની (RTO) કચેરી અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ છે.

# અમદાવાદના ઘુમામાં પ્લોટના બનાવટી દસ્તાવેજો તૈયાર કરીને ૧ કરોડની લોન લેનાર ૪ સામે ફરિયાદ

## સોસાયટીના ચેરમેનની ખોટી સહી અને સિક્કાનો ઉપયોગ કરીને એલોટમેન્ટ લેટર અને શેર સર્ટિફિકેટ બનાવી આચરી છેતરપિંડી

અમદાવાદ,

શહેરના ઘુમા વિસ્તારમાં પ્લોટના બનાવટી દસ્તાવેજો તૈયાર કરીને ૧ કરોડની લોન મેળવવાના ગંભીર કૌભાંડનો ખુલાસો થયો છે. સોસાયટીના ચેરમેનની ખોટી સહી અને સિક્કાનો ઉપયોગ કરીને એલોટમેન્ટ લેટર અને શેર સર્ટિફિકેટ બનાવવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે. સમગ્ર મામલે ૭૨ વર્ષીય વૃદ્ધાએ બોપલ પોલીસ સ્ટેશનમાં ચાર શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે.

સિંધુભવન રોડ વિસ્તારમાં રહેતા ભાનુબેન પટેલે ફરિયાદમાં જણાવ્યું છે કે ઘુમા ગામની શ્રી વ્રજશ્યામ સોસાયટીમાં તેમનો પ્લોટ આવેલો છે. તેમણે ડિસેમ્બર ૨૦૨૦માં આ પ્લોટ અગાઉના માલિક પાસેથી ખરીદ્યો હતો. ૯ માર્ચના રોજ તેમનો દીકરો પ્લોટની મુલાકાતે ગયો ત્યારે ત્યાં ટૂહોમ ફાઈનાન્સ લિમિટેડ દ્વારા લગાવવામાં આવેલી નોટિસ જોવા મળી હતી. આથી શંકા જતાં દસ્તાવેજોની તપાસ કરવામાં આવી, જેમાં મોટું કૌભાંડ બહાર આવ્યું.

તપાસ દરમિયાન જાણવા મળ્યું કે આરોપીઓએ વર્ષ ૧૯૯૯ના ખોટા એલોટમેન્ટ લેટર અને શેર સર્ટિફિકેટ તૈયાર કર્યા હતા. આ દસ્તાવેજો પર સોસાયટીના ચેરમેનની નકલી સહી અને સિક્કાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેથી દસ્તાવેજો અસલી હોવાનું દર્શાવી શકાય.છર્જંર્હિદ્બઅ

પોલીસ ફરિયાદ મુજબ, આ બોગસ દસ્તાવેજોના આધારે નિર્મલ બાલાણીએ મુખ્ય અરજદાર અને ભાવેશ બાલાણીએ સહ-અરજદાર તરીકે અરજી કરીને ૩૧ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ ટૂહોમ ફાઈનાન્સ લિમિટેડ પાસેથી પ્લોટ ગીરો મૂકી ૧ કરોડની લોન મેળવી હતી. આરોપીઓએ લોનની સંપૂર્ણ રકમનો ઉપયોગ કરી નાખ્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

# અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ નજીક સાબરમતી જનપથ ત્રણ રસ્તાથી ડી માર્ટ સુધી મેગા ડિમોલિશન

## અમદાવાદના મોટેરામાં ઓલિમ્પિકની તૈયારીઓ વચ્ચે ચાલ્યું બુલડોઝર

અમદાવાદ,

શહેરના મોટેરા વિસ્તારમાં કોમનવેલ્થ અને સંભવિત ઓલિમ્પિક રમતોને ધ્યાનમાં રાખીને માર્ગ વિસ્તરણની કામગીરી શરૂ કરવામાં આવી છે. તેના ભાગરૂપે શુક્રવારે સાબરમતી જનપથ ત્રણ રસ્તાથી ડી માર્ટ સુધીના માર્ગ પર મેગા ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

શહેરના સાબરમતી વોર્ડમાં આવેલ સાબરમતી ટોલનાકા (જનપથ ત્રણ રસ્તા) થી મોટેરા સ્થિત નરેન્દ્ર મોદી સ્ટેડિયમ તરફ જતા માર્ગને પહોળો કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આર.ડી.પી. (RDP) અને ટી.પી. મુજબ, આ માર્ગ પર ટ્રાફિકની સમસ્યા નિવારવા અને ભવ્ય લુક આપવા માટે અમલીકરણની પ્રક્રિયા શરૂ કરાઈ છે. હાલ આ રોડની હયાત પહોળાઈ ૧૮.૦૦ મીટર છે, જેને વધારીને રેકોર્ડબ્રેક ૬૧.૦૦ મીટર પહોળો કરાશે.

સાબરમતી પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ડીમાર્ટ સામેથી લઈને જનપથ ત્રણ રસ્તા સુધીના રોડ પર ૫૦થી વધારે મિલકતોને તોડી પાડવામાં આવશે. હાલમાં રહેણાંક એક પણ મિલકતોને તોડવાનો નિર્ણય લેવામાં આવ્યો નથી. ડી માર્ટ બાદ જે કોમર્શિયલ અને રેસીડેન્શિયલ બિલ્ડિંગ આવેલી છે તેમાં હાઈકોર્ટનો કેસ ચાલી રહ્યો છે ત્યારે હાલમાં કોઈ ડિમોલિશન કરવામાં નહીં આવે.

રોડ લાઈનની કપાતમાં આવતી ૫૦થી વધારે કોમર્શિયલ મિલકતોને તંત્ર દ્વારા અગાઉ જ નોટિસ ફટકારવામાં આવી હતી. પ્રાથમિક તબક્કે વેપારીઓ સ્વેચ્છાએ પોતાના કોમર્શિયલ પ્રકારના બાંધકામો દૂર કરે તે માટે વહીવટી તંત્ર દ્વારા સમજાવટની કામગીરી પણ કરાઈ હતી. આજે (નવમી જુલાઈઃ સવારથી જ પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગની ટીમ મોટા કાફલા અને જેસીબી (ત્નઝ્રમ્) મશીનો સાથે ઘટનાસ્થળે તહેનાત થઈ ગઈ છે અને રોડ નડતરરૂપ દબાણો તોડી પાડવાની ઓપરેશનલ કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવી છે.

આ રોડ પહોળો થવાથી નરેન્દ્ર મોદી સ્ટેડિયમ તરફની કનેક્ટિવિટી અત્યંત આધુનિક અને સરળ બનશે, જે મોટા આંતરરાષ્ટ્રીય આયોજનો વખતે ટ્રાફિક વ્યવસ્થા જાળવવામાં ભૂમિકા ભજવશે.

ઉલ્લેખનીય છે કે, તંત્રની ડિમોલિશનની કાર્યવાહી બાદ અસરગ્રસ્ત વેપારીઓ અને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. સ્થાનિકોએ સરકાર પાસે યોગ્ય વળતર અથવા વૈકલ્પિક રીતે નાની દુકાનો ફાળવવાની માંગ કરી છે.

# હિંમતનગરમાં ચાંદીપુરા વાયરસથી ૧૧ દિવસમાં ૩ બાળકોના મોત : બે બાળકોની સ્થિતિ ગંભીર

## વાયરસ વધુ ન ફેલાય તે માટે અસરગ્રસ્ત વિસ્તારોમાં સઘન સર્વેલન્સની કામગીરી શરૂ કરવામાં આવી

હિંમતનગર,

હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ૧૧ દિવસમાં ત્રણ બાળકોના મોત થઈ ચૂક્યા છે, તો બીજી તરફ હજુ બે બાળકો જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે. જોકે તંત્ર દ્વારા અત્યારથી સર્વેલન્સ કામગીરી શરૂ કરાઈ છે.

આ ગંભીર પરિસ્થિતિને જોતા સ્થાનિક આરોગ્ય તંત્ર હવે એલર્ટ મોડ પર આવી ગયું છે. વાયરસ વધુ ન ફેલાય તે માટે અસરગ્રસ્ત વિસ્તારોમાં સઘન સર્વેલન્સની કામગીરી શરૂ કરવામાં આવી છે.

હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ૭ દાખલ કરાયેલા બાળકોમાંથી ૩ બાળકોના ચાંદીપુરા વાયરસને કારણે મોત થયા છે. મૃતક બાળકોમાં એક બાળક રાજસ્થાનનું ૬ વર્ષનું છે, જ્યારે અન્ય બે બાળકો પંચમહાલ અને બનાસકાંઠા જિલ્લાના છે. આ તમામ બાળકોના મોત છેલ્લા ૧૧ દિવસમાં થયા છે.

હિંમતનગર સિવિલમાં અત્યાર સુધીમાં કુલ ૭ શંકાસ્પદ કેસ નોંધાયા છે, જેમાંથી ૩ બાળકોએ જીવ ગુમાવ્યા છે. જોકે હાલ ૨ બાળકો હોસ્પિટલમાં સારવાર હેઠળ છે, જેમના રિપોર્ટની રાહ જોવામાં આવી રહી છે. અન્ય ૨ બાળકોના રિપોર્ટ નેગેટિવ આવતા તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

હિંમતનગર સિવિલ હોસ્પિટલ ઈર્ઁ, વિપુલ જાની એ કહ્યું હતું કે ૨૬ જૂનથી અત્યાર સુધીમાં શંકાસ્પદ ચાંદિપુરા વાયરસના કુલ ૭ દર્દીઓ દાખલ થયા હતા, જેમાંથી ૩ દર્દીના મૃત્યુ થયેલા છે. એક મૃત્યુ થયેલ દર્દીઓમાં એક કેસ રાજસ્થાનનો હતો. બીજા એક કેસમાં રિપોર્ટ નેગેટિવ હતો પણ એનું મૃત્યુ થયું હતું. એક રિપોર્ટ પેન્ડિંગ છે એ દર્દીનું પણ મૃત્યુ થયું છે. અત્યારસુધી કુલ ૩ દર્દીના મોત થયા છે અને ૪ દર્દીઓ દાખલ હતા પરંતુ એક દર્દીએ ડોક્ટરની સલાહ વિરુદ્ધ અહિયાંથી રાજા લીધા વગર જતું રહ્યું છે. ૨ દર્દીઓના રિપોર્ટ હજુ આવવાના બાકી છે. વર્ષ ૨૦૨૪માં પણ ચાંદિપુરા વાયરસથી ૭-૮ દર્દીઓના મૃત્યુ થયા હતા.

હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં હાલ પીડિયાટ્રિક વોર્ડમાં ચાંદીપુરા વાયરસ સામે બાળકો સારવાર હેઠળ છે. આરોગ્ય તંત્ર દ્વારા પ્રભાવિત વિસ્તારોમાં સઘન સર્વેલન્સની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે.

વર્ષ ૨૦૨૪માં પણ આ વાયરસના કારણે ૬ થી ૭ બાળકોના મોત થયા હતા. ચાંદીપુરા વાયરસ એ 'સેન્ડફલાય' નામની માખી કરડવાથી ફેલાય છે. આ રોગમાં બાળકને વારંવાર ઉલટીઓ થાય છે, ખૂબ તાવ આવે છે અને આંચકી (ખેંચ) ચાલુ થઈ જાય છે. આ ખૂબ જ ઝડપથી વધતો રોગ છે જેમાં બાળક ૧ થી ૨ દિવસમાં કોમામાં પણ સરી પડે છે.

# રાજકોટ જિલ્લામાં પૂર વખતે સંપર્ક જાળવી રાખવા ડેમો પર વાયરલેસ સેટ ઈન્સ્ટોલ

## ૧૨૪૮ તળાવો અને ૮૪૦ ચેકડેમો પર પણ દેખરેખ, માર્ગોની મરામત અને બચાવ કામગીરીમાં ઉપયોગી ૧૧૭ સંસાધનો ઉપલબ્ધ

રાજકોટ:

ગુજરાત સરકાર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ચોમાસા દરમિયાન સંભવિત પૂર કે વાવાઝોડા જેવી આપત્તિઓ સામે 'ઝીરો કેઝ્યુઆલિટી'ના અભિગમ સાથે આગળ વધી રહી છે. જે અન્વયે રાજકોટ જિલ્લા કલેક્ટર શ્રી ડો. ઓમપ્રકાશના નિર્દેશ મુજબ તંત્ર આગોતરી તૈયારીઓ સાથે સજ્જ છે.

સિંચાઈ વિભાગ (સ્ટેટ / યોજના / પંચાયત) દ્વારા જિલ્લાના જળાશયો અને કેનાલ નેટવર્કની જાળવણી માટે સઘન કામગીરી કરવામાં આવી છે. રાજકોટની ૫૬ નાની સિંચાઇ યોજનાઓ પૈકી ૨૨ નાની સિંચાઇ યોજનાઓમાં કેનાલ સિસ્ટમને કાર્યરત રાખવામાં આવી છે, સાથે જ ૧૨૪૮ તળાવો અને ૮૪૦ ચેકડેમો પર દેખરેખ રાખવામાં આવે છે. ડેમોની સેફ્ટી ચેક, નદીઓની સાફ-સફાઈ અને ગેટ રિપેરિંગ જેવા પ્રી-મોન્સૂન કામો સમયસર પૂર્ણ કરી લેવાયા છે. કટોકટીના સમયે સંપર્ક તૂટે નહીં તે માટે ડેમ સાઈટ પર આધુનિક વાયરલેસ સેટ પણ ઈન્સ્ટોલ કરી દેવામાં આવ્યા છે.

માર્ગ અને મકાન વિભાગ (પંચાયત / શહેર / જિલ્લા) વાહન વ્યવહારની સુવિધા જાળવી રાખવા માટે ખડેપગે છે. રસ્તાઓ અને નાલા-પુલિયાઓનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરવામાં આવ્યું છે, જેમાં 'ક્રિટિકલ' જણાતા સ્ટ્રક્ચર્સનું તાત્કાલિક સમારકામ કરાયું છે. ભારે વરસાદમાં રસ્તા ધોવાઈ જવાના કિસ્સામાં વૈકલ્પિક રૂટ્સની યાદી તૈયાર છે. આ ઉપરાંત, ઈમરજન્સી સેવા માટે જે.સી.બી., ડમ્પર, ટ્રક અને ટ્રેક્ટર જેવા વાહનો ઓન-કોલ ઉપલબ્ધ રહે તે માટે કોન્ટ્રાક્ટરોના સંપર્ક નંબર સહિત અદ્યતન ડેટાબેઝ પણ તૈયાર રાખવામાં આવ્યો છે.

માર્ગ અને મકાન વિભાગ હસ્તક હાલમાં વિવિધ પ્રકારના કુલ ૧૧૭ સંસાધનો ઉપલબ્ધ છે, જે ચોમાસા દરમિયાન માર્ગોની મરામત અને બચાવ કામગીરીમાં મહત્વની ભૂમિકા ભજવશે. આ સંસાધનોમાં ૪૯ ડમ્પર અને ૨૩ ટ્રેક્ટર સામેલ છે, જે ભારે વરસાદ કે પૂરની સ્થિતિમાં કાટમાળ ખસેડવા અને સામગ્રીની હેરફેર માટે ઉપયોગી સાબિત થશે. આ ઉપરાંત, રસ્તાઓ પરથી અવરોધો હટાવવા અને ખોદકામ માટે ૧૩ જે.સી.બી. તથા ૧૧ લોડર ઉપલબ્ધ રાખવામાં આવ્યા છે. તેમજ કટોકટીના સમયે પાણી પુરવઠો જાળવી રાખવા અથવા અન્ય જરૂરી કાર્યો માટે ૧૧ વોટર ટેન્કરની સુવિધા પણ છે. આમ, આ સંસાધનોની મદદથી ચોમાસા દરમિયાન ઊભી થનારી કોઈપણ પરિસ્થિતિમાં માર્ગ વ્યવહાર ઝડપથી પૂર્વવત કરવા માટે વિભાગે પૂરતી વ્યવસ્થા કરી લીધી છે.

પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (જાહેર આરોગ્ય યાંત્રિક વિભાગ) દ્વારા આફતના સમયે પણ નાગરિકોને શુદ્ધ પેયજળ મળી રહે તેવું આયોજન કરાયું છે. નીચાણવાળા વિસ્તારોમાં ભરાતા પાણીના ઝડપી નિકાલ માટે સરકારી વિભાગો સાથે સંકલન સાધીને ૩૦ જેટલા હાઈ-કેપેસિટી ડીવોટરીંગ પંપ સેટ્સ તૈયાર રાખવામાં આવ્યા છે. પૂર કે વાવાઝોડા જેવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં રોગચાળો ન ફેલાય તે માટે પીવાના પાણીની ગુણવત્તા જાળવી રાખવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આમ, જિલ્લા કલેક્ટરશ્રીના માર્ગદર્શન મુજબ રાજકોટ ચોમાસુ આફતનો સામનો કરવા માટે સજ્જ છે. આપત્તિ વ્યવસ્થાપનના આ સુદ્રઢ આયોજનને કારણે જિલ્લાના નાગરિકો સુરક્ષિત અને ભયમુક્ત રહી શકશે.

# અષાઢી બીજ પર્વ પર રથયાત્રાનો રૂટ જાહેર: કડક પોલીસ બંદોબસ્ત ગોઠવાશે

રાજકોટ:શહેરમાં અષાઢી બીજ પર્વ પર નિકળનાર રથયાત્રાનો રૂટ જાહેર પોલીસ દ્વારા જાહેર કરવામાં આવ્યો છે. પોલીસ દ્વારા એક જાહેરનામું બહાર પડાયું છે અને કડક પોલીસ બંદોબસ્ત ગોઠવી સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવશે.

આગામી તા.૧૬ ના અષાઢી બીજ પર્વ નીમીત્તે યોજાનાર રથયાત્રા શ્રી જગન્નાથ મંદિર કૈલાસ ધામ આશ્રમથી શરૂ થઈ અલગ અલગ રૂટ ઉપર પસાર થનાર હોય અને આ રથાયાત્રામાં શહેર તથા આજુ-બાજુના ગામડાઓમાંથી ખુબ જ મોટા પ્રમાણમાં માણસો, અખાડાઓ, રથ અને અનેક ટેબ્લો જોડાય છે.

તથા રથયાત્રા પસાર થનાર રૂટ ઉપર આમ જનતા દર્શનાર્થે આવનાર હોય, રથયાત્રા રૂટમાં કોઈપણ પ્રકારની ટ્રાફીક સમસ્યા ઉભી ન થાય અને રથયાત્રા સરળતાથી પસાર થાય તે હેતુસર તા.૧૬/૦૭/૨૦૬ના રોજ રથયાત્રા જે રોડ ઉપરથી પસાર થનાર હોય તેના બે કલાક પહેલા તમામ પ્રકારના વાહનો માટે "પ્રવેશ બંધ" અને "નો-પાર્કિંગ જાહેર કરવામાં આવે છે.

**શ્રી જગન્નાથ મંદિર કૈલાસ ધામ આશ્રમથી નિકળનાર રથયાત્રાનો રૂટ**

ખોડીયાર આશ્રમ શરૂ થઇ મોકાજી સર્કલ, વૃંદાવન સોસાયટી મેઈન રોડ, એમ.જે.હોસ્ટેલ કાલાવડ રોડ, એ.જી. ચોક પહેલા પુષ્કર ધામ જતા કાલાવડ ટી.પોઈન્ટથી પુષ્કર ધામ મેઈન રોડ, જે.કે.ચોક, આકાશવાણી ચોક, યુનિવર્સિટી રોડ, સાધુ વાસવાણી રોડ, ટી-પોઈન્ટ, એચ.પી.પેટ્રોલ પંપથી સાધુ વાસવાણી રોડ, આલાપ ગ્રીન સીટીથી રૈયા રોડ, બાપાસીતારામ ચોક, રૈયા ચોકડી, હનુમાન મઢી ચોક, આઝાદ ચોક, આમ્રપાલી અંડર બ્રીજ, કિશાનપરા ચોક, જીલલ્લા પંચાયત ચોક, ફુલછાબ ચોક, સદર બજાર મેઇન રોડ થી સદર પોલીસ ચોકી, હરીહર ચોક, લીમડા ચોક, એસ.બી.આઇ., ટી.પોઇન્ટ, ત્રીકોણ બાગ ચોક, ઢેબર ચોક, સાંગણવા ચોક, રાજેશ્રી સીનેમા, ભુપેન્દ્ર રોડ, ભુપેન્દ્ર રોડ ટી-પોઇન્ટ, પેલેસ રોડથી ગુંદાવાડી પોલીસ ચોકી, કેનાલ રોડ બોમબે આર્થન થી કેવડાવાડી મેઇન રોડ, પવનપુત્ર ચોક, સોરઠીયાવાડી સર્કલ, કોઠારીયા રોડ મેઇન રોડ, સુતા હનુમાન, નીલકંઠ ટીકીઝ, દેવપરા ચોક, આંબેડકર ભવનથી સહકાર મેઇન રોડ, ત્રીશુલ ચોક, ઢેબર કોલોની, ઢેબર રોડ, પી.ડી.એમ. ફાટક થઈ પી.ડી.એમ. કોલેજ, સુસ્વામીનારાયણ ચોક, કૃષ્ણનગર મેઇન રોડ, આનંદ બંગલા ચોક, મવડી મેઇન રોડ, મવડી ફાયર બ્રીગેડથી માયાણી ચોક, રાજનગર ચોકથી, નાના મૌવા મેઇન રોડ, નાના મૌવા સકલ, પ્રતિલોક પાર્ટી પ્લોટ, અજમેરા શાસ્ત્રીનગર, નાના પીવા મેઇન રોડ એક્યુરેટ મોટર થી કેલાસ ધામ નીજ મંદિર ખાતે પરત આવી પુર્ણ થશે.

# જેતપુર:ચોકીધાર ચેકપોસ્ટ પાસે ૧૦૦ લીટર દેશી દારૂના જથ્થા સાથે રાજકોટના બે શખ્સો ઝડપાયા

## જુનાગઢ તરફથી આવતા બુટલેગરોને પોલીસે કોર્ડન કરી દબોચ્યા: રૂ. ૭૫,૦૦૦નો મુદ્દામાલ જપ્ત

જેતપુર:

રાજકોટ ગ્રામ્ય જિલ્લાના જેતપુર તાલુકા પોલીસ મથકના સ્ટાફે પ્રોહિબિશન પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહીના ભાગરૂપે ચોકીધાર ચેકપોસ્ટ પાસે વોચ ગોઠવીને એક્ટિવા સ્કૂટર પર દેશી દારૂની હેરાફેરી કરતા રાજકોટના બે શખ્સોને રંગેહાથ ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. પોલીસે આરોપીઓ પાસેથી ૧૦૦ લીટર દેશી દારૂ, એક્ટિવા અને મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૭૫,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી સત્તાવાર વિગતો અનુસાર, જેતપુર તાલુકા પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફ આજે સવારના સમયે વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. આ દરમિયાન સ્ટાફના માણસો જેતલસર આઉટ પોસ્ટ હેઠળની ચોકીધાર ચેકપોસ્ટ પાસે પહોંચતા જુનાગઢ તરફથી એક એક્ટિવા સ્કૂટર પર બે ઈસમો શંકાસ્પદ હાલતમાં આવતા જણાયા હતા. પોલીસે તેને ઉભા રહેવાનો ઈશારો કરતા ચાલકે સ્કૂટર ભગાડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સતર્ક પોલીસ સ્ટાફે તુરંત જ કોર્ડન કરી બંનેને દબોચી લીધા હતા.

પોલીસે પંચોની હાજરીમાં હોન્ડા કંપનીના એક્ટિવા (નંબર GJ-03-PN-1354) ની તલાશી લેતા આગળના ભાગે રાખેલા કાપડના બે મોટા થેલા મળી આવ્યા હતા. આ થેલા ખોલીને જોતા તેમાંથી પ્લાસ્ટિકની કોથળીઓમાં ભરેલા પાંચ-પાંચ લીટરની ક્ષમતા વાળા ૨૦ નંગ બુંગીયા (કેફી પ્રવાહી) મળી આવ્યા હતા. પોલીસે તપાસ કરતા તીવ્ર વાસ સાથે રૂ. ૨૦,૦૦૦ ની કિંમતનો ૧૦૦ લીટર દેશી દારૂનો જથ્થો હોવાનું ખુલ્યું હતું, જે વેચાણ કરવાના ઈરાદે લઈ જવાતો હતો. આ જથ્થા અંગે કોઈ પાસ-પરમિટ ન હોવાથી પોલીસે દારૂ તેમજ રૂ. ૫૦,૦૦૦ નું એક્ટિવા અને રૂ. ૫,૦૦૦ નો મોબાઈલ જપ્ત કર્યો હતો.

પોલીસ પકડમાં આવેલા આરોપીઓની પૂછપરછ કરતા ડ્રાઈવિંગ કરી રહેલા શખ્સે પોતાનું નામ જયદીપ ઉર્ફે જયુ રૂપેશભાઈ પરમાર (ઉ.વ. ૨૦, રહે. હાલ શેરી નં. ૧૦, આંબેડકર નગર, મવડી, રાજકોટ, મૂળ રહે. નાના ખીજડીયા) અને પાછળ બેસેલા શખ્સે ક્રિષ્નકુમાર ઉર્ફે ક્રિશ ઉમેશભાઇ માળી (ઉ.વ. ૧૯, રહે. શેરી નં. ૧૪-૧૫, આંબેડકર નગર, ગોકુલનગર મેઈન રોડ, રાજકોટ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે કાયદાકીય જોગવાઈ મુજબ આરોપીઓની ધરપકડ કરી તેમના માતાઓને ફોન દ્વારા જાણ કરી હતી. આ મામલે પોલીસે પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(E), ૯૮(૨) અને ૮૧ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે

# ઈંદ્રપ્રસ્થમાં નિર્માણાધીન સાઈટ પરથી ૯૮ હજારના કેબલની ચોરી : મહિલા તસ્કર ઝબ્બે

## રાત્રિના મહિલા તસ્કરે ચોરીને અંજામ આપ્યાનું સીસીટીવીમાં સ્પષ્ટ થતાં ક્રાઈમ બ્રાન્ચે દબોચી લીધી, મુદ્દામાલ રિકવર



રાજકોટ:ઈંદ્રપ્રસ્થ વિસ્તારમાં આવેલ નિર્માણાધીન કમ્પ્યુટર ક્લાસમાંથી રૂ. ૯૮ હજારની કિંમતના કેબલ વાયરની ચોરી કરી લેવાઈ હતી. જે મામલે ક્રાઇમ બ્રાન્ચે કાર્યવાહી કરી તાત્કાલિક મહિલા તસ્કરને દબોચી તમામ મુદ્દામાલ રિકવર કરી લીધો હતો.

બનાવ અંગે સહકાર મેઈન રોડ પર હસનવાડી શેરી નં.૩ માં રહેતા ૨૭ વર્ષીય વેપારી શુભમ શૈલેષભાઇ લાડવાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ઈન્દ્રપ્રસ્થ શેરી નં.૦૮ ખાતે વોક્ષ ફેશન નામની કપડાની દુકાન ચલાવે છે. તેને કમ્પ્યુટર ક્લાસનો નવો બીઝનેસ શરૂ કરવાનો હોવાથી આ બિલ્ડીગના ઉપરના માળે ફર્નીચરનું કામકાજ ચાલુ હતુ અને ઈન્ટરનેટ માટેના લેન કેબલ પણ લગાવેલા હતા.

ગઈ તા. ૧૫ ના સવારના આશરે નવ વાગ્યાની આસપાસ તે ઘરે હતો ત્યારે દુકાનની ઉપરના માળે મિસ્ત્રીકામ કરતા રાજનભાઇનો ફોન આવેલ કે, દુકાનમાં લગાડેલ વાયર દેખાતા નથી એટલે કદાચ દુકાનમાં ચોરી થઈ હોય એવુ લાગે છે. જેથી તરત જ ઈન્દ્રપ્રસ્થ શેરી નં. ૦૮ ખાતે વોક્ષ ફેશન દુકાને ગયેલ જયા ઉપરના માળે જઇને જોતા તેમા લાગેલ ઈલેક્ટ્રીક ફીટીંગ તથા ઈન્ટરનેટ માટેના લેનકેબલ જોવા મળેલ નહી અને સીડીની બાજુમાં આવેલ બારીમાં લાગેલ લાકડાનું પાર્ટીશન તુટેલુ હતુ.

ઉપરના માળેના મકાનમાં લાગેલ વાયરમાંથી આશરે ૧૮૦૦ મીટર વાયર મળી કુલ રૂ.૯૮ હજારનો માલસામન જોવામાં આવેલ નહી. જેથી સી.સી.ટી.વી. ફૂટેજ ચેક કરતા રાત્રીના બે વાગ્યાથી સાડા પાંચ વાગ્યાની વચ્ચે એક અજાણી મહીલા લાકડાનું પાર્ટીશન તોડીને અંદર આવેલ હતી. જે બાદમાં બહાર કોથળો લઇને જતી જોવા મળી હતી. યુવાને સમગ્ર મામલે માલવિયાનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

સમગ્ર મામલામાં ક્રાઇમ બ્રાન્ચ પીએસઆઈ વી ડી રાવલિયાની ટીમે ગણતરીની કલાકોમાં જ સીસીટીવી ફૂટેજના આધારે મહિલા તસ્કર કિરણ તુષાર પંડ્યા(રહે. મવડી) ની ધરપકડ કરી તમામ મુદ્દામાલ રિકવર કર્યો હતો.

# રાજકોટ જિલ્લા આરોગ્ય શાખા દ્વારા 'વિશ્વ વસ્તી દિવસ'ની ઉજવણી કરાશે

## ઘર મુલાકાત, દંપતી પરામર્શ થકી માતા-બાળ મૃત્યુ ઘટાડવાના પ્રયાસો થશે

રાજકોટ:ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના માર્ગદર્શન હેઠળ રાજકોટ જિલ્લામાં આગામી ૧૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ 'વિશ્વ વસ્તી દિવસ'ની ઉજવણી કરવામાં આવશે. વસ્તી સ્થિરતા લાવવા અને સામાન્ય જનતામાં જાગૃતિ કેળવવા માટે વસ્તી દિવસની ચાલુ વર્ષની થીમ 'Healthy Timing & Spacing Between Pregnancies fro well-being of mother & child and to prevent unintended pregnancies" (સશક્ત સમૃદ્ધ પરિવારની ઓળખ, સ્વસ્થ માતા અને ખુશહાલ સંતાન) છે.

રાજકોટ જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા વસ્તી દિવસ નિમિત્તે પરિવાર કલ્યાણ પખવાડિયા દરમિયાન દરેક તાલુકા, ગામ અને શહેરી વિસ્તારોમાં વિશેષ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રાથમિક અને સામુદાયિક આરોગ્ય કેન્દ્રો, હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરો, આયુષ્માન આરોગ્ય મંદિરો તેમજ શહેરી આરોગ્ય કેન્દ્રો ખાતે વિવિધ કાર્યક્રમો યોજાશે. આશા કાર્યકરો, એ.એન.એમ., એમ.પી.એચ.ડબલ્યુ. અને અન્ય આરોગ્ય કર્મચારીઓ દ્વારા પાત્રતા ધરાવતા દંપતીઓનો રૂબરૂ સંપર્ક કરી લગ્નની નિયત ઉંમર, ૨૦ વર્ષ પછી જ પ્રથમ બાળક, બે બાળકો વચ્ચે સુરક્ષિત અંતર અને નાના કુટુંબના ફાયદાઓ વિશે માર્ગદર્શન આપવામાં આવશે. ઘર-ઘર મુલાકાત, દંપતી પરામર્શ (કાઉન્સેલિંગ) અને જનજાગૃતિ બેઠકો થકી માતા મૃત્યુ અને બાળ મૃત્યુનો દર ઘટાડવા માટે સઘન પ્રયાસો કરવામાં આવશે.

આ આયોજનનો આશય ગર્ભનિરોધક સાધનોનો વપરાશ (કોન્ટ્રાસેપ્ટીવ યુટીલાઈઝેશન) વધારવાનો છે. જનજાગૃતિના ભાગરૂપે પ્રત્યેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દીઠ એક શાળા અથવા કોલેજમાં રેલી, નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા અને નાટક જેવા કાર્યક્રમો યોજાશે. સરકારી તેમજ કરાર આધારિત વાહનો દ્વારા ક્વિકી અને માઈકિંગ (સુત્રોચ્ચાર) કરવામાં આવશે. પી.એચ.સી. અને અર્બન યુનિટોમાં વોલ પેઈન્ટિંગ થકી સંદેશાઓ પ્રદર્શિત કરાશે. આ ઉપરાંત, લઘુ શિબિર અને ગુરુ શિબિરનું આયોજન થશે તથા હોસ્પિટલો ઉપરાંત એફ.આર.યુ. (FRU - ફર્સ્ટ રેફરલ યુનિટ) ખાતે પણ કેમ્પના માધ્યમથી કુટુંબ કલ્યાણની તમામ સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

આ સિવાય, દંપતી પરામર્શ દરમિયાન લગ્ન બાદ પ્રથમ બાળક તુરંત નહી પરંતુ યોગ્ય સમયે જ આયોજન કરવા પર અને પોસ્ટ પાર્ટમ (પ્રસૂતિ પછી) તેમજ પોસ્ટ એબોર્શન (ગર્ભપાત પછી) કુટુંબ નિયોજન સેવાઓ અપનાવવા અંગે ભાર મૂકીને તેની સમજણ આપવામાં આવશે. જનસમુદાય સુધી આ સંદેશ પહોંચાડવા માટે શાળાઓ-કોલેજોમાં રેલી, નિબંધ અને વક્તૃત્વ સ્પર્ધા, નાટક, ભવાઈ, ડાયરા અને પપેટ શો જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાશે. તાલુકા કક્ષાએ મોબાઈલ પ્રચાર વાન, સ્થાનિક ટીવી-રેડિયો, બેનરો અને સોશિયલ મીડિયાના માધ્યમથી વસ્તી નિયંત્રણનો પ્રચાર-પ્રસાર કરાશે. ૧૧ જુલાઈના રોજ પંચાયતના સભ્યો સાથે મળીને વિશેષ ઉજવણી પણ કરવામાં આવશે.

કુટુંબ નિયોજન સેવાઓનો વ્યાપ વધારવા માટે જિલ્લા હોસ્પિટલ, સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ અને તમામ આરોગ્ય કેન્દ્રો ખાતે ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સ્ત્રી નસબંધી, અંતરા, IUCD/PPIUCD અને ખાસ કરીને પુરુષ ભાગીદારી વધારવા માટે 'નોન-સ્કાલપેલ વાઝેકટોમી' (દ્રજીફ - પુરુષ નસબંધી) જેવી કાયમી અને બિનકાયમી પદ્ધતિઓ ઉપલબ્ધ કરાવાશે. જરૂરિયાતમંદ લાભાર્થીઓને ગર્ભનિરોધક સાધનોનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે, જેથી વધુમાં વધુ દંપતીઓ આ સુવિધાઓનો લાભ લઈ સુરક્ષિત માતૃત્વ અને જવાબદાર પિતૃત્વના ધ્યેયને સાર્થક કરી શકે, તેમ આરોગ્ય શાખાની યાદીમાં જણાવાયું છે.

# ઓસમ પર્વત ખાતે ૧૫ દિવસીય એડવાન્સ રોક ક્લાઈમ્બિંગ તાલીમ શિબિરનું આયોજન

રાજકોટ:

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના નેતૃત્વ હેઠળ કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર તેમજ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, રાજકોટ દ્વારા સાહસિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે રાજકોટ જિલ્લાના ધોરાજી નજીક આવેલા ઓસમ પર્વત, મુ. પાટણવાવ ખાતે ૧૫ દિવસીય એડવાન્સ રોક ક્લાઈમ્બિંગ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રી હિતેષ દિહોરાએ જણાવ્યું હતું કે, આ શિબિરમાં ૧૪ થી ૩૫ વર્ષની વયના યુવક-યુવતીઓ ભાગ લઈ શકશે. તાલીમ દરમિયાન નિષ્ણાત ટ્રેનરો દ્વારા એડવાન્સ રોક ક્લાઈમ્બિંગની વિવિધ તકનીકો, સુરક્ષા સંબંધિત માર્ગદર્શન, દોરડાં અને સાધનોનો ઉપયોગ, જોખમ વ્યવસ્થાપન સહિતની પ્રાયોગિક તાલીમ આપવામાં આવશે.

શિબિરમાં ભાગ લેવા ઇચ્છુક ઉમેદવારોએ નિયત અરજી ફોર્મ સંપૂર્ણ વિગતો સાથે ભરી જરૂરી આધાર-પુરાવા જોડીને તા. ૧૮ જુલાઈ, ૨૦૨૬ના રોજ બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધીમાં "પ્રતિ, જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ૫/૫, બહુમાળી ભવન, રાજકોટ" ખાતે રૂબરૂ અથવા કુરિયર/ટપાલ મારફતે પહોંચાડવાનું રહેશે.

શિબિરની તારીખ અને સમય અંગે પસંદગી પામેલા તાલીમાર્થીઓને ટેલિફોન દ્વારા જાણ કરવામાં આવશે. અગાઉ બેઝિક રોક ક્લાઈમ્બિંગ કોર્સ પૂર્ણ કરેલા ઉમેદવારોને એડવાન્સ રોક ક્લાઈમ્બિંગ તાલીમ શિબિરમાં પસંદગી દરમિયાન પ્રાથમિકતા આપવામાં આવશે.

આ તાલીમ શિબિરનો મુખ્ય હેતુ યુવક-યુવતીઓમાં રહેલી સાહસિક શક્તિઓને પ્રોત્સાહિત કરવાનો, પર્વતારોહણ ક્ષેત્રે પ્રાથમિક અને ઉચ્ચ કક્ષાની તાલીમ ઉપલબ્ધ કરાવવાનો તેમજ શારીરિક ક્ષમતા, આત્મવિશ્વાસ, નેતૃત્વ ગુણો અને ટીમવર્કનો વિકાસ કરવાનો છે. નિયત સમયમર્યાદા બાદ પ્રાપ્ત થનાર અરજીઓ કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહીં, તેમ યાદીમાં જણાવાયું છે.

# રાજકોટના રણજિતગઢ અને પોલારપર ગામે પંચાયતના રેકર્ડની તપાસણી કરતા કલેક્ટર



રાજકોટ:રાજકોટ જિલ્લાના છેવાડાના ગામડાઓ સુધી સરકારી યોજનાઓનો લાભ પહોંચે અને ગ્રામીણ સ્તરે વહીવટી પ્રક્રિયા વધુ પારદર્શક બને તેવા હેતુ સાથે જિલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશ એક્શન મોડમાં આવી ગયા છે. તાજેતરમાં જ તેમણે જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં આવેલા પોલારપર અને રણજિતગઢ ગામની ઓચિંતી મુલાકાત લઈને સ્થાનિક વિકાસ કામોની સમીક્ષા કરી હતી.

કલેક્ટર ડો. ઓમપ્રકાશ સૌપ્રથમ પોલારપર ગામ ખાતે પહોંચ્યા હતા. ત્યાં તેમણે ગામની પ્રાથમિક શાળા અને આંગણવાડી કેન્દ્રની મુલાકાત લઈ બાળકોના શિક્ષણનું સ્તર અને પૌષ્ટિક આહારના વિતરણની વ્યવસ્થા ચકાસી હતી.ગ્રામજનો દ્વારા ઉનાળા દરમિયાન કે સામાન્ય દિવસોમાં પડતી પાણીની તકલીફ અંગે રજૂઆત કરવામાં આવતા કલેક્ટરે પાણી પુરવઠા વિભાગના અધિકારીઓને તાકીદે યોગ્ય પગલાં લેવા આદેશ આપ્યા હતા.

પોલારપરને જોડતા મુખ્ય માર્ગો અને આંતરિક રસ્તાઓના રીપેરિંગ કામને વહેલી તકે મંજૂરી આપવાની ખાતરી તેમણે આપી હતી.કલેક્ટર ડો.ઓમપ્રકાશે આ બંન્ને ગામોમાં ગ્રામપંચાયતની દફતર ચકાસણી કરી હતી.

# કલેકટર કચેરી ખાતે તા.૧૮ના લેન્ડગ્રેબીંગ કમિટીની યોજાશે બેઠક

રાજકોટ: રાજકોટ જિલ્લા કલેકટર કચેરી ખાતે આગામી તા.૧૮ને શનિવારે લેન્ડગ્રેબીંગ કમિટીની બેઠક જિલ્લા કલેકટર ડો.ઓમપ્રકાશના અધ્યક્ષસ્થાને આયોજિત કરવામાં આવી છે. જેમાં ૩૦ કેસોની સુનાવણી હાથ ધરવામાં આવનાર છે.

આ બેઠકમાં ૧૦ જેટલા અરજદારોને રૂબરૂ ઉપસ્થિત રહેવા કલેકટર તંત્ર દ્વારા ફરમાન કરવામાં આવેલ છે. આ બેઠકમાં જિલ્લા કલેકટર ડો.ઓમપ્રકાશ, અધિક કલેકટર બારોટ, જિલ્લા પોલીસવડા, સહિત લેન્ડગ્રેબીંગ કમિટીના તમામ સદસ્યો ઉપસ્થિત રહેશે. આ બેઠકમાં સરકારી જમીનો પર પેશકદમી કરનારા અને પારકી મિલ્કત પચાવી પાડનારા સામે કાયદાના શિકંજો કસવામાં આવશે.

અહીં એ ઉલ્લેખનીય છે કે વર્ષ-૨૦૨૦માં ભૂમાફીયાઓ પર અંકુશ લગાવવા માટે રાજય સરકાર દ્વારા આ લેન્ડગ્રેબીંગના કાયદાને મંજૂરી આપવામાં આવી હતી. આ કાયદા અંતર્ગત જમીન હડપ કરનારાઓ માટે ૧૦થી ૧૪ વર્ષની સજાની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત આવી જમીન પર બાંધકામ, ગેરકાયદે કબ્જો કરનારાઓ પણ આ કાયદા હેઠળ આવરી લેવામાં આવેલ છે. અરજદારો લેન્ડગ્રેબીંગની અરજીઓ સરળતાથી કરી શકે તે માટે રાજયની દરેક કલેકટર કચેરીમાં અલગથી લેન્ડગ્રેબીંગ વિભાગ પણ કાર્યરત કરવામાં આવેલ છે.

# ૧૩ જુલાઈ સુધી જામનગર–વડોદરા ઈન્ટરસિટી બાજવા સ્ટેશન સુધી જશે

રાજકોટ:વડોદરા સ્ટેશન પર પ્લેટફોર્મ નંબર ૪ અને ૫ ના એક્સટેન્શન ના સિવિલ વર્ક વગેરે કામગીરી માટે બ્લોક લેવામાં આવશે. આ બ્લોકના કારણે પ્રભાવિત થનારી રાજકોટ ડિવિઝન સંબંધિત ટ્રેનોની વિગત આ મુજબ છે:

૧) ટ્રેન નંબર ૨૨૯૫૯ વડોદરા–જામનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ ટ્રેન તારીખ ૧૧ જુલાઇ થી લઈને ૧૩ જુલાઈ ૨૦૨૬ ના રોજ બાજવા સ્ટેશનથી શોર્ટ ઓરિજિનેટ (આંશિક રીતે શરૂ) કરવામાં આવશે તથા વડોદરા-બાજવા વચ્ચે રદ રહેશે.

૨) ટ્રેન નંબર ૨૨૯૬૦ જામનગર–વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ ટ્રેન તારીખ ૧૧ જુલાઇ થી લઈને ૧૩ જુલાઈ ૨૦૨૬ ના રોજ બાજવા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ કરવામાં આવશે તથા બાજવા-વડોદરા વચ્ચે રદ રહેશે.

સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## ચીનની ધમકી સામે ભારતનો દૃઢ સંકલ્પ

ભારત, ચીન અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો દાયકાઓથી એશિયાની ભૂ રાજનીતિનું કેન્દ્ર રહ્યા છે. એક તરફ ભારત શાંતિ, સહઅસ્તિત્વ અને પરસ્પર સન્માનની નીતિમાં વિશ્વાસ રાખે છે, તો બીજી તરફ ચીન અને પાકિસ્તાન સમયાંતરે ભારત પર રાજકીય, વ્યૂહાત્મક અને આર્થિક દબાણ લાવવાના પ્રયાસો કરતાં રહ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં સરહદી વિવાદો, આતંકવાદ, જળસુરક્ષા અને વેપાર જેવા મુદ્દાઓએ આ સંબંધોને વધુ જટિલ બનાવ્યા છે. ભારતે હંમેશા સંવાદ દ્વારા સમસ્યાઓ ઉકેલવાનો પ્રયાસ કર્યો છે, પરંતુ જ્યારે દેશના હિતો પર સીધી અસર થતી હોય ત્યારે કડક નિર્ણયો લેવામાં પણ ભારતે કોઈ સંકોચ દાખવ્યો નથી.

તાજેતરમાં સિંધુ જળ વ્યવસ્થાપનને લઈને ભારતે લીધેલા નિર્ણયો પછી પાકિસ્તાનમાં પાણીની સમસ્યા વધુ ગંભીર બની છે. પાકિસ્તાનને મળતા સિંધુ નદીના પાણી પર ભારતે નિયંત્રણ કડક બનાવતાં ત્યાં કૃષિ, પીવાના પાણી અને વીજ ઉત્પાદન જેવા ક્ષેત્રોમાં મુશ્કેલીઓ ઊભી થઈ છે. આ પરિસ્થિતિમાં ચીને ભારતને પરોક્ષ રીતે ચેતવણી આપવાનો પ્રયાસ કર્યો છે કે જો ભારત પાકિસ્તાન તરફ જતું પાણી રોકશે તો ચીન પણ તિબેટમાંથી વહેતી બ્રહ્મપુત્ર નદીના પાણી અંગે પગલાં લઈ શકે છે. આ નિવેદન માત્ર રાજકીય ટિપ્પણી નથી, પરંતુ જળને વ્યૂહાત્મક હથિયાર તરીકે ઉપયોગ કરવાની માનસિક્તા દર્શાવે છે.જળ એ માનવજીવનનો આધાર છે અને કોઈપણ દેશ માટે પાણીનો પ્રશ્ન માત્ર કુદરતી સંસાધનનો નહીં પરંતુ રાષ્ટ્રીય સુરક્ષાનો પણ વિષય છે. વિશ્વભરમાં વધતી જતી પાણીની અછતને ધ્યાનમાં લેતા અનેક દેશો પાણીના ્રોતો પર પોતાનું નિયંત્રણ મજબૂત બનાવી રહ્યા છે. ભારત પણ આ દિશામાં પોતાના હિતોને સુરક્ષિત રાખવા માટે જરૂરી પગલાં લઈ રહ્યું છે. સિંધુ જળ સંધિનું વર્ષો સુધી પાલન કર્યા પછી જો પાકિસ્તાન ભારત વિરુદ્ધ આતંકવાદને પ્રોત્સાહન આપતું રહે અને દ્વિપક્ષીય સંબંધોને નુકસાન પહોંચાડે તો ભારત માટે પોતાની નીતિનું પુનર્મૂલ્યાંકન કરવું સ્વાભાવિક છે.ચીને બ્રહ્મપુત્ર નદી પર વિશાળ બંધો અને જળવિદ્યુત યોજનાઓ ઊભી કરવાની યોજના બનાવી છે. ભારતની ચિંતા એ છે કે ઉપરવાસમાં થતા આવા પ્રોજેક્ટોનો અસરકારક પ્રભાવ અરુણાચલ પ્રદેશ, આસામ અને સમગ્ર ઉત્તર-પૂર્વ ભારત પર પડી શકે છે. જો નદીના કુદરતી પ્રવાહમાં મોટાપાયે ફેરફાર થાય તો કૃષિ, પર્યાવરણ અને લાખો લોકોના જીવન પર ગંભીર અસર થઈ શકે છે. જોકે આંતરરાષ્ટ્રીય નદી વ્યવસ્થાપનમાં કોઈપણ દેશ માટે મનસ્વી રીતે પાણી અટકાવવું સરળ નથી. તે માટે વૈશ્વિક કાયદા, રાજદ્વારી દબાણ અને પર્યાવરણીય જવાબદારીઓ પણ મહત્વની ભૂમિકા ભજવે છે.ભારતે ચીનની આડકતરી ધમકીને ગભરાટથી નહીં પરંતુ આત્મવિશ્વાસથી જવાબ આપ્યો છે. ભારત આજે માત્ર દક્ષિણ એશિયાની જ નહીં પરંતુ વૈશ્વિક સ્તરે મહત્વપૂર્ણ આર્થિક અને વ્યૂહાત્મક શક્તિ તરીકે ઉભરી રહ્યું છે. ક્વાડ જેવા મંચોમાં ભારતની સક્રિય ભૂમિકા, ઇન્ડો-પેસિફિક ક્ષેત્રમાં વધતો પ્રભાવ અને અનેક દેશો સાથેના મજબૂત સંબંધો ભારતની રાજદ્વારી ક્ષમતાને વધુ મજબૂત બનાવે છે. આવી સ્થિતિમાં માત્ર ધમકીના આધારે ભારતને પોતાના રાષ્ટ્રીય હિતોથી પાછળ હટાવી શકાય તેમ નથી.આ સમગ્ર ઘટનાક્રમે એક મહત્વનો સંદેશ પણ આપ્યો છે કે પાણી ભવિષ્યના સંઘર્ષનું સૌથી મોટું કારણ બની શકે છે. તેથી ભારતે આંતરિક સ્તરે જળસંચય, નદી જોડાણ, વરસાદી પાણીનો સંગ્રહ અને પાણીના કાર્યક્ષમ ઉપયોગ જેવી યોજનાઓને વધુ વેગ આપવાની જરૂર છે. જો દેશ પોતાની જળસંપત્તિનું વૈજ્ઞાનિક સંચાલન કરશે તો કોઈપણ બાહ્ય દબાણની અસર ઘણી હદ સુધી ઓછી થઈ શકે છે.

## રીમઝીમ વરસાદમાં નિર્જીવ શિલ્પોનું ઈમોશનલ એક્સપોઝર....



**ફ્રાઈડે ફોટો સ્ટોરી**
- જયદીપ એ. દવે.

વર્ષા ઋતુનો જાદુ માત્ર સજીવ સૃષ્ટિ કે પ્રકૃતિ પૂરતો જ સીમિત નથી રહેતો,ક્યારેક તે નિર્જીવમાં પણ પ્રાણ ફૂંકી દેતો હોય એવી કલ્પનાને આ વરસાદી દશ્યો જાણે સાકાર કરતા હોય એવું લાગે છે. ચાલુ વરસાદ દરમિયાન ઝડપાયેલી આ તસવીરોમાં રૂપાણી સર્કલ ખાતે વર્ષા ઋતુના બ્રાન્ડ એમ્બેસેડર સમા મોરનું શિલ્પ જાણે આનંદથી ટહુકી ઊઠ્યું હોય એવો અહેસાસ કરાવે છે. તો વેલિંગ્ટન સર્કલ પર સ્થાપિત ખુલ્લા કેશવાળું સ્ત્રીનું શિલ્પ રિમઝિમ વરસતી દરેક બુંદને મનભરીને અનુભવી રહ્યું હોય તેવી અનુભૂતિ કરાવે છે. બીજી તરફ, એ જ ક્ષણે એક સજીવ ( વ્યસ્ક ) છત્રીનો સહારો લઈને વરસાદથી બચવાનો પ્રયાસ કરતો જોવા મળે છે. એક જ વરસાદ... છતાં દરેકની અનુભૂતિ અલગ."

# ભલે સંજોગ દુઃખી કરે, સ્વભાવથી દુઃખી ના થવું

**વિશેષ**

માણસ સ્વભાવે ગમે એટલો શાંત હોય પણ પોતાની પ્રિય પત્નીને રથ હાંકતા ચાબુકનો માર ઝીલતાં જોઈ - કોણ દુઃખી ના થાય. કયા પતિને ક્રોધ ના પડે! છતાં શ્રીકૃષ્ણ સ્થિર રહ્યાં. તે રથની આગળ દુર્વાસા સામે હાથ જોડી નતમસ્તકે ઊભા રહ્યાં

એકવાર મહર્ષિ દુર્વાસા ફરતા ફરતા દ્વારકા પહોંચ્યા. શ્રીકૃષ્ણએ ઉમળકાભેર તેમનું સ્વાગત કર્યું. તેમને રહેવા માટે ઉત્તમ ખંડની અને નાનામાં નાની જરૂરિયાતોની વ્યવસ્થા કરી. પણ દુર્વાસા વિચિત્ર સ્વભાવના હતા. તે ઘણીવાર અકલ્પ્ય વર્તન કરતા. ક્યારેક તે હજ્જારો માણસો જમે તેટલું ભોજન ઓહિયાં કરી જતા. ક્યારેક માંડ બે કોળિયા જમતા! ક્યારેક કહ્યા વગર નીકળી જતા, મોડી રાતે પાછા ફરતા ક્યારેક ખડખડાટ હસતા, તો ક્યારેક ધ્રુસકે ધ્રુસકે રડતા. એક દિવસ ગાદલાં, રજાઈ, ઓશિકાં સળગાવી દીધાં. શ્રીકૃષ્ણ તેમનું આ અજુગતનું વર્તન જોયા કરતા. એક દિવસ સૌ પરવારીને બેઠાં હતા ત્યારે તે શ્રીકૃષ્ણ પાસે આવ્યાં. હમણાંને હમણાં ખીર ખાવાની ઈચ્છા વ્યક્ત કરી. શ્રીકૃષ્ણએ સહેજ પણ ખચકાયા વગર તેમના માટે ગરમાગરમ ખીર બનાવડાવી. થોડી ખાધી. પછી તેમની એંઠી ખીર શ્રીકૃષ્ણ સામે ધરી. ''કૃષ્ણ, આ ખીર તમારા આખા શરીને ચોડી દો.'' શ્રીકૃષ્ણએ પગના તળિયા સિવાય આખા શરીરે એંઠી ખીર ચોપડી દીધી. અને આજ્ઞા લઈ બચેલી ખીર ત્યાં ઊભેલી રૂકિમણીના શરીરે લગાવી દીધી!! એવામાં દુર્વાસા ઊભા થયા. તેમણે ત્યાં ઘોડા વગરનો રથ પડેલો જોયો.. રૂકિમણીનો હાથ પકડી ઘોડાની જગ્યાએ જોતરીને રથ પર ચઢી ગયા. એટલું જ નહિ, ઘોડાને હંકારવા સારથિ ચાબુક ફટકારે એમ રૂકિમણીને ચાબુક ફટકાર્યો!! ત્યાં કુટુંબીજનો તથા દશાર્હવંશી યાદવો હાજર હતા. સૌના ભવાં ચડી ગયાં. કેટલાકનો હાથ હથિયાર સુધી પહોંચી ગયો. શ્રીકૃષ્ણએ ઈશારાથી બાજી સંભાળી લીધી. રૂકિમણી રથ હાંકતા હતા. પાછળ શ્રીકૃષ્ણ દોડતા હતા. રથ દ્વારકાના રસ્તે આગળ વધતો હતો. રૂકિમણી થાક્યાં. બેહોશ થઈ પડી ગયાં. માણસ સ્વભાવે ગમે એટલો શાંત હોય પણ પોતાની પ્રિય પત્નીને રથ હાંકતા ચાબુકનો માર ઝીલતાં જોઈ - કોણ દુઃખી ના થાય. કયા પતિને ક્રોધ ના પડે! છતાં શ્રીકૃષ્ણ સ્થિર રહ્યાં. તે રથની આગળ દુર્વાસા સામે હાથ જોડી નતમસ્તકે ઊભા રહ્યાં.''ભગવન, શાંત થાવ, અમારા પર પ્રસન્ન થાવ '' દુર્વાસા રથમાંથી ઊતર્યા કહ્યું.'' (જિતઃક્રોધસ્વયા કૃષ્ણ પ્રકૃત્યૈવ મહાભુજ) હે મહાબાહુ કૃષ્ણ, તમે તમારા શાંત સ્વભાવથી ક્રોધને જીતી લીધો છે. હું પ્રસન્ન છું. તમે શરીરના જે અંગો પર ખીર લાગવી છે તે અંગો પર ગમે તેટલો પ્રહાર થશે છતાં તેને મૃત્યુનો ભય નહીં કરે. પણ મકૃષ્ણ, તમે પગના તળિયે ખીર લગાવવાનું ભૂલી ગયા ? (જ્યારે જીવનલીલા સમેટવા શ્રીકૃષ્ણ પીપળાના વૃક્ષ નીચે બેઠા હતા ત્યારે જરા નામના પારધીના તીક્ષ્ણ બાણે તેમના પગના તળિયાને વીંધી નાખ્યું હતું. આ બાણ પરમ ધામમાં લીન થવા નિમિત્ત બન્યું હતું!) આગળ રૂકિમણી તરફ ફરીને દુર્વાસાએ કહ્યું, ''કલ્યણી તમે પણ આ ખીર ચોપડી છે એટલે તમારો દેહ કદી વૃધ્ધ નહિ થાય. કદી રોગ નહિ થાય. તમારો દેહ તેજસ્વી અને સુગંધીદાર રહેશે. તમને યશ અને કીર્તિ પ્રાપ્ત થશે. આફતને આશીર્વાદમાં ફેરવી મહર્ષિ દુર્વાસા અંતર્ધાન થઈ ગયા. જે બાળકનો જન્મ જેલમાં થયો હોય, જેને મારવા વારંવાર પ્રયત્નો થયા હોય. એવા બાળકની ગોકુળથી દ્વારકા સુધીની જીવનયાત્રા તપાસીએ તો સમજાય કે શ્રીકૃષ્ણનું જીવન સરળ નહોતું. તે ડગલેને પગલે સંજોગોના શિકાર બન્યા હતા. છતાં સ્થિતપ્રજ્ઞાની માફક તેમના શાંત સ્વભાવને લીધે કદી દુઃખી થયા નથી.''

દક્ષિણ આફ્રિકામાં સમાનતા સલામત રાખવા અને રંગભેદની નીતિ નાબૂત કરવાની લડતમાં નેલ્સન મંડેલાને જેલની સજા થઈ. રોબિન દ્વીપમાં તે સત્યાવીસ વર્ષો જેલમાં રહ્યાં ત્યાં એક જેલર તેમના પર અમાનુષી ત્રાસ ગુજારતો, ભૂખ્યા, તરસ્યા રાખતો, તેમના પર પેશાબ કરતો બીજો એક વકીલ હતો. જેણે મંડેલાના સત્યાગ્રહ વિરૂધ્ધ કોર્ટમાં કેસ દાખલ કરી 'ડેથપેનલ્ટી'ની ભલામણ કરી હતી. ૧૯૯૦માં નેલ્સન મંડેલા છૂટયા ફરી એકવાર પ્રમુખ તરીકે ચુંટાયા, પ્રમુખપદની સોગંધવિધિ વખતે તેમણે એ જેલર અને વકીલને માનપૂર્વક વી.આઈ.પી. ગેસ્ટ તરીકે મંચ પર બોલ્યા હતા. એકવાર પૂર્વ અમેરિકન પ્રમુખ બિલ ક્લિન્ટને આ બાબતે પૂછયું ત્યારે મંડેલાએ કહ્યું હતું. ''સર, હું જેલમાં ગયો. મને જેલમાં જે ત્રાસ અપાયો એ પરિસ્થિત વશ હતો, વિચારભેદનું દુઃખદ પરિણામ હતું.

# ગુજરાતની નદીઓ પર હવે રબ્બર ડેમ બનશે!!

## વોટર કન્ઝર્વેશન ક્ષેત્રે ગુજરાત રાષ્ટ્રમાં નંબર વન બનશે, હવે સિમેન્ટ કોન્ટ્રાક્ટના ડેમ નહીં બને પરંતુ રબ્બરના ડેમની નવી ટેકનોલોજી આવી ચૂકી છે નાના અને મધ્યમ કક્ષાના ડેમ હવે રબરના બનશે

**આસપાસ ચોપાસ** — સુરેશ ભટ્ટ

જળ સંરક્ષણ અને સિંચાઈના ક્ષેત્રે ગુજરાત સતત નવી ટેકનોલોજી અપનાવી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'કેચ ધ રેઈન' અભિયાનને વેગ આપવા અને રાજ્યના દૂરના વિસ્તારોમાં પાણીની સુવિધા મજબૂત કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની આગેવાની હેઠળ ઘણા ભગીરથ પ્રયાસો થઈ રહ્યા છે. આ જ કડીમાં છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના રાજવાસણા ગામ નજીક હેરણ નદી પર અત્યાધુનિક રબર ડેમ અને તાપી જિલ્લાના ડોલવણ તાલુકાના પાઠકવાડી ગામે અંબિકા નદી પર બીજા રબર ડેમનું નિર્માણ થઈ રહ્યું છે. આ બંને પ્રોજેક્ટ ગુજરાતની જળ ટેકનોલોજીમાં એક નવા યુગની શરૂઆત કરે છે.

રબર ડેમ એ પરંપરાગત કોંક્રિટ કે સ્ટીલના ગેટવાળા ડેમ કરતાં સંપૂર્ણપણે અલગ ટેકનોલોજી છે. તેમાં મજબૂત રબરના સ્તરો (બ્લેડર) વડે બનેલો મોટો ફૂલેલો ગાદલો હોય છે, જે સ્થાયી કોંક્રિટ બેઝ પર સ્થાપિત કરવામાં આવે છે. સામાન્ય સ્થિતિમાં આ બ્લેડરમાં હવા ભરી (ઈન્ફ્લેટ) દેવામાં આવે છે, જેના કારણે તે ફૂલીને પાણીનો અવરોધ ઊભો કરે છે અને નદીના પાણીને સંગ્રહે છે. જ્યારે ચોમાસામાં પૂરનું જોખમ હોય અથવા વધુ પાણી છોડવાની જરૂર પડે, ત્યારે તેમાંથી હવા ખાલી કરી (ડિફ્લેટ) દેવામાં આવે છે. આ ડેમ સંપૂર્ણપણે સપાટ થઈ જાય છે અને નદીનો પ્રવાહ એકદમ સરળતાથી તેની ઉપરથી વહી જાય છે.

આ ડેમની સૌથી વિશાળ વિશેષતા તેનું પાણી સંગ્રહ અને પ્રવાહ નિયંત્રણની ક્ષમતા છે. સ્ટીલના ગેટથી બનેલા જૂના બંધોમાં સમય જતાં નદીની તળિયે રેતી અને કાંપ જમા થઈ જાય છે, જેના કારણે સંગ્રહ ક્ષમતા ઘટી જાય છે. પરંતુ રબર ડેમમાં હવા ખાલી કરી દેતાં આ કાંપ સરળતાથી વહી જાય છે, જેનાથી પાણી સંગ્રહની ક્ષમતા ઘણા વર્ષો સુધી યથાવત રહે છે. શિયાળા અને ઉનાળામાં ખેતી માટે આ ડેમ પૂરતું પાણી સંગ્રહી શકે છે. આ ડેમને 'એર-ફિલ્ડ' પદ્ધતિથી કાર્યરત કરવામાં આવે છે, જેમાં જીઝ્રછઢછ ઓટોમેશન સિસ્ટમ દ્વારા કમ્પ્યુટરથી જ ઈન્ફ્લેટ અને ડિફ્લેટનું કામ થાય છે, જેનાથી મેનપાવરની જરૂર રહેતી નથી. તાપી જિલ્લાના પાઠકવાડી રબર ડેમ માટે જાપાની ડિઝાઈન (જાપાનીઝ કોડ ૨૦૦૦) અને દક્ષિણ કોરિયાનું ઉચ્ચ ગુણવત્તાવાળું રબર બ્લેડર (૧૮થી ૩૨ મિમી જાડાઈ) વપરાયું છે, જે ૫૦ ડિગ્રી સેલ્સિયસથી વધુ તાપમાન સહન કરી શકે છે અને તેનો આયુષ્યકાળ ૩૦ વર્ષ જેટલો લાંબો છે.

આ રબર ડેમ કોઈ પણ સ્વરૂપના સામાન્ય ડેમ કરતાં ખેડૂતો માટે કાયમી ઉપાય સાબિત થશે. છોટાઉદેપુરના રાજવાસણા રબર ડેમના નિર્માણથી આસપાસના ૨૫ ગામોના ૩,૪૨૦ હેક્ટર જેટલી વિશાળ ખેતીલાયક જમીનને રવી અને ખરીફ બંને સિઝનમાં સિંચાઈ માટેનું પાણી મળશે. માત્ર નહેરો દ્વારા જ નહીં, ભવિષ્યમાં આ નહેરોને ગામોના તળાવો સાથે જોડી દેવામાં આવશે, જેના કારણે આ પંથકમાં પીવાના અને સિંચાઈના પાણીની સમસ્યા કાયમ માટે દૂર થઈ જશે. તાપી જિલ્લાના પાઠકવાડી ગામે આ રબર ડેમથી અંદાજે ૬૫૦ હેક્ટર જમીન સીધી રીતે સિંચાઈ હેઠળ આવશે. આ ઉપરાંત, પાણીનો મોટો જથ્થો (રાજવાસણા ખાતે ૩.૫ મિલિયન ક્યુબિક મીટર અને પાઠકવાડી ખાતે ૩.૫૦ લાખ ઘન મીટર) સંગ્રહાશે, જે ભૂગર્ભ જળ સ્તરને નોંધપાત્ર રીતે ઊંચું લાવશે. આ ફાયદાથી કુવાઓ અને ટ્યુબવેલ શુષ્ક નહીં થાય, જેનો સ્થાનિક સમાજ અને ખેડૂતોને ભવિષ્યમાં કાયમી લાભ મળશે.

રબર ડેમનો સૌથી મહત્વનો ફાયદો પૂર સમયે થાય છે. ભારે પૂરના સમયે આ ડેમને સંપૂર્ણપણે ડિફ્લેટ કરી શકાય છે, જેથી નદીમાં પાણીના જથ્થા માટે કોઈ અવરોધ ન રહે અને પૂરનું પાણી ઝડપથી નીચે તરફ વહી જાય. આ કારણે નદી કિનારાનાં ગામો પૂરના ભયાનક નુકસાનથી સુરક્ષિત રહે છે. ઉદાહરણ તરીકે, રાજવાસણા રબર ડેમ પ્રોજેક્ટમાં નદીના કાંઠે ફ્લડ પ્રોટેક્શન વોલ પણ બનાવવામાં આવી રહી છે, જે લાંબા ગાળે સ્થાનિક સમુદાય માટે સુરક્ષાનું કવચ સાબિત થશે. તદુપરાંત, દક્ષિણ ગુજરાતના તાપી જિલ્લાની ભૌગોલિક સ્થિતિ સમતળ હોવાથી ત્યાં ઊંચા ચેકડેમનું બાંધકામ શક્ય ન હતું. પરંપરાગત બેરેજના સ્થાને આ રબર ડેમની પસંદગી કરવામાં આવી છે, જે ભૌગોલિક પડકારોનો ઉત્તમ તકનીકી ઉપાય છે.



હાલમાં આ બંને અત્યાધુનિક રબર ડેમ પ્રોજેક્ટ નિર્માણાધીન અવસ્થામાં છે. રાજવાસણા ખાતે ૧૮૦ મીટર લંબાઈ અને ૩.૫ મીટર ઉંચાઈ ધરાવતો આ ડેમ અંદાજે ૮૨.૯૭ કરોડ રૂપિયાના ખર્ચે બની રહ્યો છે, જેનું ૭૫ ટકા કામ પૂર્ણ થઈ ચૂક્યું છે. તેનું સંપૂર્ણ સંચાલન આગામી ૩૦ મહિના (સપ્ટેમ્બર ૨૦૨૭ સુધી)માં શરૂ થવાની આશા છે. જ્યારે તાપી જિલ્લાના પાઠકવાડી ખાતે ૭૯.૧૩ કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ થઈ રહેલા ૨૮૦ મીટર લાંબા (૪ સ્પાન) રબર ડેમનું કામ ૯૦ ટકા પૂર્ણ થઈ ચૂક્યું છે. આ યોજનાઓમાં ફક્ત બાંધકામ જ નહીં, પરંતુ આગામી ૧૦ વર્ષ સુધી ઓપરેશન અને મેઈન્ટેનન્સ (O&M)નો કોન્ટ્રાક્ટ પણ સામેલ છે.

આ રબર ડેમની સફળતા ગુજરાતમાં પાણી સંચયની દિશા બદલી નાખશે. આ ટેકનોલોજી માત્ર સિંચાઈ સુધી મર્યાદિત નથી, પરંતુ ભવિષ્યમાં દરિયાકાંઠાના વિસ્તારોમાં દરિયાના ખારા પાણીને નદીના મીઠા પાણીમાં ભળતું અટકાવવા 'ટાઈડલ રેગ્યુલેટર' તરીકે પણ આ ડેમનો વિનિયોગ થઈ શકે છે. ખેડૂતોની આવક વધારવી અને ગામડાંઓને સ્વાવલંબી બનાવવા માટે આ પ્રકારની ટેકનોલોજી મહત્ત્વપૂર્ણ સાબિત થશે. સરકારના આ અભિનવ પ્રયાસે ગુજરાતની ભૂખરી ધરતીને લીલી કરવાનું મજબૂત કવચ સ્થાપિત કર્યું છે.

# મેચ દરમિયાન બેન સ્ટોક્સના નિવૃત્તિની જાહેરાતનો વીડિયો જાહેર કરવા મામલે આઈસીસી નારાજ

## આઈસીસીએ ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડને નોટીસ ફટકારી



નવીદિલ્હી,

ન્યૂઝીલેન્ડ સામેની ત્રીજી ટેસ્ટમાં ચોથા દિવસની રમત દરમિયાન મેચ દરમિયાન બેન સ્ટોક્સના નિવૃત્તિની જાહેરાતનો વીડિયો જાહેર કરવા અંગે આઈસીસીએ ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડને પત્ર મોકલ્યો છે. નોટિંગહામ સ્ટેડિયમમાં કિવીઝ સામેની ત્રીજી ટેસ્ટમાં ચોથા દિવસની રમત શરૂ થાય તે પહેલાં બેન સ્ટોક્સે ડ્રેસિંગ રૂમમાં તેના સાથી ખેલાડીઓને નિવૃત્તિની જાહેરાત કરી. ઈસીબીએ આખી વાતચીતનો વીડિયો રેકોર્ડ કર્યો અને તેને બ્રોડકાસ્ટર સાથે શેર કર્યો. ચોથા દિવસે રમતના બીજા સત્રના અંત પહેલા સ્ટોક્સની નિવૃત્તિના સમાચાર જાહેર કરવામાં આવ્યા હતા, અને આ વીડિયો પણ ચલાવવામાં આવ્યો હતો.આઈસીસીએ હવે ઈસીબીને એક પત્ર મોકલ્યો છે જેમાં કહેવામાં આવ્યું છે કે ફૂટેજ પ્રકાશિત કરવાથી આંતરરાષ્ટ્રીય મેચોમાં પ્લેયર્સ અને મેચ ઓફિસિયલ્સ એરિયા માટે નિર્ધારિત ધોરણોનું ઉલ્લંઘન થાય છે.સ્પોર્ટ્સ અનુસાર, આ બાબતે ઈસીબીને આઈસીસીના પત્રમાં જણાવાયું છે કે પીએમઓએ (પ્લેયર્સ મેચ ઓફિસિયલ્સ એરિયા) ના કલમ ૨.૨.૧૧ માં જણાવાયું છે કે યજમાન બોર્ડે ખાતરી કરવી જોઈએ કે ટીમો દ્વારા વિડિયો કે ઓડિયો ફૂટેજ પ્રસારિત કરવા માટે ઉપયોગમાં લેવાતા કોઈપણ ડ્રેસિંગ રૂમમાં કોઈ ફિક્સ્ડ કે ટેમ્પરરી વિડિયો કેમેરા કે અન્ય રેકોર્ડિંગ સાધનો ઈન્સ્ટોલ ન કરવામાં આવે. આઈસીસીએ તેના પત્રમાં જણાવ્યું હતું કે ઈસીબીએ ટેસ્ટના અંત પહેલા સ્ટોક્સની વાતચીતના ફૂટેજ અને ઓડિયો રેકોર્ડ કરીને અને પ્રસારિત કરીને આ નિયમનું ઉલ્લંઘન કર્યું છે.આઈસીસીએ અગાઉ ઈસીબીને સલાહ આપી હતી કે પીએમઓએમાં શૂટ કરાયેલા કોઈપણ ફૂટેજમાં ઓડિયો હોવો જોઈએ નહીં અને મેચ પહેલા તેને રિલીઝ ન કરવો જોઈએ.

બેન સ્ટોક્સના નિવૃત્તિના વીડિયોને મેચ દરમિયાન રિલીઝ કરવા અંગે આઈસીસીના પત્ર અંગે ઈસીબી કે આઈસીસી દ્વારા કોઈ નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી. ઈસીબીના ચેરમેન રિચાર્ડ થોમ્પસન આઈસીસીના ચેરમેન જય શાહ સાથે મળ્યા બાદ, ૫ જુલાઈના રોજ રમાયેલી મહિલા ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ ફાઈનલના એક દિવસ પહેલા આઈસીસીએ ઈસીબીને આ પત્ર મોકલ્યો હતો.

# સૌરવ ગાંગુલીનો ICC હોલ ઓફ ફેમમાં સમાવેશ



નવીદિલ્હી,

ભારતના ભૂતપૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીને તેમના ૫૪મા જન્મદિવસેૈંઝ્રઝ્ર હોલ ઓફ ફેમમાં સામેલ કરવામાં આવશે, જે ક્રિકેટના સર્વોચ્ચ વ્યક્તિગત સન્માનોમાંનો એક છે. આ સાથે, આ સાઉથપૉ આ સન્માન મેળવનાર ૧૨મો ભારતીય અને ૧૦મો ભારતીય પુરુષ ક્રિકેટર બનશે, જેનો ઔપચારિક સમાવેશ ૧૧ જુલાઈ, શનિવારના રોજેૈંઝ્રઝ્ર સમારોહ દરમિયાન થશે, જે ગવર્નિંગ બોડીના વાર્ષિક પરિષદ પછી થશે.

ઉલ્લેખનીય છે કે, ગાંગુલી હોલ ઓફ ફેમમાં પહેલાથી જ સમાવિષ્ટ ભારતીય ક્રિકેટ મહાન ખેલાડીઓની પ્રતિષ્ઠિત યાદીમાં જોડાશે, જેમાં સુનિલ ગાવસ્કર, સચિન તેંડુલકર, રાહુલ દ્રવિડ, વીરેન્દ્ર સેહવાગ, બિશન સિંહ બેદી, કપિલ દેવ, અનિલ કુંબલે, વિનુ માંકડ, ડાયના એડુલજી, નીતુ ડેવિડ અને એમએસ ધોનીનો સમાવેશ થાય છે.ભૂતપૂર્વ ભારતીય કેપ્ટને સોશિયલ મીડિયા પર કૃતજ્ઞતાના સંદેશ સાથે આ જાહેરાત પર પ્રતિક્રિયા આપી, આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ અને તેના અધ્યક્ષ જય શાહનો આભાર માન્યો.

"મને હોલ ઓફ ફેમમાં સામેલ કરવા બદલૈંઝ્રઝ્ર અને ચેરમેન જય શાહનો આભાર. આ એક મોટું સન્માન છે.

# અભિષેક શર્માએ વાંધાજનક પોસ્ટ અને લિંક્સ દૂર કરવા માટે દિલ્હી હાઈકોર્ટમાં અરજી દાખલ કરી



મુંબઈ,

ભારતીય ક્રિકેટ ટીમના વિસ્ફોટક ઓપનિંગ બેટ્સમેન, અભિષેક શર્મા, જે હાલમાં ઈંગ્લેન્ડમાં રમાઈ રહેલી પાંચ મેચની ટી ૨૦ શ્રેણીમાં રમી રહ્યા છે, તેમણે દિલ્હી હાઈકોર્ટમાં સોશિયલ મીડિયા પર કરવામાં આવેલી વાંધાજનક પોસ્ટ્સ દૂર કરવા માટે અરજી દાખલ કરી હતી. આ કેસમાં અભિષેક શર્માનું પ્રતિનિધિત્વ કરતા તેમના વકીલે એક વધારાનું સોગંદનામું દાખલ કર્યું હતું જેમાં હજુ સુધી દૂર કરવામાં આવેલા યુઆરએલની વિગતો આપવામાં આવી હતી. આ બાબત અંગે, ન્યાયાધીશ જ્યોતિ સિંહે જણાવ્યું હતું કે તેઓ અભિષેક શર્મા દ્વારા દાખલ કરાયેલા કેસમાં તેમના વ્યક્તિત્વના અધિકારોનું રક્ષણ કરવા માટે વચગાળાનો આદેશ જારી કરશે.અભિષેક શર્માનું પ્રતિનિધિત્વ કરતા વકીલે જણાવ્યું હતું કે એક વધારાનું સોગંદનામું દાખલ કરવામાં આવ્યું હતું, જેમાં દૂર કરવાના બાકી રહેલા યુઆરએલની વિગતો આપવામાં આવી હતી. અભિષેક શર્માના વકીલે જણાવ્યું હતું કે કેટલીક પોસ્ટ પહેલાથી જ દૂર કરવામાં આવી છે, પરંતુ ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ પર બે પોસ્ટ અને બીજી પોસ્ટ, જેમાં અપમાનજનક ભાષા હતી, તે હજુ સુધી દૂર કરવામાં આવી નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે ફ્લિપકાર્ટ અને એમેઝોને પણ અભિષેક શર્માના ફોટાનો ઉપયોગ તેમની પરવાનગી વિના વ્યાપારી હેતુઓ માટે કર્યો છે, જેને દૂર કરવો આવશ્યક છે. મેટાનું પ્રતિનિધિત્વ કરતા વકીલે જણાવ્યું હતું કે બંને સોશિયલ મીડિયા પોસ્ટ દૂર કરવામાં આવશે, જ્યારે એમેઝોનના વકીલે જણાવ્યું હતું કે તેઓ કોર્ટના આદેશનું પાલન કરશે અને તેમની પરવાનગી વિના અભિષેક શર્માના ફોટાનો ઉપયોગ કરતા યુઆરએલ દૂર કરશે.

ઈંગ્લેન્ડ સામે ચાલી રહેલી ટી ૨૦ શ્રેણીમાં અભિષેક શર્મા ફોર્મમાં રહ્યો છે, પરંતુ તે પોતાની ઈનિંગ લંબાવી શક્યો નથી. ટીમ ઈન્ડિયા પાસે હવે શ્રેણી ડ્રો પર પૂર્ણ કરવાની માત્ર એક જ તક છે.

# ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬માં ગોલ્ડન બૂટ માટે મેસ્સી અને હોલેન્ડ વચ્ચે સ્પર્ધા



નવીદિલ્હી,

ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ માં, જ્યાં ૬૪ ટીમો ટાઈટલ માટે સ્પર્ધા કરી રહી હતી, ત્યાં ફક્ત ૮ ટીમો બાકી છે, અને ૫૬ ટીમો પહેલાથી જ તેમની સફર પૂર્ણ કરી ચૂકી છે. વર્લ્ડ કપનો ક્વાર્ટર-ફાઈનલ તબક્કો ૧૦ જુલાઈથી શરૂ થશે, અને બધાની નજર આ ઈવેન્ટ પર છે. ચાહકો પણ ગોલ્ડન બૂટની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, જેમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિનાના કેપ્ટન લિયોનેલ મેસ્સી હાલમાં રેસમાં આગળ છે, પરંતુ કાયલિયન એમબાપ્પે અને એર્લિંગ હાલેન્ડ તરફથી સખત સ્પર્ધાનો સામનો કરવો પડી રહ્યો છે. ફિફા વર્લ્ડ કપમાં સૌથી વધુ ગોલ કરનાર ખેલાડીને ગોલ્ડન બૂટ આપવામાં આવે છે, જ્યારે બીજા અને ત્રીજા સ્થાને રહેલા ખેલાડીને સિલ્વર અને બ્રોન્ઝ બૂટ મળે છે.

આર્જેન્ટિનાએ રાઉન્ડ ઓફ ૧૬માં અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું છે, જેમાં ઈજિપ્ત સામેની છેલ્લી મેચમાં ૨-૦થી વાપસી કરીને ૩-૨થી વિજય મેળવ્યો હતો અને ક્વાર્ટર ફાઈનલમાં સ્થાન મેળવ્યું હતું. લિયોનેલ મેસ્સીનો ગોલ, ત્રીજો ગોલ, આર્જેન્ટિનાની જીતમાં મહત્વપૂર્ણ સાબિત થયો. આ સાથે, તે ફરી એકવાર ટુર્નામેન્ટના ગોલ્ડન બૂટ માટેની રેસમાં ટોચના સ્થાને પહોંચી ગયો છે. મેસ્સીએ અત્યાર સુધીમાં આઠ ગોલ કર્યા છે, ત્યારબાદ કાયલિયન એમબાપ્પે સાત ગોલ અને બે આસિસ્ટ સાથે છે. નોર્વેના એર્લિંગ હાલેન્ડ ત્રીજા ક્રમે છે, બંનેએ સાત-સાત ગોલ કર્યા છે. ક્વાર્ટર ફાઈનલમાં, જ્યારે ત્રણેય ખેલાડીઓ તેમની ટીમોને સેમિફાઈનલમાં પહોંચવામાં મદદ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે, ત્યારે તેઓ ગોલ કરીને રેસમાં ટકી રહેવાનો પણ પ્રયાસ કરશે.મેસ્સીએ હજુ સુધી ગોલ્ડન બૂટ જીત્યો નથી.

# રોહિત શેટ્ટીનો શો ખતરોં કે ખિલાડી-૧૫ ઓગસ્ટના પહેલા અઠવાડિયામાં પ્રસારિત થશે



મુંબઈ,

'ખતરોં કે ખિલાડી ૧૫' મૂળ રીતે ૨૫ જુલાઈ, ૨૦૨૬ ના રોજ પ્રસારિત થવાનો હતો, પરંતુ ઈ બ્લેકઆઉટને કારણે સ્ટંટ-આધારિત રિયાલિટી શોને પાછળ ઠેલવામાં આવ્યો છે. ભારતના સૌથી લોકપ્રિય સ્ટંટ-આધારિત રિયાલિટી શોની નવી રિલીઝ તારીખની જાહેરાત માટે દર્શકો લાંબા સમયથી રાહ જોઈ રહ્યા હતા, અને તે આખરે આવી ગયુંછે. નિર્માતાઓએ રોહિત શેટ્ટી દ્વારા હોસ્ટ કરાયેલા શોના પ્રીમિયર અંગે સોશિયલ મીડિયા પર એક ખાસ અપડેટ શેર કર્યું. તેમણે એક નવો પ્રોમો વિડીયો પણ પોસ્ટ કર્યો, જેમાં રમુજીથી લઈને ભયાનક દ્રશ્યો દર્શાવવામાં આવ્યા છે.રોહિત શેટ્ટી દ્વારા હોસ્ટ કરાયેલા 'ખતરોં કે ખિલાડી ૧૫' ને એક અઠવાડિયા માટે મુલતવી રાખવામાં આવ્યો છે. બહુપ્રતિક્ષિત રિયાલિટી શો હવે શનિવાર, ૧ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ પ્રીમિયર થશે. નવી રિલીઝ તારીખની જાહેરાત કરતા, નિર્માતાઓએ સોશિયલ મીડિયા પર એક નવો પ્રોમો રિલીઝ કર્યો. તેને શેર કરતા, કલર્સ ટીવીએ લખ્યું, "તમે તમારા જીવન પર દાવ લગાવશો, કારણ કે ભયનો એક નવો યુગ શરૂ થઈ રહ્યો છે! ૧ ઓગસ્ટથી શરૂ થતા 'ખતરોં કે ખિલાડી ૧૫' ને દર શનિવાર અને રવિવારે રાત્રે ૯ વાગ્યે, ફક્ત કલર્સ અને જિયો હોટસ્ટાર પર જોઈ શકાશે

રોહિત શેટ્ટીના લોકપ્રિય શો "ખતરોં કે ખિલાડી ૧૫" માં ગૌરવ ખન્ના, રૂબીના દિલૈક, કરણ વાહી, રિત્વિક ધંજાની, અવિનાશ મિશ્રા, જસ્મીન ભસીન, હર્ષ ગુજરાલ, વિશાલ આદિત્ય સિંહ, અવિકા ગોર, શગુન શર્મા, ફરહાના ભટ અને સોશિયલ મીડિયા પર્સનાલિટી ઓરી સહિત અનેક મોટા સ્પર્ધકો ભાગ લેશે. આ સિઝનમાં ઘણા ભૂતપૂર્વ "ખતરોં કે ખિલાડી" સ્પર્ધકો પણ પરત ફર્યા છે, જે અનુભવી ડેરડેવિલ્સ અને નવા ચેલેન્જર્સનું રસપ્રદ મિશ્રણ બનાવે છે.

# અમે ફક્ત અલગ ઘરમાં રહેતા હતા : પ્રિન્સ નરુલા અને યુવિકા ચૌધરીએ છૂટાછેડાની અફવાઓ પર મૌન તોડ્યું



મુંબઈ,

કેટલાક સમયથી, પ્રખ્યાત સેલિબ્રિટી કપલ પ્રિન્સ નરુલા અને યુવિકા ચૌધરીના લગ્ન જીવન અંગે સોશિયલ મીડિયા અને મીડિયા વર્તુળોમાં છૂટાછેડાની અફવાઓ ફેલાઈ રહી છે. હવે, પહેલીવાર, સ્ટાર કપલે આ અફવાઓ વિશે ખુલ્લેઆમ વાત કરી છે અને પોતાનું મૌન તોડ્યું છે. નેહા ધૂપિયા અને અંગદ બેદીના ટોક શો "ડબલ ડેટ" માં હાજરી આપતા, પ્રિન્સ અને યુવિકાએ સમજાવ્યું કે કેવી રીતે એક નાની ગેરસમજ ગંભીર બાબતમાં પરિણમી. તેઓએ તેમની ગર્ભાવસ્થા, પ્રસૂતિ પછીના માનસિક તણાવ અને તેમના જીવનના સૌથી મુશ્કેલ તબક્કા વિશે હૃદયસ્પર્શી વાર્તાઓ પણ શેર કરી.છૂટાછેડાની અફવાઓ વિશે સત્ય જાહેર કરતા, પ્રિન્સ નરુલાએ ખુલાસો કર્યો કે લોકોએ તેમના એક વ્લોગમાંથી નિવેદનને સંપૂર્ણપણે સંદર્ભની બહાર લીધું હતું. પ્રિન્સે કહ્યું કે તે તેમના માટે ખૂબ જ તણાવપૂર્ણ સમય હતો. તે પોતાના નવા ઘર પર કામ કરી રહ્યો હતો અને સાથે સાથે પોતાના વ્યાવસાયિક જીવનનું પણ સંચાલન કરી રહ્યો હતો. પ્રિન્સ ઈચ્છતો હતો કે તેનું બાળક નવા ઘરમાં રહે. નવીનીકરણને કારણે, ઘણી બધી ધૂળ અને ગંદકી હતી, જેનો અનુભવ યુવિકાને થઈ શકે છે, તેથી પ્રિન્સે તેણીને થોડા સમય માટે તેના માતાપિતાના ઘરે જવાની સલાહ આપી. દરમિયાન, એક વ્લોગમાં, પ્રિન્સે કહ્યું, "અમે હવે સાથે નથી રહેતા," જેનો સીધો અર્થ એ થયો કે અંતરને કારણે તેઓ અલગ ઘરમાં રહેતા હતા, પરંતુ લોકો માની રહ્યા હતા કે તેમનો સંબંધ સમાપ્ત થઈ ગયો છે. આ દંપતીએ કહ્યું કે શરૂઆતમાં તેઓ આ અફવાઓથી નારાજ હતા, પરંતુ પછીથી તેમને ખ્યાલ આવ્યો કે તેમને બહારની દુનિયા સમક્ષ પોતાને સમજાવવાની જરૂર નથી.

માતા બન્યા પછીના પોતાના અનુભવોની ચર્ચા કરતા, યુવિકા ચૌધરીએ ડિલિવરી પછી થતા શારીરિક અને માનસિક ફેરફારો વિશે સ્પષ્ટતાથી વાત કરી. તેણીએ સમજાવ્યું કે આ યાત્રા માનસિક અને શારીરિક બંને રીતે ખૂબ જ પડકારજનક હતી. વજન વધવાને કારણે તેનો આત્મવિશ્વાસ ઘટી ગયો હતો, અને તે પોતાની અંદર એક વિચિત્ર યુદ્ધ લડી રહી હતી. યુવિકાના મતે, તે સમયે, વ્યક્તિ પોતાની લાગણીઓ સાથે સંઘર્ષ કરી રહી હોય છે, બહારની દુનિયાને ભૂલી રહી હોય છે. ક્યારેક તમે અપેક્ષા રાખો છો કે કોઈ તમને સમજે અને સાંત્વના આપે, પરંતુ વાસ્તવમાં, તે ખૂબ જ વ્યક્તિગત યાત્રા છે.

શો દરમિયાન, જ્યારે અંગદ બેદીએ યુવિકાને પૂછ્યું કે તેણીએ તેને કેવી રીતે દૂર કરી, ત્યારે યુવિકા તેના આંસુ રોકી શકી નહીં અને ભાંગી પડી. તેણીએ તેને તેના જીવનનો સૌથી મુશ્કેલ સમય ગણાવ્યો.

# શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગી | ત | જ્ઞા | મ | દ | મ | દ | ગ | ણ | બૂ | ક્ષ | ન |
| ગ | ક | ઈ | ન | ભો | લ | ર | તુ | મા | દા | કા | કા |
| ગુ | ઝ | ર | આ | ઈ | ળ | ગુ | સા | અ | ક્રો | ભો | ળો |
| લા | ભો | લ | શ | કુ | મ | બિ | ભો | ક | ગુ | ચા | સા |
| મ | બિ | ભા | કા | ના | ડો | ળ | ત | મા | અ | મ | ધ |
| જ્ઞા | કુ | સા | મ | વિ | ણિ | હા | ન | ચ | ક | ચા | ર |
| ધ | બ | ઊ | સા | પ્રા | એ | ર | હા | ઉ | કી | દ | ડ |
| તા | પ | સ | ચી | શિ | જી | પ્રા | મ | એ | ચ | મ | ઊ |
| સ | ભા | લ | ર | વા | ળ | ધ | અ | મ | રી | દ | કુ |
| બિ | રા | સા | ર | ઈ | જ | હિ | ચી | દ | બા | દ | ડ |
| સ | ગી | તુ | ક્રો | ગ | બં | ધ | કા | મા | ર | મ | ણે |
| મા | કા | ક | લ | ન | ફ | કા | આ | દ | રો | ઈ | ગ |

શબ્દ શોધો

ગઝલ, ગુમનામ, ગુમાન, ગુલામ, ચક્ચાર, ચમચી, જ્ઞાન, ડમરી, ડમરો, તાપસ

# લોક અપ -૨ માં આકાંક્ષા ચૌધરીએ શ્રેયા કાલરાને ધમકી આપી



મુંબઈ,

'લોક અપ ૨' ના તાજેતરના એપિસોડમાં આકાંક્ષા ચૌધરી અને શ્રેયા કાલરા વચ્ચે ઉગ્ર દલીલ થઈ. પરિસ્થિતિ એટલી વણસી ગઈ કે આકાંક્ષાએ તેના સાથી સ્પર્ધકની કારકિર્દી બરબાદ કરવાની ધમકી પણ આપી. આ ઉગ્ર દલીલ ત્યારે શરૂ થઈ જ્યારે શ્રેયાએ એક ટાસ્ક દરમિયાન આકાંક્ષાને ઈજા પહોંચાડી, જેના કારણે તેના નાક પર ખંજવાળ આવી ગઈ. ગુસ્સે થઈને, "સ્પ્લિટ્સવિલા ૧૬" ફેમ આકાંક્ષાએ શિલ્પા શિંદેની પણ ટીકા કરી અને "બિગ બોસ ૧૧" માં તેની જીત પર સવાલ ઉઠાવ્યા.

આકાંક્ષા ચૌધરીને હોસ્ટ દ્વારા ડિજિટલ કેન્ટીનને સ્પર્શ કરવાની મનાઈ ફરમાવી હતી, પરંતુ તેણીએ આ નિયમનું ઉલ્લંઘન કર્યું. શ્રેયાએ તેને રોકવાનો પ્રયાસ કર્યો ત્યારે તેણીએ તેના પર કાબુ મેળવ્યો, અને શ્રેયાએ આકસ્મિક રીતે આકાંક્ષા ચૌધરીને માર માર્યો. આ ઘટના બાદ, ગુસ્સે થયેલી આકાંક્ષાએ શ્રેયાને કહ્યું, "જો હું બહાર હોત, તો મેં તને કૂતરાની જેમ માર માર્યો હોત." એપિસોડ પ્રસારિત થયા પછી તરત જ, આકાંક્ષા અને શ્રેયાની લડાઈ ઈન્ટરનેટ પર ચર્ચાનો વિષય બની ગઈ, જેના કારણે લોક અપ સીઝન ૨ ના સ્પર્ધકોમાં હલચલ મચી ગઈ, ઘણા દર્શકોએ આકાંક્ષાના વર્તનની ટીકા કરી.

"લોક અપ ૨" માં, શ્રેયા અન્ય સ્પર્ધકો સાથે વાત કરી રહી છે ત્યારે આકાંક્ષા યોગેશ રાવત સાથે બેઠી છે. આકાંક્ષા ફરીથી ગુસ્સે થઈ જાય છે, કહે છે, "હું કરાર દ્વારા બંધાયેલી છું, નહીં તો હું બચી શકીશ નહીં."

# રાઘવ જુયાલ આગામી કોમેડી ફિલ્મ ભાઈ તેરા સ્ટાર હૈમાં ભ્રામક વ્યક્તિની ભૂમિકામાં જોવા મળશે




મુંબઈ,

ગયા મહિને જ્યારે રાઘવ જુયાલે પ્રભાવશાળી અભિનેત્રી નિહારિકા એનએમ સાથેના હૂંફાળા ફોટા પોસ્ટ કર્યા, ત્યારે અનુમાન લગાવવાની રમતો શરૂ થઈ ગઈ. કેટલાકને આશ્ચર્ય થયું કે શું તેઓ ડેટિંગ કરી રહ્યા છે, જ્યારે કેટલાકને લાગ્યું કે તે કદાચ ફિલ્મની જાહેરાત માટે હશે. જોકે, થોડીવાર પછી, રાઘવે તેની નવી ફિલ્મ ભાઈ તેરા સ્ટાર હૈની જાહેરાત કરી, અને ચાહકોને તેમનો જવાબ મળી ગયો. આ ફિલ્મ ૩૦ જુલાઈએ રિલીઝ થવાની છે, જે બોક્સ ઓફિસ પર હોલીવુડની મહાન ફિલ્મ, સ્પાઈડર-મેનઃ બ્રાન્ડ ન્યૂ ડે સાથે ટકરાશે.ભાઈ તેરા સ્ટાર હૈનું ટ્રેલર રિલીઝ રાઘવ જુયાલ તેની આગામી ફિલ્મ, ભાઈ તેરા સ્ટાર હૈમાં મુખ્ય ભૂમિકા ભજવે છે, જ્યાં તે "ભ્રામક અભિનેતા" ની ભૂમિકા ભજવે છે. ૯ જુલાઈએ રિલીઝ થયેલ ટ્રેલર નાયકની વિચિત્ર દુનિયાની ઝલક આપે છે, જે જીવનને એક ફિલ્મ તરીકે જુએ છે, અને તે, તેમાં અભિનેતા. ટ્રેલર શેર કરતા, નિર્માતાઓએ લખ્યું, "ગુગલ પર 'સ્ટાર' શોધ કરવા કી જરૂરત નહીં! હમ ટ્રેલર મેં સારે લે આયે હૈં." તેમણે ફિલ્મને "કોન્ફિડન્સઃ ફુલ", "પ્લાનિંગઃ ઝીરો" અને "એન્ટરટેઈનમેન્ટઃ ૧૦૦" તરીકે વર્ણવીને એક મજેદાર ટ્વિસ્ટ ઉમેર્યો, અને પછી જાહેરાત કરી કે "ભાઈ તેરા સ્ટાર હૈ"નું ટ્રેલર હવે રિલીઝ થઈ ગયું છે.

# શ્રી નરેશભાઈ પટેલના જન્મદિવસે રાજકોટ સહિત ૭૫થી વધુ સ્થળે યોજાશે મેગા બ્લડ ડોનેશન કેમ્પ

## ૧૧ જુલાઈએ શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ અને સદજ્યોતા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન



રાજકોટ:
શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેનશ્રી નરેશભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે છેલ્લા ઘણા વર્ષોથી મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ત્યારે આ વર્ષે પણ શ્રી નરેશભાઈ પટેલના ૬૧મા જન્મદિવસે રાજકોટ સહિત ગુજરાત અને ગુજરાત બહાર કુલ ૭૫થી વધુ સ્થળે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ અને સદ્જયોતા ચેરિટેબલ ટ્રસ્ટ-રાજકોટના સંયુક્ત ઉપક્રમે ૧૧ જુલાઈ ને શનિવારે સવારે ૮ થી બપોરે ૧૨ વાગ્યા સુધી રાજકોટ શહેરમાં વિવિધ ત્રણ સ્થળે મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે. આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં રક્તદાન કરીને આ રાષ્ટ્રસેવામાં સહભાગી થવા જાહેર જનતાને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

જરૂરિયાતમંદ દર્દીઓને રક્ત સમયસર રક્ત મળી રહે તેવા ઉમદા હેતુથી છેલ્લા ૨૬ વર્ષથી શ્રી નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ દર વર્ષે તેઓના જન્મદિવસે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે. વર્ષોથી સર્વરોગ નિદાન કેમ્પ, રક્તદાન કેમ્પ, કુદરતી આપત્તિઓમાં સહાય સહિતના સેવાકીય કાર્યો કરવામાં આવી રહ્યા છે.

જેમાં હજારોની સંખ્યામાં રક્તદાતાઓ રક્તદાન કરી જરૂરિયાતમંદ દર્દીઓને શ્રી નરેશભાઈ પટેલના માધ્યમથી રક્ત પહોંચાડે છે. રક્તદાન કેમ્પમાં તમામ સમાજના ભાઈઓ-બહેનો મોટી સંખ્યામાં જોડાઈને ઉત્સાહથી રક્તદાન કરે છે. આ વર્ષે પણ શ્રી નરેશભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ અને સદ્જયોતા ચેરિટેબલ ટ્રસ્ટ-રાજકોટના સંયુક્ત ઉપક્રમે ૧૧ જુલાઈના રોજ મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે. રાજકોટ શહેરમાં (૧) સરદાર પટેલ ભવન, ન્યૂ માયાણીનગર (૨) પટેલવાડી, બેડીપરા અને (૩) રાધેશ્યામ બેન્ક્વેટહોલ, કોઠારીયા રોડ ખાતે મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે. આ ઉપરાંત ગોંડલ, ધોરાજી, મેટોડા, જસદણ, ખામટા, જેતપુર, જૂનાગઢ, કેશોદ, વિસાવદર, ભેસાણ, મેંદરડા, ગીર સોમનાથના વેરાવળ, તાલાલા ગીર, ગીર ગઢડા, ભાવનગર, મહુવા, રાજુલા, પોરબંદર, અમરેલી, લાઠી, સાવરકુંડલા, કુંકાવાવ, વડીયા, દામનગર, ધારી, બાબરા, ચલાલા, બગસરા, મોરબી, સુરેન્દ્રનગર, અંકલેશ્વર, મહેસાણા, જામનગર શહેરમાં ૭ સ્થળે, વિભાપર, ઠેબા, નંદપુર, મોડપર, સુમરા, હરીપર, ભાદરા, મજોઠ, લતીપુર, ધ્રોલ, નિકાવા, મોટા વડાળા, ખરેડી, પાતા મેઘપર, પીપરટોડા, મહીસાગર, હિંમતનગર, પાટણ, અમદાવાદ, સુરત, વડોદરા, રાજપીપળા, વલસાડ, મુંબઈ, ચેન્નાઈ, મધ્યપ્રદેશના ઝરખેડા અને તીલગારા ખાતે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જાહેર જનતાને આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં જોડાઈને રક્તદાન કરી માનવ સેવાના આ ભગીરથ કાર્યમાં સહભાગી થવા અપીલ કરવામાં આવી છે. વિવિધ સેવાકીય કાર્યો હાથ ધરાશે શ્રી નરેશભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે મેગા બ્લડ ડોનેશન કેમ્પ ઉપરાંત વિવિધ સેવાકીય કાર્યો પણ હાથ ધરવામાં આવશે. જેમાં ભરૂચ, અંકલેશ્વર, ભાવનગર, અરવલ્લી, પાલનપુર અને બોટાદ ખાતે વિવિધ આશ્રમોમાં અનેવૃદ્ધાશ્રમોમાં ભોજન કરાવવામાં આવશે. આ ઉપરાંત બોટાદ, અમદાવાદ અને ભાવનગર ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમયોજાશે. જ્યારે બોટાદમાં ગાયોને ઘાસચારો નાખવામાં આવશે અને નિકાવા અને ખરેડી ખાતે સર્વરોગ નિદાન-ચિકિસ્તા કેમ્પનું પણ ૧૧ જુલાઈના રોજ આયોજન કરાયું છે. આમ શ્રી નરેશભાઈ પટેલના જન્મદિવસની વિવિધ સેવાકીય કાર્યો થકી પ્રેરણાદાયી ઉજવણી કરવામાં આવશે.

# રાજકોટમાં જન્માષ્ટમી લોકમેળામાં ખાણીપીણીના સ્ટોલના ભાવમાં ૫ થી ૧૦ ટકાનો વધારો સંભવ

## આયોજન સમિતિ દ્વારા લે-આઉટ તૈયાર: યાંત્રિક રાઈડસના ભાવો યથાવત રહેશે



રાજકોટ,
રાજકોટના લોકમેળાનું વિશેષ મહત્વ છે. દર વર્ષે લાખો લોકોની ભીડને આકર્ષતા ભવ્ય જન્માષ્ટમી લોકમેળાના આયોજનને લઈને વહીવટી તંત્ર દ્વારા અત્યારથી જ તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. સપ્ટેમ્બર મહિનામાં યોજાનારા આ લોકમેળા માટે આયોજન સમિતિ દ્વારા લે-આઉટ તૈયાર કરી જિલ્લા કલેક્ટરને સુપરત કરી દેવામાં આવ્યો છે. ટૂંક સમયમાં સત્તાવાર રીતે લે-આઉટ જાહેર કરવામાં આવશે.

મેળામાં આવતા સ્ટોલ ધારકો માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. લોકમેળા સમિતિની ‘રેટ રિવિઝન કમિટી’ દ્વારા તૈયાર કરાયેલા અહેવાલ મુજબ, વિવિધ રાઈડ્સ, ખાણી-પીણીના સ્ટોલ અને રમકડાંની દુકાનોના ભાડામાં ૫ થી ૧૦ ટકા સુધીનો વધારો થવાની પૂરેપૂરી સંભાવના છે. આ અહેવાલ કલેક્ટર દ્વારા મંજૂર થયા બાદ અપસેટ પ્રાઈઝ નક્કી કરવામાં આવશે અને ત્યારબાદ ફોર્મ વિતરણની પ્રક્રિયા શરૂ થશે.

એક તરફ સ્ટોલના ભાડા વધવાના એંધાણ છે, ત્યારે બીજી તરફ મુલાકાતીઓ માટે રાહતના સમાચાર એ છે કે, યાંત્રિક રાઈડ્સના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર નાની રાઈડ્સ: ૩૫ રૂપિયા યથાવત મોટી રાઈડ્સ ૫૦ રૂપિયા યથાવત રાખવા આવશે.

# સિંહનાં હુમલામાં યુવાનના મોત અંગે ઉંડા દુ:ખની લાગણી વ્યકત કરતા સાંસદ પરિમલ નથવાણી

## ચોમાસુ સિંહ માટે મેટિંગ અને આરામનો સમય: ખેલલ ન પહોંચાડો



રાજકોટ,
અમરેલી જિલ્લાના લીલીયા પંથકમાં સિંહના હુમલામાં એક યુવકના કરુણ મોતની ઘટનાએ સમગ્ર સૌરાષ્ટ્રમાં ચકચાર મચાવી દીધી છે. આ ગંભીર ઘટનાને ગંભીરતાથી લઈને રાજ્યસભાના સાંસદ પરિમલભાઈ નથવાણીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને મહત્વપૂર્ણ ટિપ્પણી કરી છે. તેમણે આ ઘટના પાછળના કારણો અને સિંહ સાથેના સહ-અસ્તિત્વ અંગે મહત્વના મુદ્દાઓ રજૂ કર્યા છે.

સાંસદ પરિમલભાઈ નથવાણીએ જણાવ્યું હતું કે, આ ઘટના ત્યારે બની જ્યારે યુવક ગેરકાયદે સિંહ દર્શન માટે ગયો હતો. તેમણે ચેતવણી આપી હતી કે, જ્યારે પણ જંગલ વિસ્તારમાં ગેરકાયદેસર રીતે સિંહને જોવાનો પ્રયત્ન કરવામાં આવે છે, ત્યારે તેના પરિણામો હંમેશા ઘાતકી અને જીવલેણ સાબિત થઈ શકે છે. માનવસહજ ઉત્સુકતા ક્યારેક વ્યક્તિના જીવ પર ભારે પડી શકે છે, જે આ કિસ્સામાં જોવા મળ્યું છે.

સાંસદે વન્યજીવ પ્રેમીઓ અને સ્થાનિકોને સમજાવતા જણાવ્યું કે, હાલનો સમય ચોમાસાનો છે, જે સિંહો માટે મેટિંગ અને આરામનો સમય છે. આ ગાળા દરમિયાન સિંહો વધુ સંવેદનશીલ હોય છે અને તેમની સુરક્ષા માટે જ આ સમયે ગીર સહિતના જંગલ વિસ્તારમાં સફારી પણ બંધ રાખવામાં આવે છે. આવા સમયે જંગલની નજીક જવું કે સિંહની શોધ કરવી એ મોટા જોખમને આમંત્રણ આપવા સમાન છે.પરિમલભાઈ નથવાણીએ ગીરના લાંબા અનુભવના આધારે કહ્યું કે, આપણે ગીરમાં વર્ષોથી સિંહ અને માણસના અતૂટ સહ-અસ્તિત્વને જોયું છે. આ સંસ્કૃતિને જાળવી રાખવી અત્યંત આવશ્યક છે. તેમણે તમામ નાગરિકોને અપીલ કરી હતી. કે સિંહને કનડગત થાય તેવી તમામ પ્રવૃત્તિઓથી દૂર રહેવું જોઈએ. વન વિભાગના નિયમોનું પાલન કરવું એ જ માત્ર એક રસ્તો છે જેનાથી સિંહ અને મનુષ્ય બંને સુરક્ષિત રહી શકે. આ ઘટના બાદ વન વિભાગ દ્વારા પણ આ વિસ્તારમાં પેટ્રોલિંગ વધારી દેવામાં આવ્યું છે અને લોકોને જંગલ વિસ્તારમાં ન જવા માટે સૂચના આપવામાં આવી છે.

# આંતરરાષ્ટ્રીય હેન્ડબોલમાં ભાવેશ તાવિયાએ ગોલ્ડ મેડલ જીતી સૌરાષ્ટ્ર યુનિ.નું ગૌરવ વધાર્યું



રાજકોટ,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માટે ગૌરવ અને આનંદની વધુ એક ઐતિહાસિક ક્ષણ સર્જાઈ છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સાથે સંલગ્ન સખીદા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, લીંબડીમાં સેમેસ્ટર-૩માં અભ્યાસ કરતા પ્રતિભાશાળી હેન્ડબોલ ખેલાડી ભાવેશ બાબુભાઈ તાવિયાએ આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભારતનું પ્રતિનિધિત્વ કરીને ગોલ્ડ મેડલ જીતતા સમગ્ર ગુજરાત તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું નામ વિશ્વસ્તરે ગૌરવપૂર્ણ બનાવ્યું છે.ગુજરાત રાજ્યમાંથી માત્ર એક ખેલાડી તરીકે ભાવેશ તાવિયાની પસંદગી ભારતીય જુનિયર મેન્સ હેન્ડબોલ ટીમમાં કરવામાં આવી હતી. સ્પર્ધા પૂર્વે ઉત્તરાખંડ ખાતે યોજાયેલા ૧૦ દિવસીય રાષ્ટ્રીય કોચિંગ કેમ્પમાં તેણે ઉત્કૃષ્ટ દેખાવ કરીને ભારતીય ટીમમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું હતું.

ત્યારબાદ તા. ૧૦ થી ૧૪ જૂન, ૨૦૨૬ દરમિયાન ઢાકા (બાંગ્લાદેશ) ખાતે યોજાયેલી ભારતીય ટીમે શાનદાર પ્રદર્શન કરીને ચેમ્પિયન બનવાનો ગૌરવ મેળવ્યો હતો અને ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો હતો. આ ઐતિહાસિક સિદ્ધિમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ખેલાડી ભાવેશ તાવિયાનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું હતું. ભાવેશ તાવિયા હાલમાં સખીદા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, લીંબડીમાં સેમેસ્ટર-૩માં અભ્યાસ કરે છે, જ્યાં શારીરિક શિક્ષણના અધ્યાપક ડો. વિપુલ પરમારના માર્ગદર્શન હેઠળ તેણે સતત પ્રગતિ કરી છે.

આ વર્ષે આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભારતનું પ્રતિનિધિત્વ કરનાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો ભાવેશ તાવિયા પાંચમો ખેલાડી બન્યો છે. તેમજ આંતરરાષ્ટ્રીય હેન્ડબોલમાં ભારતનું પ્રતિનિધિત્વ કરનાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રથમ પુરુષ ખેલાડીઓમાં ભાવેશ તાવિયાનું નામ ગૌરવપૂર્વક નોંધાયું છે, જે સમગ્ર યુનિવર્સિટી પરિવાર માટે ગર્વની બાબત છે. આ સિદ્ધિ બદલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડો. ઉત્પલ જોશી, રજિસ્ટ્રાર અજયસિંહ જાડેજા, ઈન્ચાર્જ શારીરિક શિક્ષણ નિયામક ડો. હરીશ રાબા તેમજ યુનિવર્સિટીના તમામ શારીરિક શિક્ષણના અધ્યાપકોએ ભાવેશ તાવિયાને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

## સૌ.યુનિવર્સિટી સાથે સંલગ્ન સખીદા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, લીંબડીમાં સેમેસ્ટર-૩માં અભ્યાસ કરતા છાત્રની સિધ્ધી

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સી.સી.ડી.સી. દ્વારા મુખ્ય માહિતી ખાતાની પરીક્ષાનાં કોચીંગ વર્ગોનો પ્રારંભ થશે




રાજકોટ,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેરિયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર (સી.સી.ડી.સી.) દ્વારા તા. ૨૧ને મંગળવારથી નાયબ માહિતી નિયામક, વર્ગ-૧, સહાયક માહિતી નિયામક (સંપાદન), વર્ગ-૨ તથા સિનિયર સબ એડિટર અને માહિતી મદદનીશ (વર્ગ-૩) મુખ્ય પરીક્ષાનાં કોચીંગ વર્ગોનો પ્રારંભ થશે. તાલીમ વર્ગમાં જોડવા ઈચ્છતા ઉમેદવારો તા.૨૦ જુલાઈ સુધીમાં ગ્રાઉન્ડ ફલોર, સીસીડીસી બિલ્ડીંગ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે તેમનું રજિસ્ટ્રેશન ફોર્મ ટોકન શુલ્ક સાથે ૧ પાસપોર્ટ સાઈઝનો ફોટો સાથે લાવવાનો રહેશે.

# રાજકોટ કોટડીયા પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મેગા બ્લડ ડોનેશન અને સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો



રાજકોટ,રાજકોટ કોરડીયા પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગઈકાલ તા.૭ને બુધવારના રોજ મેગા બ્લડ ડોનેશન અને સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો હતો. તેમાં બ્લડ કેમ્પમાં એકત્ર થયેલ ૩૫૦ યુનિટ બ્લડ સિવિલ હોસ્પિટલ તેમજ જીવનદીપ બ્લડ બેંકને અર્પણ કરવામાં આવેલ. આ કેમ્પમાં નિ:શુલ્ક મેડીકલ ચેકઅપ કેમ્પ પણ રાખેલ. જેનો ૩૦૦ દર્દીઓએ લાભ લીધેલ. કેમ્પમાં કોટડીયા પરિવારના તેમજ કોટડીયા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ કોટડીયા, ઉપપ્રમુખ યજ્ઞેશ કોટડીયા, મંત્રી જતીનભાઈ કોટડીયા, ખજાનચી ચંદ્રેશભાઈ કોટડીયા, સહિત વિવિધ સમાજના અગ્રણીઓ, મહાનુભાવો તેમજ રાજકીય આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહેલ.

# હર ભોલે...પત્રકાર અરૂણ ભટ્ટે ચારધામ યાત્રા પૂર્ણ કરી

## કેદારનાથ, બદ્રીનાથ,યમુનોત્રી, ગંગોત્રીના ચરણોમાં શીશ નમાવી જીવન ધન્ય બનાવ્યુ





રાજકોટ,દર વર્ષેની માફક આ વર્ષે પણ દેશભરના શ્રધ્ધાળુઓ લાખોની સંખ્યામાં ચારધામ દર્શન માટે ઉમટી રહ્યાં છે. લાખો લોકો દર્શન કરી પરત ફરી રહયા તેમાના એક અમરેલીના પત્રકાર અરુણકુમાર ભટ્ટે કેદારનાથ, બદ્રીનાથ,યમુનોત્રી, ગંગોત્રીના ચરણોમાં શીશ નમાવી ચારધામ યાત્રા સફળતાપૂર્વક પાર કરી જીવનને ધન્ય બનાવ્યું છે.

રોજબરોજ બનતી ઘટનાઓને વાચા આપતા પત્રકાર અરુણકુમાર ભટ્ટે ૫૫ વર્ષેની યશસ્વી જીવન સફરમાં ૧૧ જ્યોતિર્લિંગ, બે વખત પશુપતિનાથ મહાદેવ (નેપાળ), અતિ કઠીન અમરનાથ યાત્રા, માતા વૈષ્ણોદેવી (કટરા) સહિત કાશ્મીર થી કન્યાકુમારી સુધી સમગ્ર ભારતભરમાં ભ્રમણ ઉપરાંત તેઓ સ્વિમિંગ ક્ષેત્રે નેશનલ કક્ષાનો ગોલ્ડ મેડલ મેળવી ગુજરાતનુ નામ પણ રોશન કરી ચુકયા છે આ વર્ષે તેમણે કુટુંબીજનો બનેવી હિતેશભાઈ જોષી,(નિવૃત અંબુજા સિમેન્ટ-કોડીનાર) રાજેશભાઈ વ્યાસ,(જેટકો-ચિતલ, મહાવીર ઈલેકટ્રીક સ્ટોર) સ્નેહીજન વિપુલભાઈ મહેતા (અમદાવાદ)અને બહેનો ભગવતીબેન, જયશ્રીબેન, ભાણેજો સાથે ચારધામમાં શીશ નમાવી "સૌનુ કલ્યાણ થાઓ" તેવી મંગલકારી ભાવના સાથે યાત્રા પૂર્ણ કરી જીવનને ધન્ય બનાવ્યુ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ વર્ષે ગત તા. ૧૯ એપ્રિલના યમુનોત્રી, ગંગોત્રી અને તા. ૨૩ કેદારનાથ, તા. ૨૪ બદ્રીનાથના કપાટ ખુલતા ચારધામ યાત્રા શરૂ થતાં લાખોની સંખ્યામાં રજીસ્ટ્રેશન થતાં દેશભરના લાખો શ્રધ્ધાળુઓએ કઠીન-પડકારજનક ગણાતી યાત્રા પૂર્ણ કરી રહ્યા છે જે હજુ અવિરત શરૂ છે.

# વધુ ૧૦ સર્કલ ખાનગી પાર્ટીને સોંપાશે

## સોરઠીયાવાડી, પેડક રોડ સહિતના ચોકમાં પ્રિમીયમ સાથે ઓફર મંગાવતી મનપા

રાજકોટ:મહાપાલિકા દ્વારા શહેરના વધુ ૧૦ સર્કલ પ્રીમિયમથી આપવા ટેન્ડર પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. હવેથી તમામ ટ્રાફિક સર્કલ અને ટ્રાફિક આઈલેન્ડ પ્રીમિયમ વસૂલીને જ આપવા કરાયેલા નિર્ણય મુજબ આ ૧૦ સર્કલ પણ પ્રીમિયમથી જ ડેવલપ કરવા અપાશે.

શહેરનાં ઈસ્ટ તથા સેન્ટ્રલ ઝોનનાં મુખ્ય રસ્તાઓ પર આવેલ (૧) સોરઠીયાવાડી સર્કલ, ૮૦ ફૂટ રોડ (૨) જલગંગા ચોક, સંતકબીર રોડ (૩) સેટેલાઈટ ચોક, પેડક રોડ (૪) બાલક હનુમાન ચોક, પેડક રોડ (૫) આહીર સર્કલ, નહેરૂનગર ૮૦ ફૂટ રોડ (૬) માધાપર મેઈન રોડ-એઈમ્સ રોડ જંકશન સર્કલ (૭) સ્વ.નારણભાઈ કુંગસિયા ચોક,વોર્ડ ઓફીસ ૩-ડ સામે, રેલનગર વિસ્તાર (૮) સ્વામિનારાયણ ચોક, કૃષ્ણનગર મેઈન રોડ (૯) કોલસાવાડી સર્કલ, ગેબનશાહ પીર રોડ પર આવેલ સર્કલ (૧૦) રેલ્વે સ્ટેશન સામે સાધુ વાસવાણી ચોકનું આઈલેન્ડ જનભાગીદારીથી ડેવલપ કરવા તથા પાંચ વર્ષ માટેના ઓપરેશન એન્ડ મેન્ટેનન્સ સહિતના રાઈટસ મેળવવા ઈચ્છુક સંસ્થાઓ, પેઢીઓએ પ્રતિ સર્કલ કે પ્રતિ આઈલેન્ડ નિયત થયેલ અપસેટ વાર્ષિક પ્રિમિયમ ભરવાનું રહેશે.

આ માટેનું ટેન્ડર તા.૨૩નાં રોજ સાંજે ૬કલાક સુધીમાં ટ્રાફીક એન્ડ ટ્રાન્સપોર્ટ શાખા, મલ્ટી એક્ટીવીટી સેન્ટર, ત્રીજો માળ, નાનામવા ચોકડી, ૧૫૦ ફૂટ રીંગ રોડ ખાતે રજૂ કરવાનું રહેશે તેમ વિભાગે જણાવ્યું છે.

# સેન્ટ્રલ ગવર્મેન્ટ પેન્શનરોને કેસલેસ સારવાર માટે વોકહાર્ટ હોસ્પિટલની મંજુરી મળતા ખુશી

## રાજકોટ અને સૌરાષ્ટ્રના ૧૦૦૦થી વધુ પેન્શનરોને સુવિધા મળશે

રાજકોટ, રાજકોટ સેન્ટ્રલ ગવર્મેન્ટ પેન્શનર્સ એસો.ની સેન્ટ્રલ ગવર્મેન્ટ હેલ્થ સ્કીમના વેલનેસ સેન્ટર માટેની સતત મહેનત અને રજૂઆતો વડાપ્રધાન અને આરોગ્ય મંત્રીને કરેલ. તેને ધ્યાને લઈને કેન્દ્ર સરકારે રાજકોટ તથા નજીકના જીલ્લા જામનગર, જુનાગઢ, પોરબંદરમાં કેન્દ્ર સરકારના પેન્શનરો જે સેન્ટ્રલ ગવર્મેન્ટ હેલ્થ સ્કીમના આઈપીડી કાર્ડ ધરાવે છે. તેમની કેસલેસ સારવાર માટે રાજકોટની વોકહાર્ટ હોસ્પિટલને મંજૂરી આપવામાં આવી છે.

ગુજરાતમાં રાજકોટ પહેલુ સ્થળ છે જેના કેન્દ્ર સરકારના પેન્શનર્સને આ સુવિધા મળેલ છે.

આ કાર્યને સફળ બનાવવામાં સાંસદ સભ્યો રૂપાલા, મોકરીયા, ડો.માંડવીયા, રાજકોટ કલેક્ટર ડો.ઓમપ્રકાશ તથા હસુભાઈ દવે, બીએમએસ નેતા અને પ્રેસ મીડિયાનો સહકાર મળ્યો છે. સૌરાષ્ટ્રના કેન્દ્ર સરકારના પેન્શનર્સ હવે રાજકોટ કેસ લેસ સારવાર લઈ શકશે. અમદાવાદ જવું નહી પડે એ સૌથી ઉત્તમ બાબત છે. રાજકોટ અને સૌરાષ્ટ્રના ૧૦,૦૦૦થી વધુ નિવૃત કર્મચારીઓને લાભ મળશે તેમ પ્રમુખ કિશોરસિંહ જાડેજા અને સેક્રેટરી બી.જી. ગોસાઈની યાદીમાં જણાવાયું છે.

# મહાદેવ બુક એપ ગેમ્બલિંગ કેસમાં સીબીઆઈએ ૬ ચાર્જશીટ દાખલ કરી

## સીબીઆઈએ મુખ્ય સુત્રધાર સૌરભ ચંદ્રાકર અને રવિ ઉપ્પલ તેમજ જેમના વિરુદ્ધ અગાઉ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી તેમના વિરુદ્ધ વધારાના પુરાવા પણ રજૂ કર્યા

નવીદિલ્હી,

મહાદેવ એપ સંબંધિત ભ્રષ્ટાચારના કેસમાં, સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) એ ૦૬ આરોપીઓ જેવા કે અસીમ દાસ, રોહિત ગુલાટી, વિકાસ છાપરિયા, અનિલ ધમ્માણી, વિશાલ આહુજા, ધીરજ આહુજા વિરુદ્ધ પીસી એક્ટ (ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ), ૧૯૮૮ અને આઈપીસી (IPC) હેઠળ છેતરપિંડી, બનાવટી દસ્તાવેજો બનાવવા અને ગુનાહિત કાવતરાના ગુનાઓ માટે ચાર્જશીટ દાખલ કરી છે. સીબીઆઈએ મુખ્ય કિંગપિન (સુત્રધાર) સૌરભ ચંદ્રાકર અને રવિ ઉપ્પલ તેમજ અન્ય લોકો, જેમના વિરુદ્ધ અગાઉ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી, તેમના વિરુદ્ધ વધારાના પુરાવા પણ રજૂ કર્યા છે.

મહાદેવ એપના અન્ય કેસમાં, સીબીઆઈએ ૬૬ આરોપીઓ વિરુદ્ધ ૦૫ ચાર્જશીટ દાખલ કરી છે, જેમાં સૌરભ ચંદ્રાકર, રવિ ઉપ્પલ સહિત બેટિંગ સિન્ડિકેટ પેનલના સભ્યોનો સમાવેશ થાય છે કે જેમના દ્વારા ગુનાની કમાણી (પ્રોસીડ્સ ઓફ ક્રાઈમ) ને અન્યત્ર વાળવામાં આવી હતી. આ ૦૫ ચાર્જશીટ આઈપીસી (IPC) અને છત્તીસગઢ જુગાર નિષેધ અધિનિયમ હેઠળના ગુનાઓ માટે દાખલ કરવામાં આવી હતી.

મહાદેવ એપ એ દેશમાં પર્દાફાશ થયેલા સૌથી મોટા ગેરકાયદેસર સટ્ટાબાજીના સિન્ડિકેટ્સમાંનું એક છે, જે ભારતની બહારની ધરતી પરથી ચલાવવામાં આવતું હતું. સૌરભ ચંદ્રાકર અને રવિ ઉપ્પલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ દ્વારા લાખો યુઝર્સ સુધી પહોંચીને આનું એક દેશવ્યાપી નેટવર્ક ઊભું કર્યું હતું. તપાસમાં સાબિત થયું છે કે આ સિન્ડિકેટ દેશભરમાં ગેરકાયદેસર સટ્ટાબાજીની પેનલો ચલાવતું હતું, યુઝર્સની નોંધણી કરતું હતું અને ગેમ્સ તથા સટ્ટાબાજીના બજારો ચલાવતું હતું, જેનાથી ગેરકાયદેસર નફો મેળવવામાં આવતો હતો અને ત્યારબાદ મ્યુલ એકાઉન્ટ્સની જાળવણી દ્વારા તે નાણાંની હેરાફેરી કરીને આખરે ફંડ વિદેશ ટ્રાન્સફર કરવામાં આવતું હતું. ગુનાની કમાણીનો એક ભાગ સરકારી કર્મચારીઓને પ્રોટેક્શન મની તરીકે ચૂકવવામાં આવતો હતો.

તપાસમાં બહાર આવ્યું છે કે મહાદેવ એપના પ્રમોટર્સ અને તેમના કેટલાક સહયોગીઓ થોડા વર્ષો પહેલા પશ્ચિમ એશિયાના દેશોમાં નાસી ગયા છે અને ભારતની બહારથી આ નેટવર્ક ચલાવવાનું ચાલુ રાખ્યું છે.

વિદેશ ગયેલા ૦૪ મુખ્ય આરોપીઓ વિરુદ્ધ રેડ કોર્નર નોટિસ પણ જારી કરી દેવામાં આવી છે. તેમને ભાગેડુ આર્થિક ગુનેગાર જાહેર કરવાની કાર્યવાહી પણ શરૂ કરવામાં આવી છે.

આ સિન્ડિકેટના સંપૂર્ણ ફેલાવા તેમજ તેના રાજકીય અને અમલદારશાહી સંરક્ષણ (આશ્રય) નો પર્દાફાશ કરવા અને આ કેસમાં સંકળાયેલા અન્ય તમામ આરોપીઓને ન્યાયના કઠેરામાં લાવવા માટે વધુ તપાસ ચાલુ છે. ભવિષ્યમાં વધુ ચાર્જશીટ દાખલ કરવામાં આવશે.

# અમેરિકાએ H-1B વિઝા ફ્રોડ મામલે નવી તપાસ શરૂ કરી : આઈટી કંપનીઓમાં કોગ્નિઝન્ટ શંકાના ઘેરામાં

## ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સના નેતૃત્વ હેઠળ છેતરપિંડી દૂર કરવા માટે ટાસ્ક ફોર્સ હેઠળ કાર્યવાહી

વોશિંગ્ટન,

યુનાઈટેડ સ્ટેટ્સે અનેક કંપનીઓ દ્વારા H-1B અને PERM વર્ક વિઝા સાથે સંકળાયેલા કથિત છેતરપિંડીની તપાસ શરૂ કરી છે, જેમાં એક વરિષ્ઠ ફેડરલ અધિકારીએ તપાસ હેઠળની કંપનીઓમાં" સેવાઓના મુખ્ય કોગ્નિઝન્ટનું નામ આપ્યું છે. યુએસ લેબર ડિપાર્ટમેન્ટના ઈન્સ્પેક્ટર જનરલ એન્થોની ડી'એસ્પોસિટોએ જણાવ્યું હતું કે તપાસકર્તાઓએ છેતરપિંડીની તપાસના સંદર્ભમાં ડઝનેક સમન્સ જારી કરવાનું શરૂ કરી દીધું છે.

"અમે પહેલાથી જ ડઝનેક સમન્સ જારી કરવાનું શરૂ કરી દીધું છે; અમે ખાતરી કરીશું કે અમે દરેક લીડને શોધી કાઢીએ. અમારી પાસે કોગ્નિઝન્ટ જેવી કેટલીક મોટી કંપનીઓ વિશે વાત કરતા વ્હિસલબ્લોઅર્સ છે, જેઓ ઈઈસ અને ઊઁ-૧મ વિઝાના મુદ્દાઓની ચર્ચામાં રહી છે," ડી'એસ્પોસિટોએ બુધવારે ફોક્સ બિઝનેસને જણાવ્યું હતું.

ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સના નેતૃત્વ હેઠળ છેતરપિંડી દૂર કરવા માટે ટાસ્ક ફોર્સ હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી છે.

દરમિયાન, વાન્સે કહ્યું કે ટ્રમ્પ વહીવટીતંત્ર ખાતરી કરશે કે ઊઁ-૧મ વિઝા સિસ્ટમનો ઉપયોગ એવી રીતે ન થાય જે અમેરિકન કામદારોને નુકસાન પહોંચાડે. વિસ્કોન્સિનના મિલવૌકીમાં બોલતા, વાન્સે જણાવ્યું હતું કે તાજેતરની કાર્યવાહી વિઝા છેતરપિંડી સામે વ્યાપક કાર્યવાહીનો એક ભાગ છે, જેનો હેતુ કરદાતાઓના નાણાંનું રક્ષણ કરવાનો અને ઊઁ-૧મ અને ઈઈસ જેવા રોજગાર-આધારિત ઈમિગ્રેશન કાર્યક્રમોના દુરુપયોગને રોકવાનો છે.

"અમારી પાસે ઊઁ-૧મ વિઝા કાર્યક્રમ નામનો એક કાર્યક્રમ છે. આ બતાવે છે કે છેતરપિંડી ટાસ્ક ફોર્સ કેટલી વ્યાપક છે. અમે તમારા કરદાતાઓના પૈસા માટે લડી રહ્યા છીએ, પરંતુ અમે એ પણ ખાતરી કરી રહ્યા છીએ કે છેતરપિંડી કરનારાઓ આ વિઝા કાર્યક્રમોનો લાભ ન લે," વાન્સે કહ્યું.

# મેટાએ AI ઈમેજ જનરેશન સિસ્ટમ 'મ્યુસ ઈમેજ' લોન્ચ કરી

## જેમિની અને ચેટ જીપીટીને ટક્કર આપવા Muse Image લોન્ચ કર્યું

નવીદિલ્હી,

સોશીયલ મીડિયા ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપની પેરેન્ટ કંપની મેટાએ એઆઈ ઈમેજ જનરેશન સિસ્ટમ મ્યુસ ઈમેજ લોન્ચ કરી છે. મેટા સુપરઈન્ટેલિજન્સ લેબ્સ દ્વારા ડેવલપ કરવામાં આવેલું આ કંપનીનું પહેલું ઈન-હાઉસ એઆઈ ઈમેજ મોડેલ છે. તે માત્ર લખેલા પ્રોમ્પ્ટ પરથી જ નહીં, પરંતુ ફોટો, સ્કેચ અને અન્ય રેફરન્સના આધારે પણ નવી તસવીરો તૈયાર કરી શકે છે.

મેટાના જણાવ્યા મુજબ મ્યુસ ઈમેજ અગાઉની એઆઈ ટૂલ્સ કરતા વધુ ચોકસાઈથી સૂચનાઓને સમજે છે. યુઝર કોઈ ફોટામાં ફેરફાર કરવા માટે તેમાં સીધું ડ્રોઈંગ કરી શકે છે. કોઈ ચોક્કસ પાર્ટ બદલવા કહી શકે છે અથવા અનેક તસવીરોને જોડીને નવી ઈમેજ બનાવી શકે છે. આ ટૂલ પોસ્ટર, ઈન્વિટેશન કાર્ડ, સોશિયલ મીડિયા પોસ્ટ, ઈલસ્ટ્રેશન અને અન્ય ક્રિએટીવ ડિઝાઈન તૈયાર કરવામાં પણ મદદરૂપ બનશે.

આ સાથે જ મેટાએ મ્યૂસ વીડિયોનો પ્રિવ્યૂ પણ રજૂ કર્યો છે. આ મોડલ ટેક્સ્ટ અથવા તસવીરોના આધારે વીડિયો તૈયાર કરી શકે છે. મેટા સુપરઈન્ટેલિજન્સ લેબ્સના વડા એલેક્ઝાન્ડર વાંગે જણાવ્યું કે, યુઝર પોતાના જીવન સાથે જોડાયેલા ફોટા અને માહિતીનો ઉપયોગ કરે છે ત્યારે તે સૌથી સારું પરિણામ આપે છે. તેમજ આ નવા ટૂલના લોન્ચિંગ સાથે વિવાદ પણ સર્જાયો છે. તે ઈન્સ્ટાગ્રામના પબ્લિક પ્રોફાઈલના ફોટોને રિક્રેટ કરવાનું ઓપ્શન પણ આપે છે.

# ૨૧મી સદીનું ભારત વિકસિત રાષ્ટ્ર બનવાના ધ્યેયની દિશામાં કામ કરી રહ્યું છે : વડાપ્રધાન

## પીએમ મોદીએ મેલબોર્નમાં ૩૦,૦૦૦ ભારતીયોને સંબોધિત કર્યા

મેલબોર્ન,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઓસ્ટ્રેલિયાના મેલબોર્નમાં ભારતીય સમુદાયને સંબોધિત કરી રહ્યા છે. માર્વેલ સ્ટેડિયમ ખાતે "મેલબોર્ન મીટ્સ મોદી" કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. આ કાર્યક્રમમાં ૩૦,૦૦૦ થી વધુ ભારતીય મૂળના લોકો હાજરી આપી રહ્યા છે. પીએમ મોદીએ ઓસ્ટ્રેલિયાની તેમની મુલાકાત દરમિયાન ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે અનેક મહત્વપૂર્ણ કરારો પર હસ્તાક્ષર કર્યા છે. પીએમ મોદીએ કહ્યું કે ૧૨ વર્ષમાં ઓસ્ટ્રેલિયાની આ તેમની ત્રીજી મુલાકાત છે. આ દર્શાવે છે કે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના સંબંધો કેટલી ઊંચાઈએ પહોંચ્યા છે. લોકોએ "મોદી, મોદી" ના નારા લગાવતા કહ્યું, "આ મોદીનો વિજય નથી, પરંતુ ભારત અને ઓસ્ટ્રેલિયાના લોકોનો વિજય છે."

પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું, "એવું કહેવાય છે કે મેલબોર્ન શહેર એક જ દિવસમાં ચારેય ઋતુઓની ઝલક આપે છે. જોકે, ભારતીય સમુદાયે તેના સાંસ્કૃતિક પ્રભાવોથી તેને વધુ જીવંત બનાવ્યું છે. અહીં મેલબોર્ન અને આસપાસના વિસ્તારોમાં, ઘણી જગ્યાઓ અને બજારો છે જે ભારતીયતાની ભાવનાથી છવાયેલા છે. કેટલાક તેમને 'નાનું ભારત' કહે



છે, તો કેટલાક તેમને 'નાનું ભારત' કહે છે. નામ ગમે તે હોય, તેઓ ભારતીય સંસ્કૃતિથી ભરેલા છે. કોઈએ મને આવા જ એક બજારનો વિડીયો બતાવ્યો. વિડીયોમાં ત્યાં સતત ચાલતા વેચાણનું વર્ણન કરવામાં આવ્યું હતું. લોકો આ વેચાણના ઉત્સાહમાં સંપૂર્ણપણે ડૂબી જાય છે. જો કોઈ ખરીદી કરવાના મૂડમાં ન હોય તો પણ તેઓ કંઈક ખરીદી કરે છે. 'લોકો વેચાણથી વિચલિત થાય છે.'"

"જ્યારે હું ૨૦૧૪ માં ઓસ્ટ્રેલિયા ગયો હતો, ત્યારે ૨૮ વર્ષમાં પહેલી વાર કોઈ ભારતીય વડા પ્રધાને મુલાકાત લીધી હતી. તમને યાદ હશે કે મેં ત્યારે કહ્યું હતું કે તમારે બીજા ૨૮ વર્ષ રાહ જોવી પડશે નહીં. છેલ્લા ૧૨ વર્ષમાં આ મારી ત્રીજી મુલાકાત છે. આ મુલાકાતોની હેટ્રિક છે. આ દર્શાવે છે કે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના સંબંધો કેટલી ઊંચાઈએ પહોંચ્યા છે. તમે બધાએ આમાં મુખ્ય ભૂમિકા ભજવી છે.

# શિમલા અને હિમાચલમાં IMD એ ભૂસ્ખલનની ચેતવણી જારી કરી

## પ્રવાસીઓને સાવધાની રાખવાની આપી સલાહ

શિમલા,

ભારતીય હવામાન વિભાગ (IMD) એ હિમાચલ પ્રદેશના કેટલાક ભાગોમાં ભારે વરસાદ અને ભૂસ્ખલનની ચેતવણી જારી કરી છે કારણ કે, આગામી દિવસોમાં રાજયમાં સક્રિય ચોમાસાની સ્થિતિ ચાલુ રહેવાની ધારણા છે.

નવીનતમ ચેતવણીઓ અનુસાર, હિમાચલ પ્રદેશના કાંગરા, કિન્નૌર, કુલ્લુ, મંડી, શિમલા અને સિરમૌર જિલ્લાઓના સંવેદનશીલ વિસ્તારોમાં ભૂસ્ખલન અને કાદવ ભૂસ્ખલનની સંભાવના છે.

સલાહકારમાં પાણીનો પ્રવાહ પણ સૂચવવામાં આવ્યો છે, અને આ જિલ્લાઓમાં જળાશયોમાં સ્તર વધવાની સંભાવના છે. લોકોને સંવેદનશીલ વિસ્તારો ટાળવા અને જળાશયોથી સુરક્ષિત અંતર જાળવવાની સલાહ આપવામાં આવી છે.આ ચેતવણી દક્ષિણ પશ્ચિમ ચોમાસાની ઋતુ દરમિયાન હિમાચલ પ્રદેશ માટે IMD ની અસર-આધારિત આગાહીના ભાગ રૂપે જારી કરવામાં આવી છે. આ સલાહકારમાં ઓળખાયેલા જિલ્લાઓમાં સંભવિત જોખમો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે અને વરસાદ સંબંધિત જોખમો માટે સંવેદનશીલ વિસ્તારોમાં સાવચેતીનાં પગલાં લેવા હાકલ કરવામાં આવી છે. હિમાચલ પ્રદેશના હવામાન કેન્દ્રના વડા શોભિત કટિયારે જણાવ્યું હતું કે છેલ્લા ૨૪ કલાકમાં રાજયભરમાં ભારે વરસાદ નોંધાયો છે.

# દિલ્હીમાં ગેરકાયદે બાંધકામ અને સલામતીના નિયમોની અવગણના મામલે સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી

## બેદરકાર અધિકારીઓ માટે વ્યક્તિગત જવાબદારી હવે નક્કી કરવામાં આવશે

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે આજે (ગુરુવારે) દિલ્હીમાં ઝડપથી વધી રહેલા ગેરકાયદે બાંધકામ અને સલામતીના નિયમોની અવગણના પર સખત નારાજગી વ્યક્ત કરી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે તેને આશા હતી કે જવાબદાર અધિકારીઓ પોતે પગલાં લેશે, પરંતુ એવું થયું નહીં. હવે કોર્ટ એવા આદેશો જારી કરશે જેનાથી ઘણા લોકોને અસર થશે.સુપ્રીમ કોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે બેદરકાર અધિકારીઓ માટે વ્યક્તિગત જવાબદારી હવે નક્કી કરવામાં આવશે. કોર્ટે જણાવ્યું હતું કે હવે આદેશમાં બધું સ્પષ્ટ રીતે લખાયેલું હશે. સુનાવણી દરમિયાન, સુપ્રીમ કોર્ટે માલવિયા નગર આગ, લખનૌ આગ અને સાકેત ઈમારત ધરાશાયી જેવી ઘટનાઓનો પણ ઉલ્લેખ કર્યો હતો, અને કહ્યું હતું કે આવા કેસોને હળવાશથી લઈ શકાય નહીં.

સુપ્રીમ કોર્ટે સાકેત, લાજપત નગર અને સરોજિની નગર વિસ્તારોનું નિરીક્ષણ કરવાનો આદેશ આપ્યો છે." દિલ્હીના બે વરિષ્ઠ પ્રોફેસરો, બે ડ્રાફ્ટ્સમેન અને સ્ઝ્રદ્ઘ અધિકારીઓની બનેલી એક ટીમ બનાવવામાં આવશે. આ ટીમ આ વિસ્તારોમાં ઈમારતોની સ્થિતિ અને નિયમોનું પાલન તપાસશે.

સુપ્રીમ કોર્ટે ગુરુગ્રામના એક મીડિયા રિપોર્ટની પણ નોંધ લીધી, જેમાં કહેવામાં આવ્યું હતું કે ગુરુગ્રામની ૯૩ ટકા ઈમારતોમાં જરૂરી અગ્નિ સલામતીના પગલાંનો અભાવ છે. તેના જવાબમાં, સુપ્રીમ કોર્ટે ગુરુગ્રામ વિકાસ સત્તામંડળના ઉપાધ્યક્ષને આગામી સુનાવણીમાં કોર્ટ સમક્ષ હાજર થવાનો આદેશ આપ્યો છે. કોર્ટે લખનૌ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનરને પણ સમન્સ પાઠવ્યા છે.

૩ જૂન, ૨૦૨૬ ના રોજ, દક્ષિણ દિલ્હીના માલવિયા નગરના હૌઝ રાની વિસ્તારમાં આવેલી હોટેલ ફ્લોરિશ સ્ટેમાં સવારે ૮:૩૦ વાગ્યે ભીષણ આગ લાગી હતી. આગમાં હોટલ અને રેસ્ટોરન્ટની ઈમારતને લપેટમાં લેવામાં આવી હતી, જેમાં ૨૧ લોકો માર્યા ગયા હતા.

# DRDO એ પિનાકા લાંબા અંતરના માર્ગદર્શિત રોકેટનું પરીક્ષણ કર્યું

નવીદિલ્હી,

ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) એ પિનાકા લોંગ રેન્જ ગાઈડેડ રોકેટ (LRGR) નું ફ્લાઈટ ટેસ્ટ સફળતાપૂર્વક કર્યુંછે. આ ટ્રાયલ ૮ જુલાઈના રોજ ઓડિશાના ચાંદીપુરમાં ઈન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જ (ITR) ખાતે થયું હતું. રોકેટનું પરીક્ષણ ૬૦ કિલોમીટરની વપરાશકર્તા-વ્યાખ્યાયિત ન્યૂનતમ રેન્જ માટે કરવામાં આવ્યું હતું.

DRDO અનુસાર, આ ટ્રાયલ તેના તમામ આયોજિત ઉદ્દેશ્યો પ્રાપ્ત કરે છે. રોકેટે જરૂરી ઈન-ફ્લાઈટ દાવપેચ પૂર્ણ કર્યા અને આગાહી કરેલ ફ્લાઈટ પાથને અનુસરીને નિર્ધારિત લક્ષ્યને સચોટ રીતે હિટ કર્યું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે પરીક્ષણ દરમિયાન રોકેટે ઉચ્ચ સ્તરની ચોકસાઇ દર્શાવી હતી. તે યોજના મુજબ જ લક્ષ્યને ફટકારે છે, જે સિસ્ટમના માર્ગદર્શન અને નેવિગેશન પ્રદર્શનની પુષ્ટિ કરે છે.

પરીક્ષણ દરમિયાન તૈનાત તમામ રેન્જ ઈન્સ્ટ્રૂમેન્ટેશન સતત રોકેટને તેની ફ્લાઈટ દરમિયાન ટ્રેક કરે છે. એકત્રિત કરવામાં આવેલા ડેટાનો ઉપયોગ શસ્ત્ર પ્રણાલીના પ્રદર્શનને વધુ માન્ય કરવા માટે કરવામાં આવશે. આ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ સરકારની આત્મનિર્ભર ભારત પહેલ માટે એક મોટો પ્રોત્સાહન છે.

આ સફળ પરીક્ષણ પિનાકા લોંગ રેન્જ ગાઈડેડ રોકેટના વિકાસમાં વધુ એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે અને ભારતની સ્વદેશી ચોકસાઇ-માર્ગદર્શિત રોકેટ ક્ષમતાની સતત પ્રગતિને પ્રકાશિત કરે છે.

# પોલીસે જે પુરાવાના આધારે ખાતાઓ સ્થિર કર્યા છે તે હાલમાં સંતોષકારક નથી : કોલકાતા હાઈકોર્ટ

## ટીએમસીને શરતો હેઠળ સ્થિર બેંક ખાતાઓનો ઉપયોગ ફરી શરૂ કરવાની મંજૂરી આપી

કોલકતા,

કલકાતા હાઈકોર્ટે તૃણમૂલ કોંગ્રેસને મોટી રાહત આપી, તેને તેના ત્રણ સ્થિર બેંક ખાતાઓનો ઉપયોગ ફરી શરૂ કરવાની કામચલાઉ પરવાનગી આપી. કોર્ટે જણાવ્યું હતું કે પોલીસે જે પુરાવાના આધારે ખાતાઓ સ્થિર કર્યા છે તે હાલમાં સંતોષકારક નથી. જો કે, પાર્ટી આ ખાતાઓનો ઉપયોગ ફક્ત દૈનિક ખર્ચ માટે જ કરી શકશે, અને કોર્ટે આ હેતુ માટે એક ખાસ અધિકારીની નિમણૂક કરી છે.

હાઈકોર્ટના ન્યાયાધીશ સૌગત ભટ્ટાચાર્યની સિંગલ બેન્ચે કલકત્તા હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ સુબ્રત તાલુકદારને આ કેસની દેખરેખ માટે ખાસ અધિકારી તરીકે નિયુક્ત કર્યા. આ વ્યવસ્થા ૩૦ સપ્ટેમ્બર સુધી અમલમાં રહેશે.

એફઆઈઆર દાખલ થયા પછી તરત જ ખાતાઓ ફ્રીઝ કરવામાં આવ્યા તે અંગે કોર્ટે આશ્ચર્ય વ્યક્ત કર્યું. કોર્ટે ટિપ્પણી કરી, "એફઆઈઆર ૧૮ જૂને દાખલ કરવામાં આવી હતી, અને બીજા જ દિવસે, ૧૯ જૂને ઉતાવળમાં ખાતાઓ ફ્રીઝ કરવામાં આવ્યા હતા. આ પ્રારંભિક તબક્કે, કોર્ટને આવી ઉતાવળની કાર્યવાહીને યોગ્ય ઠેરવવા માટે કોઈ નક્કર આધાર કે પુરાવા મળતા નથી." કોર્ટે એ પણ નોંધ્યું કે સામાન્ય નાગરિકો પોલીસનો સંપર્ક કરે ત્યારે આવી ઉતાવળ ભાગ્યે જ જોવા મળે છે. ભંડોળ ઉપાડ માટેની આ શરતોઃ પક્ષ ફક્ત તેના રોજિંદા ખર્ચ માટે આ ખાતાઓમાંથી ભંડોળ ઉપાડી શકશે. તે ઉપરાંત, અન્ય કોઈ હેતુ માટે ઉપાડની મંજૂરી આપવામાં આવશે નહીં.

બેંકમાં ચેક જમા કરાવતા પહેલા, તેના પર બે અધિકૃત ટીએમસી અધિકારીઓ દ્વારા સહી કરવી આવશ્યક છે.

અધિકારીઓની સહીઓ પછી, ચેક પર ખાસ અધિકારી (નિવૃત્ત ન્યાયાધીશ) દ્વારા પ્રતિસહી પણ કરવી આવશ્યક છે.

લાઈવ લો રિપોર્ટ મુજબ, ટીએમસીનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ દલીલ કરી હતી કે બેંક ખાતાઓ સંપૂર્ણપણે ફ્રીઝ કરવાથી માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષના કાર્યો લકવાગ્રસ્ત થયા છે, જેનાથી તેના બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન થયું છે.

# આઈએસઆઈ હવે બ્રિટન અને કેનેડામાં ખાલિસ્તાન સમર્થકો સાથે મળી ભારતીયો પર હુમલો કરે તેવી ભીતિ

## ભારતીય ગુપ્તચર એજન્સીઓએ બ્રિટન અને કેનેડામાં રહેતા ભારતીયોની સલામતી અંગે ગંભીર ચેતવણી જાહેર કરી

નવીદિલ્હી,

ભારતીય ગુપ્તચર એજન્સીઓએ બ્રિટન અને કેનેડામાં રહેતા ભારતીય સમુદાયની સલામતી અંગે ગંભીર ચેતવણી જારી કરી છે. ગુપ્તચર અહેવાલો અનુસાર, પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી, આઈએસઆઈ, અને ખાલિસ્તાન સમર્થકો ભારત અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સમર્થક માનવામાં આવતા લોકો સામે હુમલાઓનું કાવતરું ઘડી રહ્યા છે. ગુપ્તચર અધિકારીઓના જણાવ્યા અનુસાર, તાજેતરના વર્ષોમાં બ્રિટન અને કેનેડામાં ભારતીય સમુદાય વિરુદ્ધ નફરતના ગુનાઓ અને હિંસક ઘટનાઓમાં વધારો જોવા મળ્યો છે, જે કથિત રીતે ખાલિસ્તાન સમર્થકો દ્વારા આચરવામાં આવી રહ્યા છે. જ્યારે આવી ઘટનાઓ અગાઉ છૂટાછવાયા હતા, ત્યારે હવે એવી આશંકા છે કે તે વધુ સંગઠિત રીતે કરવામાં આવી શકે છે. ભારતીય સુરક્ષા એજન્સીઓ આ સંભવિત હુમલાઓને રોકવા માટે પશ્ચિમી સુરક્ષા એજન્સીઓ સાથે સંકલનમાં કામ કરી રહી છે.

એક ગુપ્તચર બ્યુરોના અધિકારીએ જણાવ્યું હતું કે ખાલિસ્તાન ચળવળને ટેકો આપતી આઈએસઆઈએ યુરોપમાં કાર્યરત તેના નેટવર્કને બ્રિટન અને કેનેડામાં ભારતીય સમુદાય વિરુદ્ધ પ્રવૃત્તિઓને વધુ તીવ્ર બનાવવા સૂચના આપી છે. અધિકારીના જણાવ્યા અનુસાર, આ ઘટનાઓ હવે સુનિયોજિત અભિયાનનો ભાગ હોવાની શંકા છે. અધિકારીએ કહ્યું, "આઈએસઆઈ ભારતીય સમુદાય સામે શ્રેણીબદ્ધ સંકલિત હુમલાઓનું આયોજન કરી રહ્યું છે." આ તત્વો લોકોને ભારત સમર્થક અથવા વડા પ્રધાન મોદીના સમર્થક તરીકે દર્શાવીને નિશાન બનાવી શકે છે અને આ બહાના હેઠળ આવા હુમલા કરવાની તૈયારી કરી રહ્યા છે.અધિકારીના મતે, આઈએસઆઈની વ્યૂહરચનામાં આ ફેરફાર ખાલિસ્તાન ચળવળમાં ગતિના અભાવથી હતાશાનું પરિણામ છે. તેમણે એમ પણ કહ્યું કે લક્ષ્ય ફક્ત ભારતીય સમુદાય જ નહીં, પરંતુ ખાલિસ્તાન સંબંધિત કેસોની તપાસ અને કાર્યવાહી કરતી ભારતીય એજન્સીઓને પણ લક્ષ્ય બનાવવાની યોજનાઓ બનાવવામાં આવી રહી છે.

બીજા એક અધિકારીએ જણાવ્યું કે આઈએસઆઈ હિંસક હુમલાઓ કરવા માટે તેના ગેંગસ્ટર નેટવર્કનો ઉપયોગ કરી શકે છે. આ માટે, યુરોપ અને ભારતમાં કાર્યરત મોડ્યુલોને સક્રિય કરવા સૂચનાઓ આપવામાં આવી છે. ભારતમાં, સ્થાનિક ગુંડાઓ દ્વારા હુમલાઓ કરવાની યોજના છે.અધિકારીઓના મતે, તાજેતરના વર્ષોમાં બ્રિટન અને કેનેડામાં ખાલિસ્તાન ચળવળને સમર્થનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. અગાઉ, સ્થાનિક વસ્તીનો એક ભાગ ચળવળ પ્રત્યે સહાનુભૂતિ ધરાવતો હતો, પરંતુ હવે પરિસ્થિતિ ઝડપથી બદલાઈ રહી છે. લોકો માને છે કે ખાલિસ્તાન ચળવળ અને તેના સંકળાયેલા ગેંગસ્ટર નેટવર્ક હવે તેમના જણાવેલા ઉદ્દેશ્યોને પૂર્ણ કરવાને બદલે ખંડણી, ડ્રગ હેરફેર અને હથિયારોની દાણચોરી જેવી ગુનાહિત પ્રવૃત્તિઓમાં રોકાયેલા છે.

# અમરનાથની ગુફામાં શિવલિંગનું કદ ૭ ફૂટથી ઘટીને એક ફૂટ થઈ ગયું : ભક્તોનો ધસારો યથાવત

## આ વર્ષે લગભગ ચાર લાખ શ્રદ્ધાળુઓએ અમરનાથ યાત્રા માટે પૂર્વ નોંધણી કરાવી છે

શ્રીનગર,

અમરનાથ ગુફામાં કુદરતી રીતે બનેલા બરફના શિવલિંગનું કદ ઝડપથી ઘટીને લગભગ એક ફૂટ થઈ ગયુંછે. જાહેર કરાયેલા નવા ફોટામાં, બાબા બરફાની પહેલા કરતા ઘણા નાના દેખાય છે. જોકે, શિવલિંગના કદમાં ઘટાડો થવા છતાં, ભક્તોની શ્રદ્ધા ઓછી થઈ નથી. મોટી સંખ્યામાં ભક્તો પવિત્ર ગુફામાં દર્શન કરવા માટે સતત મુલાકાત લઈ રહ્યા છે. ૫૭ દિવસની શ્રી અમરનાથ યાત્રા ૩ જુલાઈથી શરૂ થઈ હતી. યાત્રાના પહેલા ત્રણ દિવસમાં ૫૬,૦૦૦ થી વધુ શ્રદ્ધાળુઓ બાબા બર્ફાનીના દર્શન કરી ચૂક્યા છે. ગયા વર્ષના સમાન સમયગાળા કરતા આ સંખ્યા આશરે ૧૮.૬ ટકા વધુ છે.






૨૦૨૫માં, યાત્રાના પહેલા ત્રણ દિવસમાં ૪૭,૯૭૨ શ્રદ્ધાળુઓએ દર્શન કર્યા હતા, જ્યારે આ વખતે રેકોર્ડ સંખ્યામાં શ્રદ્ધાળુઓ ગુફા મંદિર પહોંચી રહ્યા છે. આ વર્ષે લગભગ ચાર લાખ શ્રદ્ધાળુઓએ અમરનાથ યાત્રા માટે પૂર્વ નોંધણી કરાવી છે. વહીવટીતંત્રને અપેક્ષા છે કે યાત્રા પૂર્ણ થાય ત્યાં સુધીમાં શ્રદ્ધાળુઓની સંખ્યા પાછલા વર્ષોના રેકોર્ડને વટાવી શકે છે. યાત્રા ૨૮ ઓગસ્ટ, રક્ષાબંધનના રોજ સમાપ્ત થશે. શિવલિંગના કદમાં ઘટાડો ચોક્કસપણે ભક્તોનું ધ્યાન આકર્ષિત કરે છે. ૨૩ મેના રોજ બોર્ડર સિક્યુરિટી ફોર્સ દ્વારા જાહેર કરાયેલા ફોટોગ્રાફ્સમાં, બરફના શિવલિંગની ઊંચાઈ આશરે સાત ફૂટ દેખાતી હતી. ત્યારબાદ, ૨૯ જૂનના રોજ પ્રથમ પૂજા દરમિયાન, શિવલિંગ હજુ પણ પાંચ ફૂટથી વધુ ઊંચું હતું. જોકે, ૬ જુલાઈના રોજ જાહેર કરાયેલા ફોટોગ્રાફ્સમાં, મોટાભાગના બરફના લિંગમ પીગળી ગયા છે, અને તેનું કદ હવે લગભગ એક ફૂટ છે.

અમરનાથ યાત્રા દરમિયાન બાલટાલ રૂટ પર યાત્રાળુઓની સુવિધા અને સલામતી સુનિશ્ચિત કરવામાં ઝઈંહ્ર ની "મે આઈ હેલ્પ યુ" પહેલ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. આ પહેલ હેઠળ તૈનાત મહિલા કર્મચારીઓ માર્ગદર્શન, આવશ્યક માહિતી, સુરક્ષા સહાય, રહેઠાણ, ભાષા સહાય, સંદેશાવ્યવહાર સુવિધાઓ અને કટોકટી તબીબી સહાય જેવી સેવાઓ પૂરી પાડી રહી છે.

# પપ્પા આને મારી જ નાખો, જીવતો ન રહેવો જોઈએ

## રાજકોટમાં જમાદારના ભત્રીજાની ગોળી મારી હત્યામાં ત્રણ આરોપીઓ ઝડપાયા






રાજકોટ: ગાંધીગ્રામ-૨ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ ગોપાલસિંહ જાડેજાના નાનામવા ગામમાં રહેતા ભત્રીજા કૃષ્ણસિંહ હરદેવસિંહ જાડેજા (ઉ.વ.૩૦)ની ઘર પાસે જ ગોળી મારી હત્યા નિપજાવી અને તેના દાદા રહેન્દ્રસિંહ (ઉ.વ.૬૫)ના માથામાં ગંભીર ઈજા પહોંચાડી ભાગી ગયેલા નવલનગરના રણજીત નાજભાઈ વાળા (ઉ.વ.આ. ૪૫), તેના પુત્ર રાજવીર (ઉ.વ.આ.૧૯) ઉપરાંત સગીર પુત્રની ક્રાઈમ બ્રાંચે ધરપકડ કરી છે. આ કેસની ગંભીરતા ધ્યાને લઈ તપાસ ક્રાઈમ બ્રાંચને સોંપવામાં આવી છે. તપાસનીશ પીઆઈ મનોજ ડામોર દ્વારા આરોપીઓ સામે સજ્જડ પુરાવા એકત્ર કરવા કવાયત શરૂ કરાઈ છે.

ગઈકાલે રાત્રે બનેલી આ ઘટના બાદ ભાગી ગયેલા આરોપીઓને પકડવા માટે ક્રાઈમ બ્રાંચના એસીપી બી. બી. બસીયાએ જૂદી-જૂદી ટીમોને કામે લગાડી હતી. જેના પરિણામે બપોરે ત્રણેય આરોપીઓ સરધાર પાસેથી ઝડપાઈ ગયા હતા. આ બનાવ અંગે હત્યાનો ભોગ બનનાર કૃષ્ણસિંહના માસીયાઈ ભાઈ કુલદિપસિંહ જયેન્દ્રસિંહ જાડેજા (ઉ.વ.૪૦) ફરિયાદી બન્યા છે. આ ઘટના નજરે જોનાર સાક્ષી પણ છે.

તેણે પોલીસને જણાવ્યું કે ગઈકાલે રાત્રે નવેક વાગ્યે શેરીમાં વોકિંગ કરતા હતા. સાડા નવેક વાગ્યે કૃષ્ણસિંહને ત્રણ છોકરાઓ સાથે ઉભેલા જોયા હતા. જેથી ત્યાં જતાં બંને પક્ષો વચ્ચે બોલાચાલી ચાલતી હતી. આ બાબતે પુછતાં કૃષ્ણસિંહે કહ્યું કે આ છોકરાઓ અવાર-નવાર રોડ પરથી ફૂલ સ્પીડમાં બુલેટ લઈ નીકળી હલ્લા-બોલ કરે છે. અવાર-નવાર બુલેટ ધીમું ચલાવવા બાબતે કહ્યું છે. તેમ છતાં માનતા નથી. આજે પણ બુલેટ સ્પીડમાં લઈ રેસ કરતાં હોવાથી રોકતાં બોલાચાલી કરી રહ્યા છે.

આ છોકરામાંથી એક જેમફાવે તેમ ગાળો બોલતો હતો. જેથી તેને કૃષ્ણસિંહે ઝાપટ મારી હતી. બંનેને તેણે છૂટ્ટા પાડયા હતા. તે છોકરાએ કોલ કરતાં પાંચેક મિનિટમાં એકટીવા ઉપર રાજવીર આવ્યો હતો. તેણે કૃષ્ણસિંહને મારા ભાઈ સાથે કેમ લપ કરી તેમ કહી ઝઘડો શરૂ કર્યો હતો. જેથી કૃષ્ણસિંહે તેને પણ બે-ત્રણ ઝાપટ ઝીકી દીધી હતી. તે સાથે જ રાજવીરે કોઈને કોલ લગાડી કહ્યું પપ્પા તમે ટીઆરપી વાળા રોડ પર આવો, મને એક અંકલે મારી લીધું છે.

ત્યાર પછી તે કૃષ્ણસિંહને સમજાવીને ઘરે લઈ ગયા હતા. ફળિયામાં કૃષ્ણસિંહ ફાકી ખાઈ બહાર થૂંકવા જતાં શેરીમાં દેકારો સાંભળવા મળ્યો હતો. તે સાથે જ કૃષ્ણસિંહે તેને કહ્યું કે આપણે લપ થઈ તે લોકો પાછા આવી ગયા છે અને ગાળાગાળી કરી રહ્યા છે. બાદમાં કૃષ્ણસિંહ શેરીમાં જતાં રાજવીર અને એક છોકરો ગાળો દઈ બોલ્યા કે આ જો અમારો બાપ આવી ગયો, તે સાથે જ તેના પિતા (રણજીત)એ બંદૂકમાંથી હવામાં ફાયરિંગ કર્યું હતું. કૃષ્ણસિંહ રોકવા જતાં રાજવીર અને બીજા છોકરાએ તેની સાથે મારામારી શરૂ કરી પપ્પા આને પતાવી જ દયો, આપણું નામ જ કેમ લીધું આ લોકોએ તેમ કહી કૃષ્ણસિંહને મારકૂટ શરૂ કરી હતી.

તે વચ્ચે પડતાં રણજીતે તેને ધક્કો મારી કૃષ્ણસિંહ ઉપર બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. જેને કારણે તે નીચે પડી જતાં રાજવીર સહિત બંને છોકરાઓએ પપ્પા આને મારી જ નાખો, હજી ગોળી મારો, આ જીવતો ના રહેવો જોઈએ તેવી બૂમો પાડી હતી. તત્કાળ પાડોશમાં રહેતાં તેના માસા રહેન્દ્રસિંહને બોલાવી આવતાં રણજીતસિંહે તેમના માથામાં બંદૂક ઝીકી ઈજા પહોંચાડી હતી. સંબંધી દિગ્વિજયસિંહ પકડવા જતાં રણજીતે તેની સામે બંદૂક તાકી કહ્યું કે નજીક ના આવતો નહી તો ઉડાવી દઈશ. કિરીટસિંહે પાઈપના બે-ત્રણ ઘા રણજીતને ઝીંકી દીધા હતા. ત્યાર બાદ રણજિતસિંહ સહિતના આરોપીઓ પાર્કિંગ તરફ ભાગી ગયા હતા.

**આરોપી રણજીત વાળા સામે દારૂ-જુગાર સહિતના ગુના નોંધાયેલા છે**

આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ વાયરલ થતાં ક્રાઈમ બ્રાંચે ગુનાના કામે કબજે કરવા તજવીજ શરૂ કરી છે. ક્રાઈમ બ્રાંચના સૂત્રોએ જણાવ્યું કે આરોપી રણજીત સામે ૨૦૧૫ સુધી દારૂ-જુગારના ગુના નોંધાયેલા છે. હથિયાર કયાંથી લીધુ તે અંગે તપાસ થઈ રહી છે. તે ફીગો કારમાં આવ્યો હતો. તેનો પુત્ર એકટીવામાં આવ્યો હતો. આ ઉપરાંત બુલેટ સહિતના વાહનો કબજે કરવા તજવીજ કરાઈ છે. સામાન્ય બોલાચાલીમાં ફાયરિંગ કરી હત્યાની ઘટનાથી શહેરીજનો સ્તબ્ધ થઈ ગયા છે. સાથો-સાથ પોલીસ પણ ચિંતામાં મુકાઈ ગઈ છે.

# રાજકોટમાં પોંઝી સ્કીમનો પર્દાફાશ



## સમય ટ્રેડિંગના સંચાલકોએ ૧૭ રોકાણકારને ૪.૮૦ કરોડમાં નવડાવ્યા

રાજકોટ:

રાજકોટમાં ઉંચા વ્યાજ અને મસમોટા વળતરની લાલચ આપી નિર્દોષ લોકોની મરણમૂડી પડાવી લેવાનું વધુ એક મોટું કૌભાંડ સામે આવ્યું છે. રાજકોટના નાનામવા રોડ પર રહેતા દિવ્યાબેન પ્રશાંતભાઈ ગાજીપરાએ 'સમય ટ્રેડિંગ' નામની પેઢીના સંચાલકો વિરુદ્ધ કરોડો રૂપિયાની છેતરપિંડી અને વિશ્વાસઘાતની આપવીતી સાથે ડીસીપી ક્રાઈમ સમક્ષ લેખિત ફરિયાદ નોંધાવી છે.ફરિયાદી દિવ્યાબેનના જણાવ્યા અનુસાર, તેઓ આરોપી ગીતાબેન સંજયભાઈ કાકડિયાને વર્ષોથી ઓળખતા હતા અને તેમની સાથે પારિવારિક સંબંધો ધરાવતા હતા.વર્ષ ૨૦૧૯માં ગીતાબેને દિવ્યાબેનને વિશ્વાસમાં લઈને જણાવ્યું હતું કે, જો તેઓ પ્રદીપ ડાવેરાની માલિકીની 'સમય ટ્રેડિંગ' નામની પેઢીમાં રોકાણ કરશે, તો તેમને ખૂબ જ ઊંચું વળતર અપાવશે. પારિવારિક સંબંધોના ભરોસે દિવ્યાબેન અને તેમના પતિએ વર્ષ ૨૦૧૯માં ગીતાબેન મારફતે રૂા.૫૮ લાખ રોકડા ચૂકવીને રોકાણ કર્યું હતું.

રોકાણ કર્યાના થોડા સમય સુધી આરોપીઓએ નિયમિત નફો આપ્યો હતો, પરંતુ ત્યારબાદ અચાનક જ નાણાં ચૂકવવાનું બંધ કરી દીધું હતું. ઉઘરાણી કરવામાં આવી, ત્યારે આરોપીએ ઉડાઉ જવાબો આપ્યા હતા. દરમિયાન, મુખ્ય સૂત્રધાર પ્રદીપ ડાવેરા વિરુદ્ધ રાજકોટમાં લોકો સાથે છેતરપિંડી આચરવા બદલ ગુના નોંધાયા હોવાનું સામે આવ્યું છે.આરોપી ગીતાબેન કાકડિયા મારફતે માત્ર દિવ્યાબેન જ નહી, પરંતુ અન્ય ૧૬ લોકોએ પણ રૂ.૪.૨૨ કરોડ રોકડા ચૂકવીને પોતાની મરણમૂડી ગુમાવી છે. અરજદાર દિવ્યાબેન ગાજીપરાએ આરોપીઓ વિરુદ્ધ બીએનએસ તેમજ જીપીઆઈડી એક્ટ મુજબ ગુનો દાખલ કરવા માગણી કરી છે.

ભોગ બનનારના નામ અને ગુમાવેલી રકમ:જિજ્ઞેશભાઈ ખૂંટ રૂ. ૧.૧૦ કરોડ, મહેશભાઈ સખિયા રૂ. ૫૦ લાખ, તેજસભાઈ ગાજીપરા રૂ. ૪૦ લાખ, નરેન્દ્રભાઈ અજાણી રૂ. ૩૫ લાખ, સચિનભાઈ પોકલ રૂ. ૩૦ લાખ, યોગેન્દ્રસિંહ જાડેજા રૂ. ૨૨ લાખ, દયાબેન તેજસભાઈ ગાજીપરા રૂ. ૨૦ લાખ, જયશ્રીબેન જેઠવા રૂ. ૧૮ લાખ, અર્ચનાબેન વેકરિયા રૂ. ૧૬ લાખ, નીતાબેન સતિષભાઈ ગોંડલિયા રૂ. ૧૫ લાખ, સતિષભાઈ જાદવભાઈ ગોંડલિયા રૂ. ૧૫ લાખ, રસીલાબેન નિલેશભાઈ કેરડિયા રૂ. ૧૫ લાખ, જયદીપભાઈ રૂ. ૧૫ લાખ, નિલેશભાઈ જસમતભાઈ કેરડિયા રૂ. ૧૦ લાખ, જયેશ મનસુખભાઈ કેરડિયા રૂ. ૧૦ લાખ, જગદીશભાઈ રૂ. ૧૫ લાખ

# પીઠડીયા ટોલ નાકા પાસેથી ઈનોવા કારમાંથી રૂા.૩.૪૩ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

## બે કાર સહિત રૂા.૧૮.૬૦ લાખનો મુદ્દામાલ જપ્ત : બે શખ્સોની શોધખોળ



રાજકોટ:પીઠડીયા ટોલનાકા પાસેથી ઈનોવા કારમાંથી રુા. ૩.૪૩ લાખના વિદેશી દારુ સાથે એક શખ્સની લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે ધરપકડ કરી કુલ રુા.૧૮.૬૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી દરોડા દરમિયાન નાસી છૂટેલા બે શખ્સોની શોધખોળ આદરી હતી.

દરોડાની વિગત મુજબ રૂરલ એલસીબી પીઆઈ જે.પી. રાવની રાહબરીમાં અલગ-અલગ ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે સ્ટાફને વિરપુરથી જેતપુર તરફ એક ઈનોવા કારમાં દારુ ભરી પસાર થવાની છે અને એક ક્રેટા કાર તેમનું પાઈલોટીગ કરતી હોવાનું મળેલ ચોક્કસ બાતમીના આધારે ટીમ પીઠડીયા ગામથી જેતપુર જતાં રોડ પર આવેલ ખોડીયાર હોટલ પાસે વોચમાં હતા.દરમિયાન ત્યાંથી પસાર થયેલ ઈનોવા અને ક્રેટા કારને અટકાવતા તેમાંથી બે શખ્સોએ ભાગવાનો પ્રયાસ કરતાં એક શખ્સોને દબોચી ઈનોવા કારમાંથી દારુની ૧૩૦૯ બોટલ રુા. ૩.૪૩ લાખ સહિત કુલ રુા.૧૮.૬૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

જ્યારે પ્રિન્સ કુરજી પરમાર રહે. ગોંડલની ધરપકડ કરી હતી તેમજ પોલીસને જોઇ નાસી છુટેલા વિશાલ ઉર્ફે નાનુ રમેશ સાકરીયા રહે. બીલીયાડા ગોંડલ અને ક્રેટા કારનો ચાલક જોરુ મનુ પટગીર રહે. નોલી સાયલાની શોધખોળ આદરી હતી.

# જેતપુરમાં સરપંચના પતિનો વીજ કચેરીમાં આતંક: મહિલા ઓપરેટરને ધમકાવી રડાવી

## લાઈન ઈન્સ્પેક્ટર સહિતના સ્ટાફને જાહેરમાં માં-બેન સમી ગાળો ભાંડી:ગુનો દાખલ

જેતપુર: જેતપુર શહેરમાં સરકારી કર્મચારીઓ પર રોફ જમાવી ફરજમાં રુકાવટ ઊભી કરવા અને કચેરીમાં ઘૂસીને ધાક-ધમકી આપવાનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેતપુર નવાગઢ સબ ડિવિઝન વીજ કચેરીમાં જાંબુડી ગામના સરપંચના પતિએ આવીને વીજ ફરિયાદ મુદ્દે હોબાળો મચાવ્યો હતો. કચેરીના હેલ્પ ડેસ્ક પર ફરજ બજાવતા મહિલા ઓપરેટરને બેફામ ગાળો આપી રડાવી મૂક્યા બાદ સમજાવવા ગયેલા લાઈન ઈન્સ્પેક્ટર અને અન્ય સ્ટાફને પણ જાહેરમાં માં-બેન સમી ભુંડી ગાળો ભાંડી ધમકી આપતા જેતપુર સીટી પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે.પોલીસ દફતરેથી પ્રાપ્ત વિગતો અનુસાર, જેતપુરમાં ધોરાજી રોડ પર જી.ઈ.બી. કોલોનીમાં રહેતા અને નવાગઢ સબ ડિવિઝન કચેરીમાં લાઈન ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા ૫૫ વર્ષીય મનોજભાઈ અરજણભાઈ બગડાએ જાંબુડી ગામના સરપંચ અલ્પાબેનના પતિ રજનીકભાઈ છગનભાઈ ગીણોયા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે.

**હું ગામનો સરપંચ છું, ફોન કરું એટલે તરત કામ થઈ જવું જોઈએ"**

બનાવની વિગત એવી છે કે, ગઈકાલે ૮ જુલાઈના રોજ સાંજના ચારેક વાગ્યાના સુમારે લાઈન ઈન્સ્પેક્ટર મનોજભાઈ બગડા કચેરીએ પોતાની ફરજ પર આવ્યા ત્યારે ઓફિસમાં હેલ્પ-ડેસ્ક ઓપરેટર તરીકે કામ કરતા કૃપાબેન રમેશભાઈ ઠેસીયા રડતા નજરે પડ્યા હતા. મનોજભાઈએ રડવાનું કારણ પૂછતાં કૃપાબેને જણાવ્યું હતું કે, જાંબુડી ગામના સરપંચના પતિ રજનીકભાઈ ગીણોયા ઓફિસે આવ્યા હતા અને ઉશ્કેરાઈને કહેવા લાગ્યા હતા કે, "તમે કેમ મારો ફોન કાપી નાખો છો? મારી ફરિયાદ કેમ ઝડપથી નથી લેતા? હું ફોન કરું એટલે તમારે તરત મારું કામ કરી જવાનું, હું ગામનો સરપંચ છું". તેમ કહી કૃપાબેનને રૂબરૂમાં તેમજ ફોન પર અવારનવાર બિભત્સ ગાળો આપી અપમાનિત કર્યા હતા.

**લાઈન ઈન્સ્પેક્ટર સમજાવવા ગયા તો આખો સ્ટાફ નિશાને આવ્યો**

મહિલા કર્મચારીની આપવીતી સાંભળ્યા બાદ લાઈન ઈન્સ્પેક્ટર મનોજભાઈ કચેરીની બહાર ઉભેલા રજનીકભાઈ પાસે ગયા હતા અને તેમને શાંતિથી સમજાવવાનો પ્રયાસ કર્યો હતો કે કૃપાબેન સાથે આવું વર્તન કેમ કરો છો, જે કંઈ સમસ્યા હોય તે અમને જણાવો. આ સાંભળતા જ સરપંચના પતિ રજનીકભાઈ એકદમ લાલચોળ થઈ ગયા હતા અને ઓફિસના તમામ સ્ટાફની હાજરીમાં મનોજભાઈ તથા અન્ય કર્મચારીઓને જોરજોરથી માં-બેન સમી ગાળો ભાંડવા લાગ્યા હતા. એટલું જ નહીં, તેમણે પાવર બતાવતા ધમકી આપી હતી કે, "હવે હું જોઉં છું કે તમે કેમ નોકરી કરો છો અને તારે જ્યાં ખીલો મારવો હોય ત્યાં મારી દેજે.

**અધિકારીઓની સૂચનાથી પોલીસમાં કરાઈ લેખિત ફરિયાદ**

આ અંગે ભોગ બનનારે જણાવ્યું હતું કે, આરોપી રજનીકભાઈ અવારનવાર પોતાના મોબાઈલ પરથી કચેરીના સત્તાવાર સી.યુ.જી. નંબર પર ફોન કરીને પણ ગાળાગાળી અને ગેરવર્તન કરતો હતો, જેનું ઓડિયો રેકોર્ડિંગ પણ પોલીસને સોંપવામાં આવ્યું છે. આ સમગ્ર આકસ્મિક બનાવ અંગે કચેરીના જુનિયર એન્જિનિયર એ.પી. બુસા અને ડેપ્યુટી એન્જિનિયર ગઢવી સાહેબને જાણ કરાતા, ઉચ્ચ અધિકારીઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ લાઈન ઈન્સ્પેક્ટર જેતપુર સીટી પોલીસ મથકે પહોંચ્યા હતા. પોલીસે લાઈન ઈન્સ્પેક્ટરની ફરિયાદના આધારે આરોપી રજનીકભાઈ ગીણોયા સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૯૬(બી) અને ૩૫૧(૨) મુજબ ગુનો નોંધી હેડ કોન્સ્ટેબલ રાણા ભોજાભાઈ વકાતરને આગળની કાયદેસરની તપાસ સોંપી છે.

# સાગઠીયા સસ્પેન્શન સમયમાં જ વયનિવૃત,નિવૃતિ લાભો અટક્યા



રાજકોટ: રાજકોટમાં તા.૨૫-૫-૨૦૨૪ના અત્યંત દર્દનાક ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડના આરોપી તત્કાલીન મનપાના ચીફ ટાઉન પ્લાનીગ ઓફિસર એમ.ડી. સાગઠીયાની ધરપકડ થઈ હતી અને બાદમાં તેમને ફરજમોકુફ કરાયા હતા. સસ્પેન્સન હાલ જારી છે ત્યારે ગત તા.૩૦ જૂનના તે વયનિવૃત થયાનું પરંતુ, તેની સામેના કેસો ધ્યાને લઈને હાલ નિવૃતિના હક્ક-હિસ્સા અટકાવાયા હોવાનું મનપા સૂત્રોએ આજે જાણાવ્યું હતું.

ટી.પી.ઓ. તેમજ એ.ટી.પી. આ અગ્નિકાંડમાં જેલહવાલે થયા હતા અને બાદ જામીનમુક્ત થયા છે. મ્યુનિ.કમિશનર ટી.પી.વિભાગમાં એ.ટી.પી.ની ભરતી કરવાને બદલે ઝોનવાઈઝ ૩ ટાઉનપ્લાનરની ભરતી કરી હતી. તેમજ આર.ડી.પરમારને સાગઠીયાની જગ્યાએ ઈન્ચાર્જ ટી.પી.ઓ. બનાવાયા છે. પરંતુ, અગ્નિકાંડ પૂર્વે દબાણ હટાવ સહિતની જે કામગીરી થતી તે કામગીરી પણ નવી વ્યવસ્થામાં મંદ પડવા સાથે શંકાસ્પદ વહીવટ સામે સવાલો પણ ઉઠયા છે. હવે ટી.પી.ઓ.ની જગ્યા સત્તાવાર ખાલી પડી છે ત્યારે તે જગ્યા પર મનપા નવી ભરતી કરી શકે છે.દરમિયાન, અગ્નિકાંડમાં ચીફ ફાયર ઓફિસર અને ડેપ્યુટી અધિકારી પણ આરોપી તરીકે જેલવાસ દરમિયાન સસ્પેન્ડ થયેલા હોય બે વર્ષથી તત્કાલીન ક્લાસ-૩ના કર્મચારી સ્ટેશન ઓફિસર તરીકે ફરજ બજાવતા અમિત દવેને ઈન્ચાર્જ ફાયર ઓફિસરનો ચાર્જ સોંપી દેવાયો છે જેમણે પોતે અગાઉ રાજીનામુ આપ્યું છે. હવે બે વર્ષ બાદ મ્યુનિ.કમિશનરે તાજેતરમાં ફાયર ઓફિસરની ભરતી માટે પ્રક્રિયા હાથ ધરી હતી જેમાં ૧૨ ઉમેદવારો હાજર રહ્યા હતા. ટૂંક સમયમાં નામ પસંદ કરીને આ અંગે દરખાસ્ત કરાશે તેમ જાણવા મળ્યું છે. ઉલ્લેખનીય છે કે મહાપાલિકામાં ગાર્ડન ડાયરેક્ટર, આઈ.ટી.ડાયરેક્ટર જેવી મહત્વની જગ્યાઓ પણ ખાલી છે.

# જેતપુરના મંડલીકપુરમાં તસ્કરોનો ત્રાટક્યા: બંધ મકાનમાંથી રૂ.૧.૫૦ લાખની રોકડ ચોરાઈ

જેતપુર:રાજકોટ ગ્રામ્ય જિલ્લાના જેતપુર તાલુકા પોલીસ મથકની હદમાં આવતા મંડલીકપુર ગામમાં તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવી ધોળા દિવસે કે રાત્રિ દરમિયાન રૂ. ૧,૫૦,૦૦૦ ની રોકડ રકમની ચોરી કરી ગયાની ઘટના સામે આવતા ચકચાર મચી ગઈ છે. પરિવારના સભ્યો રાજસ્થાન નાથદ્વારા દર્શનાર્થે ગયા હતા, તે દરમિયાન બંધ મકાન જોઈ તસ્કરો તાળા તોડી અંદર ઘૂસ્યા હતા અને માળિયા પર રાખેલી સૂટકેસમાંથી રોકડ રકમ ચોરી કરી નાસી છૂટ્યા હતા. આ મામલે જેતપુર તાલુકા પોલીસે મકાનમાલિકની ફરિયાદ પરથી અજાણ્યા ચોર ઈસમ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર, મંડલીકપુર ગામમાં રહેતા અને ધોરાજી રોડ પર આવેલ જયશ્રી સાડીના કારખાનામાં મજૂરી કામ કરતા ૫૦ વર્ષીય હરેશભાઇ કાનજીભાઇ રાદડીયાએ જેતપુર તાલુકા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ચોર વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે.

બનાવની વિગત એવી છે કે, ગત તા. ૧૧ જૂનના રોજ બપોરના દોઢેક વાગ્યાની આસપાસ ફરિયાદી હરેશભાઇ, તેમના પિતા કાનજીભાઇ, મોટા બાપુજીના દીકરા પ્રવિણભાઇ અને તેમના મિત્ર મનોજભાઇ ભીમજીભાઇ ટીલાળા એમ ચારેય જણા રાજસ્થાન મુકામે નાથદ્વારા દર્શન કરવા માટે નીકળ્યા હતા. ત્યાંથી દર્શન કરીને ગત તા. ૧૪ જૂનના રોજ સવારે છ વાગ્યે જ્યારે તેઓ મંડલીકપુર પોતાના ઘરે પરત આવ્યા અને ડેલાનો દરવાજો ખોલીને અંદર જોયું ત્યારે ઘરના તમામ સભ્યો ચોંકી ઉઠ્યા હતા.ઘરની અંદર ઓસરીની જાળીમાં મારેલું તાળું અને નકુચો તૂટેલી હાલતમાં જોવા મળ્યા હતા. એટલું જ નહી, અંદરના બંને રૂમના દરવાજાના તાળા પણ તૂટેલા હતા. ફરિયાદીના ભાઈ ભાવેશભાઈના રૂમમાં રાખેલા કબાટનો અંદરનો લોક તોડીને તસ્કરોએ સામાન વેરવિખેર કરી નાખ્યો હતો, જ્યારે હરેશભાઈના રૂમનો સામાન પણ અસ્તવ્યસ્ત પડેલો હતો. પ્રાથમિક નજરે કબાટમાંથી કોઈ રોકડ કે કિંમતી ચીજવસ્તુઓ ચોરાઈ ન હોવાનું જણાતા ભાઈ ભાવેશભાઈને ફોન પર આ બનાવ અંગે જાણ કરવામાં આવી હતી.

ફરિયાદીના નાના ભાઈ ભાવેશભાઈ, જે અંકલેશ્વર ખાતે કારખાનામાં કામ કરે છે, તેમણે હરેશભાઈને જણાવ્યું કે પોતે કારખાનામાંથી મળેલું બોનસ ઘરના રૂમમાં કાંધી (માળિયા) ઉપર રાખેલી સૂટકેસમાં રાખતો હતો અને તેમાં આશરે દોઢ લાખ રૂપિયા રોકડા પડેલા હતા. આ સાંભળીને હરેશભાઈએ માળિયા પર રાખેલી સૂટકેસ તપાસતા તેમાંથી ૧,૫૦,૦૦૦ ની રોકડ રકમ ગાયબ જોવા મળી હતી. ભાઈ ભાવેશભાઈ દ્વારા રકમ અંગેની સ્પષ્ટતા મોડી કરાતા આ મામલે આજે વિધિવત રીતે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

હાલ જેતપુર તાલુકા પોલીસે ભારતીય ન્યાય સંહિતા ની કલમ ૩૦૫(એ), ૩૩૧(૩) અને ૩૩૧(૪) મુજબ ઘરફોડ ચોરીનો ગુનો નોંધીને હેડ કોન્સ્ટેબલ મનસુખભાઈ કેશાભાઈ રંગપરાને તપાસ સોંપી તસ્કરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# દાદા સાથે સ્કૂટર પર સ્કૂલે જતાં ધો.૧૦ના વિદ્યાર્થીને સીટ નીચેથી સાપે દંશ માર્યો

રાજકોટ:ચોમાસાની ઋતુની શરૂઆત થતાં જ રાજકોટ શહેર અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ઝેરી સરીસૃપો અને જીવજંતુઓના ડંશ મારવાના બનાવ વધી ગયા છે. રાજકોટ અને નજીકના વિસ્તારોમાં સાપ કરડવાના ત્રણ અલગ-અલગ બનાવો સામે આવ્યા છે, જેમાં એક માસૂમ વિદ્યાર્થી સહિત ત્રણ લોકોને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

જાણવા મળતી વિગત મુજબ, રાજકોટના રૈયાધાર વિસ્તારમાં આવેલા બંસીધર પાર્કમાં રહેતો અને ધોરણ ૧૦માં અભ્યાસ કરતા જેનિસ જીતેન્દ્રભાઈ ટાંક (ઉં.વ.૧૫) અને ધો.૭માં અભ્યાસ કરતા તેનો નાનો ભાઈ ધ્રુવ (ઉં.વ.૧૧) બંને ભાઈઓ તેમના દાદા દેવજીભાઈ સાથે એક્ટિવા પર બેસીને સ્કૂલે જઈ રહ્યા હતા.

દાદાએ પહેલા નાના ભાઈ ધ્રુવને તેની સ્કૂલે ઉતાર્યો હતો. ત્યારબાદ તેઓ જેનિસને એસ.કે. ચોકમાં આવેલી દર્શન સ્કૂલે મૂકવા જઈ રહ્યા હતા, ત્યારે એક્ટિવાની સીટની પાછળ છુપાઈને બેઠેલો સાપ અચાનક બહાર નીકળ્યો હતો. ચાલુ વાહને સાપે જેનીસને જમણા હાથે દંશ મારી દીધો હતો. ઘટનાને પગલે ગભરાયેલા પરિવારે જેનિસને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો, જ્યાં તબીબો દ્વારા તેની સારવાર શરૂ કરવામાં આવી છે.

બીજો બનાવ રાજકોટના પરસાણાનગર વિસ્તારમાં પ્રકાશમાં આવ્યો છે. મોચી બજારમાં રહેતા ધનવંતીબેન જગદીશભાઈ ધામેચા (ઉં.વ.૬૦) નામના વૃદ્ધા પરસાણાનગરમાં રહેતી પોતાની દીકરી ચંદાબેનના ઘરે થોડા દિવસ માટે રોકાવા આવ્યા હતા. ચોમાસાના ભેજવાળા અને ચિંતાજનક વાતાવરણને કારણે એક સાપ ઘરમાં ઘૂસી ગયો હતો. ઘરના કામ દરમિયાન ધનવંતીબેનને સાપે દંશ મારી દેતાં તેમને પણ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

જ્યારે ત્રીજી ઘટના રાજકોટ નજીક આવેલા રાજસમઢિયાળા ગામે બની હોવાનું સામે આવ્યું છે. જેમાં રાજસમઢિયાળા ગામે રહેતા સંજયભાઈ દુદલીભાઈ રાજભર(ઉ.વ.૪૮) સવારે સાઈટ પર હતા ત્યારે સાપે દંશ મારતા સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા છે.

# કાથરોટામાં વાડીની પાણીની કુંડીમાં ડૂબી જતાં ૪ વર્ષના માસૂમનું મોત

રાજકોટ:બીજી તરફ કાથરોટા ગામ નજીક વાડી વિસ્તારમાં એક માસૂમ બાળકનું પાણીની કુંડીમાં ડૂબી જવાથી કરૂણ મોત નીપજ્યું છે. મૂળ મધ્ય પ્રદેશના અને હાલ અહીં મજૂરી કામ કરતા કૈલાશભાઈ વસુમિયાનો ચાર વર્ષનો પુત્ર આકાશ ખેતરમાં રમી રહ્યો હતો. રમતા-રમતા તે અચાનક પાણી ભરેલી કુંડીમાં ખાબક્યો હતો. બાળક ન દેખાતા પરિવારજનોએ શોધખોળ કરી ત્યારે પિતાની નજર કુંડી પર પડી હતી. આકાશને તાત્કાલિક બહાર કાઢી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. બે ભાઈઓમાં મોટો એવો આકાશ ગુમાવતા શ્રમિક પરિવારમાં ભારે શોક વ્યાપી ગયો છે. આજીડેમ પોલીસે આ અંગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# લોધિકાના વડવાજડીમાં ખનીજચોરો પર ગ્રામ્ય પોલીસ ત્રાટકી

## મેટોડા પાસે 'ઓમ કોંક્રીટ'માં રોયલ્ટી વિના કપચીનો કારોબાર: રૂ.૩૪ લાખનો માલ જપ્ત

રાજકોટ:રાજકોટ મેટોડા જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના લોધિકા તાલુકાના વડવાજડી ગામે વાગુદળ રોડ પર આવેલા 'ઓમ કોંક્રીટ' નામની પેઢી દ્વારા રોયલ્ટી વગર રેતી-કપચીનો વેપાર કરાતો હોવાની બાતમીના આધારે રાજકોટ રૂરલ એસઓજીએ ખાણ ખનીજ વિભાગના અધિકારીઓને સાથે રાખીને દરોડો પાડ્યો હતો અને રૂ.૩૪ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

રાજકોટ રૂરલ એસ.ઓ.જી.નો સ્ટાફ મેટોડા જી.આઈ.ડી.સી. વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન સ્ટાફને મેટોડાના ઓમ કોંક્રીટ દ્વારા રોયલ્ટી ચોરી કરાતી હોવાની બાતમી મળી હતી.

જેના આધારે એસઓજીની ટીમે દરોડો પાડ્યો હતો અને દરોડા દરમિયાન ઘટનાસ્થળેથી રૂ.૩૦ લાખનું એક ટાટા મોટર્સ કંપનીનું સિગ્ના ડમ્પર નંબર GJ 03 BZ 7101, રૂ.૨ લાખની ડમ્પરમાં ભરેલી ૪૦ ટન બ્લેક ટ્રેપ કપચી, રૂ.૧ લાખની આશરે ૧૦૦ ટન સંગ્રહિત રેતી અને રૂ.૧ લાખની આશરે ૧૫૦ ટન સંગ્રહિત કપચી મળી કુલ રૂ.૩૪ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

આ તમામ વાહનો અને જથ્થો ખાણ ખનીજ વિભાગના માઈન સુપરવાઈઝર પૂજનભાઈ પટેલ અને સર્વેયર જી.વી. ચૌહાણને દંડકીય કાર્યવાહી માટે સોંપવામાં આવ્યા છે.

# રાજ સમઢીયાળા ગામે એકલવાયું જીવન જીવતી ઝારખંડની મહિલાનો આપઘાત

રાજકોટ:રાજકોટ નજીક આવેલા રાજ સમઢીયાળા ગામે એક શ્રમિક મહિલાએ ગળાફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું હોવાની ઘટના સામે આવી છે. મૂળ ઝારખંડની વતની અને છેલ્લા ૮ મહિનાથી રાજ સમઢીયાળાની ઈજીન કંપનીમાં કામ કરતી દુલદબેન મીસ્ત્રી કીમ્ફ દેસદા (ઉ.વ. ૩૩) નામની મહિલાએ પોતાના રૂમમાં લોખંડના એંગલ સાથે ચુંદડી બાંધી આત્મહત્યા કરી લીધી હતી. ઘટનાની જાણ થતાં જ આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસ મુજબ, મૃતક મહિલાના અગાઉ છૂટાછેડા થઈ ગયા હતા અને તે અહીં એકલવાયું જીવન જીવતી હોવાથી આ પગલું ભર્યું હોવાનું અનુમાન છે.